सत्यमेव जयते

**ગુજરાત રાજ્ય**

# ૨૦૧૧-૧૨ ના વર્ષ માટેનો

# મહાનગરપાલિકા ઓડિટ અહેવાલ

**નિરીક્ષક,**
**સ્થાનિક ભંડોળ હિસાબ,**

**બ્લોક નં.૧૭, ડો.જીવરાજ મહેતા ભવન,**

**ગુજરાત રાજ્ય, ગાંધીનગર–૩૮૨૦૧૦**

રાજયની મહાનગર પાલિકાઓનો વર્ષ ૨૦૧૧-૧૨ માટેનો ઓડિટ અહેવાલ

## પ્રસ્તાવના

રાજ્ય સરકારશ્રીના તા. ૦૪/૦૫/૨૦૧૧ ના રાજયપત્ર (અસાધારણ) માં પ્રસિધ્ધ થયેલા વર્ષ : ૨૦૧૧ ના ગુજરાત અધિનિયમ ક્રમાંક-૨૧ મુજબ માં જણાવ્યા મુજબ, ગુજરાત પ્રોવિન્સિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમની કલમ-૧૦૮(ક) માં દાખલ કરેલ પેટા કલમ (૧) મુજબ મ્યુનિસિપલ કોર્પોરેશનના હિસાબોનું ઓડીટ ગુજરાત સ્થાનિક ફંડ ઓડીટ અધિનિયમ, ૧૯૬૩ની જોગવાઇઓ હેઠળ કરવાની તથા પેટાકલમ (૨) થી મહાનગરપાલિકાના ઓડિટ પરના ટેકનીકલ માર્ગદર્શન અને દેખરેખ પરના કામગીરી ભારતના કોમ્પટ્રોલર અને ઓડિટર જનરલને સુપરત કરેલ છે. જે અન્વયે ગુજરાત સ્થાનિક ફંડ ઓડિટ અધિનિયમ-૧૯૬૩ હેઠળ ઓડિટ અહેવાલ રાજ્ય વિધાનસભા સમક્ષ અહેવાલ રજુ કરવાની જોગવાઇ કરવામાં આવેલ છે.

નાણા વિભાગના તા. ૨૩/૧૨/૨૦૧૧ના ઠરાવથી વર્ષ ૨૦૧૦-૧૧થી રાજયની તમામ મહાનગરપાલિકાઓના હિસાબોની તપાસણી ગુજરાત સ્થાનિક ફંડ ઓડિટ અધિનિયમ-૧૯૬૩ ની જોગવાઈ મુજબ નિરીક્ષક, સ્થાનિક ભંડોળ હિસાબ, ગુજરાત રાજય ગાંધીનગરને સુપરત કરવામાં આવેલ છે. જે અન્વયે અત્રેની કચેરીની વિભાગીય નાયબ નિરીક્ષકશ્રીઓની કચેરી તેમજ જિલ્લા સહાયક નિરીક્ષકશ્રીની કચેરીઓ મારફત રાજયની ૮ (આઠ) પૈકી ૭ (સાત) મહાનગરપાલિકાઓનુ સને. ૨૦૧૧-૧૨ ના વર્ષનુ ઓડિટ પૂર્ણ કરવામાં આવેલ છે. ઉક્ત ઓડીટ દરમ્યાન ધ્યાને આવેલ મહત્વના અવલોકનો સમાવતો વિધાનસભામાં રજુ કરવાનો અહેવાલ નિરીક્ષક, સ્થાનિક ભંડોળ હિસાબ દ્વારા તૈયાર કરવામાં આવેલ છે.

ગુજરાત પ્રોવિન્સિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ મુજબ મહાનગરપાલિકાઓને સોપાયેલી ફરજો અને કાર્યો. જેવા કે જાહેર બાંધકામ, શિક્ષણ સુવિધા, જાહેર આરોગ્ય તથા સફાઈ, વિકાસ, નગર આયોજન, વહીવટ, ગરીબ તથા નબળા વર્ગો માટે આવાસ, આરોગ્ય વિગેરે સુવિધાઓ, પાણી પુરવઠા, જાહેર સલામતી, દીવાબતી, ગટર વ્યવસ્થા, રસ્તાઓ બનાવવા તથા નિભાવવા, ચેપી રોગ નિયંત્રણ, બાગ બગીચા તથા જાહેર શિક્ષણ તથા મનોરંજન વિગેરે બાબતોએ કરવામાં આવતી નાગરીક સુવિધાની તેમજ મળવાપાત્ર વેરાઓની ફી દંડ મિલ્કતોથી ભાડા વિગેરેની ઉપજો-આવકો તેમજ રાજય સરકારશ્રી માંથી મળતી વિવિધ ગ્રાન્ટ તેમજ તેના સંબંધિત હેતુ મુજબ ઉપયોગ વિગેરે સંબંધે ધ્યાને આવેલ ઓડિટ અવલોકનો આ અહેવાલમાં દર્શાવેલ છે.

સદરહું અહેવાલ તૈયાર કરતા પહેલા જે તે ઓડિટ ફકરાઓની નકલ શહેરી વિકાસ અને શહેરી ગ્રુહ નિર્માણ વિભાગ, સચિવાલય ના ઠરાવ ક્રમાંક: મનઅ-૮૦૨૦૧૫-૨૮૧૧-પી તા.૩૧/૦૭/૨૦૧૫માં જણાવ્યા મુજબ સંબંધિત મહાનગરપાલિકા મા મ્યુનિસિપલ કમિશનરશ્રી, સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગ્રુહ નિર્માણ વિભાગ, સચિવાલય, (વહિવટી વિભાગ) ગાંધીનગરને સમય મર્યાદામાં પૂર્તતા કરવા જણાવવામાં આવેલ અને તે સંદર્ભે મળેલ જવાબો/પૂર્તતા અને વિગતોને લક્ષમાં લઈ જે તે બાબતે પ્રવર્તતી છેવટેની સ્થિતી દર્શાવવા કાળજી લઈને આ અહેવાલ તૈયાર કરવામાં આવેલ છે.

(વિનોદ ગુપ્તા)

નિરીક્ષક
સ્થાનિક ભંડોળ હિસાબ
ગુજરાત રાજય ગાંધીનગર.

સ્થળ: ગાંધીનગર
તા. ૨૨/૦૨/૨૦૧૮

| | | |
|---|---|---|
| | પ્રકરણ ૪ : રાજકોટ મહાનગરપાલિકા | |
| ૪.૧ | એ.સી.પ્રેસર પાઇપની ખરીદીમાં મળવાપાત્ર એકસાઇઝ ડયુટી મુક્તિનો લાભ નહી મેળવવા બાબત (ફકરા નં.૧૩) | ૧૯૮ |
| ૪.૨ | વોટર વર્કસ સ્ટોરના હિસાબો નહિ નિભાવવા બાબત (ફકરા નં.૨૦) | ૨૦૧ |
| ૪.૩ | વેકેન્સી એલાઉન્સના ચુકવણાની અનિયમિતતા બાબત (ફકરા નં.૨૬) | ૨૦૨ |
| ૪.૪ | મિલકત વેરાની આકારણીની અનિયમિતતા (ફકરા નં.૨૭) | ૨૦૪ |

| | | |
|---|---|---|
| ૪.૫ | શિક્ષણઉપકર ની સહાયક ગ્રાન્ટ ની મેળવવાની બાકી રકમ તથા મળેલ ગ્રાન્ટ ના ઉપયોગ બાબત (ફકરા નં.૪૨) | ૨૦૭ |
| ૪.૬ | વોર્ડ નં.૧૪ માં ચંદ્રેશનગર પમ્પીંગ સ્ટેશનથી ૧૫૦ રીંગ રોડ સુધી ૬૧૦ એમ.એમ.એમ.એસ. ટ્રાન્સમીશન મેઇન લાઇન નાખવાના કામની અનિયમિતતા બાબત (ફકરા નં.૫૩) | ૨૦૯ |
| ૪.૭ | ઘન કચરાના નિકાલ તથા લેન્ડ ફીલ સાઇટ બનાવવા માટે હેઝર બાયોટેકને અપાયેલ કામની અનિયમિતતા બાબત (ફકરા નં.૭૩) | ૨૧૩ |
| ૪.૮ | પુર્વ ઝોન કચેરી તથા પશિમઝોન કચેરી માં પાવર સોલાર ગ્રીડ કનેકટ સીસ્ટમ ઇંસ્ટોલેશન તથા નિભાવ મરામત નાં કામ અંગે જણાયેલ અનિયમિતતા (ફકરા નં.૯૩) | ૨૧૫ |
| ૪.૯ | મકાન વપરાશ પ્રમાણપત્ર નહી લેવાયેલ કિસ્સાઓમાં લેબરશેષની રકમ વસુલ નહી લેવા બાબત (ફકરા નં.૯૪) | ૨૧૮ |
| ૪.૧૦ | સેન્ટ્રલ ઝોન હસ્તકના વોર્ડોમાં ડ્રમ મીકસ પ્લાન્ટ તથા મીકેનીકલ પેવર ફીનીશરથી કાર્પેટ / રીકાર્પેટ કરવાના કામની અનિયમિતતા બાબત (ફકરા નં.૧૧૧) | ૨૩૯ |
| ૪.૧૧ | પશ્ચિમ ઝોન હસ્તકનાં વોર્ડ નં ૧, ૨, ૧૧, ૧૨, ઝોન W1માં રસ્તાઓમાં ડામર કાર્પેટ/રીકાર્પેટના કામમાં જણાયેલ અનિયમિતતા અંગે (ફકરા નં.૧૧૭) | ૨૫૩ |
| ૪.૧૨ | ગેસપાઇપલાઇન/ ટેલિફોનના ઓ.એફ.સી. કેબલ નાખવાની કામગીરીમાં જે તે એજન્સી પાસેથી રિસ્ટોરેશન ચાર્જ તથા વાર્ષિકભાડાની બાકી વસુલાત અંગે (ફકરા નં.૧૩૦) | ૨૫૭ |
| ૪.૧૩ | રાજકોટ અન્ડર ગ્રાઉન્ડ સુએજ પ્રોજેકટ ફેઇઝ-૨ પાર્ટ-૧ અંતર્ગત ઝોન-એફ માં સુએજ કલેકટીવ સીસ્ટમ નાખવાની કામગીરીની અનિયમિતતા બાબત (ફકરા નં.૧૩૬) | ૨૬૧ |
| ૪.૧૪ | વોર્ડ નં.૧૧ ડ્રેનેજ ફેઇઝ-૩ પાર્ટ-૨ ના કામો પૈકી ઝોન-૪ માં કલેકટીવ સીસ્ટમ સહીતની ડ્રેનેજ લાઇન નાખવાના કામની અનિયમિતતા બાબત (ફકરા નં.૧૪૧) | ૨૬૩ |
| ૪.૧૫ | વોર્ડ નં.૧૩ ડ્રેનેજ ફેઇઝ-૩ પાર્ટ-૨ ના કામો પૈકી ઝોન-૩ બી માં કલેકટીવ સીસ્ટમ તથા હાઉસ કલેકશન ચેમ્બર નાખવાના કામ બાબત (ફકરા નં.૧૪૨) | ૨૬૮ |
| ૪.૧૬ | મહાનગરપાલીકા સંચાલીત ગ્રાન્ટ ઇન એઇડ શાળા શ્રી પી. એન્ડ ટી. વી. શેઠ હાઇસ્કુલ દ્વારા ઉઘરાવેલ ફી ની રકમ મ્યુનિસિપલ ફંડમાં જમા નહિ કરાવી ઉચાપત કરવા બાબત(ફકરા નં.૧૪૬) | ૨૭૧ |
| ૪.૧૭ | સેન્ટ્રલ લાઇટીંગ પોલ પર કિઓસ્ક દ્વારા જાહેરાત અંગેના કામની અનિયમિતતા (ફકરા નં.૧૬૦) | ૨૭૪ |
| ૪.૧૮ | અન્વેષણ દરમ્યાન મહાનગરપાલિકાની જુદી-જુદી શાખાઓ પાસેથી માંગવામાં આવેલ માહિતી તેમજ રેકર્ડ પુરૂ નહી પાડવા બાબત (ફકરા નં.૧૮૧) | ૨૭૫ |
| ૪.૧૯ | અન્વેષણમાં વાઉચરો રજુ નહિ થવા અંગે (ફકરા નં.૧૮૨) | ૨૭૬ |

| પ્રકરણ ૪ : રાજકોટ મહાનગરપાલિકા | |
|---|---|
| ક્રમ નં. | ફકરાની વિગત |
| ૪.૧ | એ.સી.પ્રેસર પાઇપની ખરીદીમાં મળવાપાત્ર એકસાઇઝ ડયુટી મુક્તિનો લાભ નહી મેળવવા બાબત (ફકરા નં.૧૩) |
| ૪.૨ | વોટર વર્કસ સ્ટોરના હિસાબો નહિ નિભાવવા બાબત (ફકરા નં.૨૦) |
| ૪.૩ | વેકેન્સી એલાઉન્સના ચુકવણાની અનિયમિતતા બાબત (ફકરા નં.૨૬) |
| ૪.૪ | મિલકત વેરાની આકારણીની અનિયમિતતા (ફકરા નં.૨૭) |
| ૪.૫ | શિક્ષણઉપકર ની સહાયક ગ્રાન્ટ ની મેળવવાની બાકી રકમ તથા મળેલ ગ્રાન્ટ ના ઉપયોગ બાબત (ફકરા નં.૪૨) |
| ૪.૬ | વોર્ડ નં.૧૪ માં ચંદ્રેશનગર પમ્પીંગ સ્ટેશનથી ૧૫૦ રીંગ રોડ સુધી ૬૧૦ એમ.એમ.એમ.એસ. ટ્રાન્સમીશન મેઇન લાઇન નાખવાના કામની અનિયમિતતા બાબત (ફકરા નં.૫૩) |
| ૪.૭ | ઘન કચરાના નિકાલ તથા લેન્ડ ફીલ સાઇટ બનાવવા માટે હેઝર બાયોટેકને અપાયેલ કામની અનિયમિતતા બાબત (ફકરા નં.૭૩) |
| ૪.૮ | પૂર્વ ઝોન કચેરી તથા પશ્ચિમઝોન કચેરીમાં પાવર સોલાર ગ્રીડ કનેકટ સીસ્ટમ ઇંસ્ટોલેશન તથા નિભાવ મરામત નાં કામ અંગે જણાયેલ અનિયમિતતા (ફકરા નં.૯૩) |
| ૪.૯ | મકાન વપરાશ પ્રમાણપત્ર નહી લેવાયેલ કિસ્સાઓમાં લેબરશેષની રકમ વસુલ નહી લેવા બાબત (ફકરા નં.૯૪) |
| ૪.૧૦ | સેન્ટ્રલ ઝોન હસ્તકના વોર્ડોમાં ડ્રમ મીકસ પ્લાન્ટ તથા મીકેનીકલ પેવર ફીનીશરથી કાર્પેટ / રીકાર્પેટ કરવાના કામની અનિયમિતતા બાબત (ફકરા નં.૧૧૧) |
| ૪.૧૧ | પશ્ચિમ ઝોન હસ્તકનાં વોર્ડ નં ૧, ૨, ૧૧, ૧૨, ઝોન W1માં રસ્તાઓમાં ડામર કાર્પેટ/રીકાર્પેટના કામમાં જણાયેલ અનિયમિતતા અંગે (ફકરા નં.૧૧૭) |
| ૪.૧૨ | ગેસપાઇપલાઇન/ ટેલિફોનના ઓ.એફ.સી. કેબલ નાખવાની કામગીરીમાં જે તે એજન્સી પાસેથી રિસ્ટોરેશન ચાર્જ તથા વાર્ષિકભાડાની બાકી વસુલાત અંગે (ફકરા નં.૧૩૦) |
| ૪.૧૩ | રાજકોટ અન્ડર ગ્રાઉન્ડ સુએજ પ્રોજેકટ ફેઇઝ-૨ પાર્ટ-૧ અંતર્ગત ઝોન-એફ માં સુએજ કલેકટીવ સીસ્ટમ નાખવાની કામગીરીની અનિયમિતતા બાબત (ફકરા નં.૧૩૬) |
| ૪.૧૪ | વોર્ડ નં.૧૧ ડ્રેનેજ ફેઇઝ-૩ પાર્ટ-૨ ના કામો પૈકી ઝોન-૪ માં કલેકટીવ સીસ્ટમ સહીતની ડ્રેનેજ લાઇન નાખવાના કામની અનિયમિતતા બાબત (ફકરા નં.૧૪૧) |
| ૪.૧૫ | વોર્ડ નં.૧૩ ડ્રેનેજ ફેઇઝ-૩ પાર્ટ-૨ ના કામો પૈકી ઝોન-૩ બી માં કલેકટીવ સીસ્ટમ તથા હાઉસ કલેકશન ચેમ્બર નાખવાના કામ બાબત (ફકરા નં.૧૪૨) |
| ૪.૧૬ | મહાનગરપાલીકા સંચાલીત ગ્રાન્ટ ઇન એઇડ શાળા શ્રી પી. એન્ડ ટી. વી. શેઠ હાઇસ્કુલ દ્વારા ઉઘરાવેલ ફી ની રકમ મ્યુનિસિપલ ફંડમાં જમા નહિ કરાવી ઉચાપત કરવા બાબત(ફકરા નં.૧૪૬) |
| ૪.૧૭ | સેન્ટ્રલ લાઇટીંગ પોલ પર કિઓસ્ક દ્વારા જાહેરાત અંગેના કામની અનિયમિતતા (ફકરા નં.૧૬૦) |
| ૪.૧૮ | અન્વેષણ દરમ્યાન મહાનગરપાલિકાની જુદી-જુદી શાખાઓ પાસેથી માંગવામાં આવેલ માહિતી તેમજ રેકર્ડ પુરૂ નહી પાડવા બાબત (ફકરા નં.૧૮૧) |
| ૪.૧૯ | અન્વેષણમાં વાઉચરો રજુ નહિ થવા અંગે (ફકરા નં.૧૮૨) |

## ૪.૧ એ.સી.પ્રેસર પાઇપની ખરીદીમાં મળવાપાત્ર એકસાઇઝ ડયુટી મુક્તિનો લાભ નહી મેળવવા બાબત (ફકરા નં.-૧૩)

(સેન્ટ્રલ સ્ટોર – એન્જી.)

સેન્ટ્રલ એકસાઇઝ નોટીફીકેશન નં.૬-૨૦૦૬ તા.૧/૩/૦૬ માં અનુક્રમ નં.૭ માં ચેપ્ટર નં.૮૪ ના ચેપ્ટર કલોઝ-૨ તથા નોટીફીકેશન નં.૬/૨૦૭ તા.૧/૩/૦૭ થી ઉકત જણાવેલ કલોઝમાં ઉમેરો કરેલ કલોઝ નં.(૩) તથા નોટીફીકેશન નં.૨૬/૨૦૦૯ તા.૪/૧૨/૦૯ થી ઉપર મુજબની કલોઝ નં.૩ માં સુધારો કર્યા મુજબ પાણીના સોર્સથી પ્લાન્ટ તથા પ્લાન્ટથી સ્ટોરેજ પોઇન્ટ સુધી પાણી પુરવઠાના કામે વપરાશમાં લેવામાં આવતા ૧૦ એમ.એમ. થી વધુના આઉટર ડાયામીટરના એ.સી. પ્રેસર પાઇપની ખરીદી પર એકસાઇઝ ડયુટી મુક્તિનો લાભ મળવાપાત્ર થાય છે.

રાજકોટ મહાનગરપાલીકાના સને ૨૦૧૧-૧૨ ના સેન્ટ્રલ સ્ટોર(એન્જી.) શાખાના ઓડીટમાં વોટર વર્કસના કામે ઓડીટ વર્ષમાં ખરીદી કરેલ એ.સી. પ્રેસર પાઇપની ખરીદીની ફાઇલો, માપપોથીઓની ચકાસણી કરતા સંસ્થાએ વર્કઓર્ડર નં.એસી-૦૧-૨૦૧૧-૧૨ તા.૨૧/૫/૧૧ થી ૧૮૦૦૦ રનીંગ મીટરના ૧૦૦ એમ.એમ. એ.સી. પ્રેસર પાઇપના બીલ નં.૧૩૮૨૬ તા.૨૯/૯/૧૧ રૂા.૩૧,૯૯,૧૪૦/- થી કમિશ્નરશ્રી, રાજકોટ મહાનગરપાલીકા તથા કલેકટરશ્રી, રાજકોટ જિલ્લાની સંયુકત સહી વાળુ એકસાઇઝ ડયુટી મુક્તિ પ્રમાણપત્ર (ERC) મેળવી ખરીદી કરી રૂા.૩,૨૦,૨૨૦/- ની એકસાઇઝ ડયુટી મુક્તિનો લાભ મેળવેલ હતા.

ઉકત કેસને બાદ કરતા ઓડીટ વર્ષમાં પરિશિષ્ટ નં.-૫ ની વિગતે કરેલ તમામ એ.સી. પ્રેસર પાઇપની ખરીદી કરતા વખતે ઉપર મુજબની વિગતે એકસાઇઝ ડયુટી મુક્તિ પ્રમાણપત્ર મેળવ્યા વગર ખરીદી કરી પરિશિષ્ટ નં.-૫ ના કોલમ નં.૮ મુજબ મહાનગરપાલીકાને કુલ રૂા.૧૫,૫૧,૪૨૭/- નુ નુકશાન થયેલ છે.

વિધાનસભા અહેવાલનો સુચિત ફકરો તા.૩૧/૦૭/૨૦૧૭ના રોજ અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, કમિશ્નરશ્રી, મહાનગરપાલિકા રાજકોટને રવાના કરવામાં આવેલ હતો જેનો જવાબ તા.૨૦/૨/૨૦૧૮ના રોજ સુધી મળેલ નથી.

## પરિશિષ્ટ નંબર – ૪.૧

## સને ૨૦૧૧-૧૨ ના વર્ષ દરમ્યાન એકસાઇઝ ડયુટી મુક્તિનો લાભ વગર પાણી પુરવઠાના કામે ખરીદ કરેલ એ.સી. પ્રેસર પાઇપની વિગત

| ક્રમ | વર્કઓર્ડર નંબર / તારીખ | પાઇપની વિગત | પાઇપનો ખરીદ કરેલ જથ્થો (મી.) | એકસાઇઝ ડયુટી સાથેનો ભાવ | એકસાઇઝ ડયુટી વગરનો ભાવ | તફાવત રકમ | મળવાપાત્ર એકસાઇઝ ડયુટી મુક્તિની રકમ | બીલ નંબર / તારીખ | બીલમી રકમ રૂા. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૧ | **AC/00૩/૧૧-૧૨** ૧૬/૭/૧૧ | **૧૦૦ M.M.** | ૧૦૦૦૦ | ૧૯૫.૫૨ | ૧૭૭.૭૩ | ૧૭.૭૯ | ૧૭૭૯૦૦ | ૧૩૮૨૭ ૨૯/૯/૧૧ | ૧૯૯૫૨૦૦ |
| ૨ | **AC/00૨/૧૧-૧૨** ૭/૭/૧૧ | **૧૫૦ M.M.** | ૫૦૦૦ | ૨૯૭.૩૯ | ૨૭૦.૫૪ | ૨૬.૮૫ | ૧૩૪૨૫૦ | ૧૪૦૨૬ ૩/૧૦/૧૧ | ૧૪૮૬૯૫૦ |
| | | **૨૦૦ M.M.** | ૨૫૦૦ | ૬૨૫.૯૧ | ૫૬૮.૯૬ | ૫૬.૯૫ | ૧૪૨૩૭૫ | | ૧૫૬૪૭૭૫ |
| ૩ | **AC/00૫/૧૧-૧૨** ૬/૮/૧૧ | **૧૫૦ M.M.** | ૫૦૦૦ | ૨૯૭.૩૯ | ૨૭૦.૫૪ | ૨૬.૮૫ | ૧૩૪૨૫૦ | ૧૩૮૨૮ ૨૯/૯/૧૧ | ૧૪૮૬૯૫૦ |
| ૪ | **AC/00૫/૧૧-૧૨** ૨૯/૭/૧૧ | **૧૦૦ M.M.** | ૫૪૭૫ | ૧૯૫.૫૨ | ૧૭૭.૭૩ | ૧૭.૭૯ | ૯૭૪૦૦ | ૧૫૧૦૬ ૧૪/૧૦/૧૧ | ૧૦૭૦૪૭૨ |
| ૫ | **AC/00૬/૧૧-૧૨** ૩૦/૮/૧૧ | **૨૦૦ M.M.** | ૨૪૦૦ | ૬૨૫.૯૧ | ૫૬૮.૯૬ | ૫૬.૯૫ | ૧૩૬૬૮૦ | ૧૬૪૯૦ ૮/૧૧/૧૧ | ૧૫૦૨૧૮૪ |
| ૬ | **AC/00૭/૧૧-૧૨** ૧૦/૧૦/૧૧ | **૧૫૦ M.M.** | ૪૫૦૦ | ૨૯૭.૩૯ | ૨૭૦.૫૪ | ૨૬.૮૫ | ૧૨૦૮૨૫ | ૧૯૦૧૬ ૧૪/૧૨/૧૧ | ૧૩૩૮૨૫૫ |
| ૭ | **AC/00૫/૧૧-૧૨** ૨૯/૭/૧૧ | **૧૦૦ M.M.** | ૯૫૨૫ | ૧૯૫.૫૨ | ૧૭૭.૭૩ | ૧૭.૭૯ | ૧૬૯૪૫૦ | ૨૦૨૦૦ ૩૦/૧૨/૧૧ | ૧૮૬૨૩૨૮ |
| ૮ | **AC/0૧૦/૧૧-૧૨** ૫/૧/૧૨ | **૧૦૦ M.M.** | ૮૦૦૦ | ૨૦૦.૧૩ | ૧૮૨.૩૫ | ૧૭.૭૮ | ૧૪૨૨૪૦ | ૨૪૩૬૩ ૧૮/૨/૧૨ | ૧૬૦૧૦૪૦ |

| ક્રમ | વર્કઓર્ડર નંબર / તારીખ | પાઇપની વિગત | પાઇપનો ખરીદ કરેલ જથ્થો (મી.) | એકસાઇઝ ડયુટી સાથેનો ભાવ | એકસાઇઝ ડયુટી વગરનો ભાવ | તફાવત રકમ | મળવાપાત્ર એકસાઇઝ ડયુટી મુક્તિની રકમ | બીલ નંબર / તારીખ | બીલમી રકમ રૂા. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૯ | **AC/૦૧૧/૧૧-૧૨** ૫/૧/૧૨ | ૨૦૦ **M.M.** | ૧૩૦૦ | ૬૨૫.૯૧ | ૫૬૮.૯૬ | ૫૬.૯૫ | ૭૪૦૩૫ | ૨૪૩૬૭ ૧૮/૨/૧૨ | ૮૧૩૬૮૩ |
| | | ૨૫૦ **M.M.** | ૭૦૦ | ૭૯૫.૬૦ | ૭૨૩.૫૯ | ૭૨.૦૧ | ૫૦૪૦૭ | | ૫૫૬૯૨૦ |
| ૧૦ | **AC/૦૧૨/૧૧-૧૨** ૨/૩/૧૨ | ૧૫૦ **M.M.** | ૨૭૦૦ | ૨૯૭.૩૯ | ૨૭૦.૫૪ | ૨૬.૮૫ | ૭૨૪૯૫ | ૨૮૫૪૮ ૨૭/૩/૧૨ | ૮૦૨૯૫૩ |
| | | ૩૦૦ **M.M.** | ૧૦૦૦ | ૧૦૯૬.૪૧ | ૯૯૭.૨૯ | ૯૯.૧૨ | ૯૯૧૨૦ | | ૧૦૯૬૪૧૦ |
| | | | | | | | ૧૫૫૧૪૨૭ | | ૧૭૧૭૮૧૨૦ |

## ૪.૨ વોટર વર્કસ સ્ટોરના હિસાબો નહિ નિભાવવા બાબત. (ફકરા નં.-૨૦)

સેન્ટ્રલ સ્ટોર (એન્જી.)

રાજકોટ મહાનગરપાલીકાના વોટર વર્કસના કામો માટે જરૂરી આઇટમોની વાર્ષિક જરૂરીયાતને ધ્યાને લઇ ઇ-ટેન્ડર પ્રક્રિયા કરી ઉત્પાદકો / સપ્લાયરો સાથે વાર્ષિક કરાર કરી વોટર વર્કસ સ્ટોર વિભાગ વર્ષ દરમ્યાન વિપુલ જથ્થામાં ખરીદી કરી મહાનગરપાલીકાના વોટર વર્કસના કામોના કોન્ટ્રાકટરોને જે તે કામના ડેપ્યુટી એન્જીનીયરો દ્વારા રજુ કરાયેલ ઇન્ડેન્ટ મુજબનો જથ્થો ઇસ્યુ કરવામાં આવે છે. આ ઇસ્યુ કરાયેલ માલસામાનની સ્થાયી સમિતિએ મંજુર કરેલ જે તે વર્ષના એસ.ઓ.આર. મુજબની કિંમત કોન્ટ્રાકટરના ચુકવણાના ઓ.આર. મુજબની કિંમત કોન્ટ્રાકટરના ચુકવણાના બીલેથી વસુલ લેવામાં આવે છે. સને ૨૦૧૧-૧૨ ના ઓડીટ વર્ષ દરમ્યાન મહાનગરપાલીકાએ આ હિસાબી સદર હેઠળ કુલ રૂા.૪૫૩.૧૭ લાખનો ખર્ચ કરેલ હતો. તેની સામે મહાનગરપાલીકાને કુલ રૂા.૨૦૭.૮૫ લાખની આવક મળેલ હતી. વર્ષના અંતે કુલ રૂા.૨૪૫.૩૨ લાખની ઘટ થવા પામેલ હતી. જે બાબતે નીચે મુજબ ઓડીટ નોંધ આપવામાં આવે છે.

(૧) વોટર વર્કસ સ્ટોર વિભાગે જરૂરી માલસામાનની વર્ષ દરમ્યાન કરેલ ખરીદી માટે કરેલ ખર્ચ તથા વોટર વર્કસના જે તે કામે ઇસ્યુ કરેલ માલસામાનના એસ.ઓ.આર. મુજબ કામ વાઇઝ વસુલ લેવાપાત્ર રકમ તથા કોન્ટ્રાકટરોના બીલેથી વસુલ આવેલ રકમોના હિસાબો હિસાબી પધ્ધતિ મુજબ નિભાવવાના રહે છે. આવા કોઇ હિસાબો નિભાવેલ નથી.

(૨) મહાનગરપાલીકાની હિસાબી શાખા દ્વારા રજુ થયેલ સને ૨૦૧૩-૧૪ ના અંદાજપત્રમાં સને ૨૦૦૯-૧૦ થી સને ૨૦૧૧-૧૨ ના વર્ષની વોટર વર્કસ સ્ટોર એડવાન્સીઝ સદરે નીચે મુજબની ખરેખર થયેલ આવક-ખર્ચ નોંધાયેલ હતો.

| વર્ષ | ખરેખર આવક (રૂા.લાખમાં) | ખરેખર ખર્ચ (રૂા.લાખમાં) | તફાવત (રૂા.લાખમાં) |
|---|---|---|---|
| ૨૦૦૯-૧૦ | ૧૧૫.૪૭ | ૩૨૪.૨૬ | (-)૨૦૮.૭૯ |
| ૨૦૧૦-૧૧ | ૨૧૪.૮૯ | ૩૦૪.૫૬ | (-)૮૯.૬૭ |
| ૨૦૧૧-૧૨ | ૨૦૭.૮૫ | ૪૫૩.૧૭ | (-)૨૪૫.૩૨ |
| | ૫૩૮.૨૧ | ૧૦૮૧.૯૯ | (-)૫૪૩.૭૮ |

ઉકત વિગતેના ત્રણ વર્ષના વોટર વર્કસ સ્ટોર આઇટમોની ખરીદી પાછળ કરેલ ખર્ચ તથા ઇસ્યુ કરેલ માલસામાનની વસુલ લેવામાં આવેલ રકમોની સ્થિતિ જોતા ત્રણ વર્ષમાં સ્ટોર આઇટમોની ખરીદી માટે કરેલ ખર્ચ સામે ૫૦ ટકા જેટલી આવક પ્રાપ્ત થયેલ છે. તેથી અન્વેષણ વર્ષમાં ખરીદ કરેલ તમામ સ્ટોર આઇટમો સ્ટોક રજીસ્ટરે જમા લેવાયા તથા ઇસ્યુ કરેલ માલસામાનની તમામ રકમ મહાનગરપાલીકા ભંડોળે જમા થવા અંગે વોટર વર્કસ સ્ટોરના હિસાબો અદ્યતન નિભાવેલ ન હોવાથી ઓડીટ ચકાસણી શકય બનેલ ન હતી.

(૩) વોટર વર્કસના કામે જે તે કામના ડેપ્યુટી એન્જીનીયર સ્ટોરમાથી માલસામાન મેળવવા માટે ઇન્ડેન્ટ તૈયાર કરી સ્ટોર વિભાગને જે તે કામના કોન્ટ્રાકટર મારફતે મોકલવામાં આવે છે.આ ઇન્ડેન્ટ તથા ગેટપાસ કોન્ટ્રાકટર પાસેથી મેળવી ડેપ્યુટી એન્જીનીયર ચુકવણાના રનીંગ બીલો સાથે વોટર વર્કસ

શાખામાં રજુ કરે છે. આ બીલોમાં દર્શાવેલ સ્ટોર વિભાગમાંથી ઇસ્યુ કરાયેલ જથ્થાની ચકાસણી સ્ટોર વિભાગના ઇન્ચાર્જની પ્રતિ સહી મેળવવી અત્યંત જરૂરી છે. જે લેવામાં આવતી નથી. આમ, રજુ થયેલ રનીંગ બીલોમાં નોંધેલ સ્ટોર આઇટમોની ખરાઇ કર્યા સિવાય ચુકવણા કરવામાં આવે છે. કોન્ટ્રાકટરોના બીલોના ચુકવણા કરવાની વર્તમાન પધ્ધતિથી ગંભીર પ્રકારની નાણાકીય અનિયમિતતા થવાની શકયતા રહેલી છે.

(૪) નાણાકીય અનિયમિતતા નિવારવા મહાનગરપાલીકાના ચીફ ઓડીટરશ્રીના વાર્ષિક વહીવટી અહેવાલમાં ઇન્ડેન્ટ મુજબના માલસામાનની રકમ પ્રથમ હિસાબી શાખામાં ભરપાઇ કરી તેની પહોંચ ઇન્ડેન્ટ સાથે રજુ કરે ત્યાર બાદ સ્ટોરમાંથી માલસામાન ઇસ્યુ કરવાની પધ્ધતિ અપનાવવા ઓડિટ સુચન છે.

વિધાનસભા અહેવાલનો સુચિત ફકરો તા.૩૧/૦૭/૨૦૧૭ના રોજ અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, કમિશ્નરશ્રી, મહાનગરપાલિકા રાજકોટને રવાના કરવામાં આવેલ હતો જેનો જવાબ તા.૨૦/૨/૨૦૧૮ના રોજ સુધી મળેલ નથી.

**૪.૩ વેકેન્સી એલાઉન્સના ચુકવણાની અનિયમિતતા બાબત.( ફકરા નં.-૨૬)**

ગુજરાત પ્રોવીન્સીયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એકટ-૧૯૪૯ ના શિડ્યુઅલ-એ ના પ્રકરણ-૮ ના નિયમ ૫૬, ૫૭, ૫૯, ૬૧ ની જોગવાઇઓ મુજબ જે મિલકતનો ઉપયોગ થતો ન હોય અને ખાલી રહેતી હોઇ તેવી મિલકતોનો કરદાતાએ ભરેલ કરવેરા પૈકી સફાઇ કરની પુરેપુરી રકમ નિયમ-૫૬(૧) તથા મકાન વેરાની ૨/૩ ભાગની રકમ નિયમ-૫૬(૨), ફાયર ટેક્ષની ૨/૩ ભાગની રકમ નિયમ-૫૬(૨) તથા ધી ગુજરાત એજયુકેશન એકટ-૧૯૬૨ ના પ્રકરણ-૪ ના નિયમ-૨૩(૧) અન્વયે શિક્ષણ ઉપકરની ૨/૩ ભાગની રકમ રીફંડ કરવાની જોગવાઇ ઉકત અધિનિયમ હેઠળ થયેલ છે. ઉકત અધિનિયમ અંતર્ગત નીચે મુજબની તમામ શરતો પરિપુર્ણ થતી હોય તે મિલકતના ભરપાઇ કરેલ કરવેરાની રકમની નિયત થયેલ દરે વેરાની રકમ (રીફંડ) કરવાપાત્ર થાય છે.

- વેકેન્સી માટેની અરજી પ્રત્યેક હિસાબી વર્ષ માટે કરવાની રહે છે.
- આવેલ અરજીઓ ઇન્વર્ડ રજીસ્ટરે નોંધાયેલ હોવી જોઇએ.
- અરજીની તારીખથી સવાલવાળી મિલકત લાગ-લગાટ ઓછામાં ઓછું ૬૦ દિવસ જે તે હિસાબી વર્ષમાં ખાલી રહેલ હોવી જોઇએ.
- અરજી ઇન્વર્ડ થયેથી સંબંધીત કર્મચારીએ પ્રતિ માસ મિલકત ખાલી રહેલ હોવા અંગે સ્થળ તપાસ કરી તેનો તપાસણી રીપોર્ટ તપાસણી અધિકારીશ્રી સમક્ષ કરવાનો રહેશે.
- મિલકત વેરા માટે જવાબદાર અથવા તેના એજન્ટે જગ્યા ખાલી પડયાની તારીખથી લેખીતમાં નોટીસ આપવાની રહેશે અને જે તે હિસાબી વર્ષ બાદ પણ ખાલી રહેવાની હોય તો નવા હિસાબી વર્ષ શરૂ થયા બાદ ૩૦ દિવસમાં લેખીત નોટીસ આપવાની રહેશે.
- નિયમ-૫૬ ના સ્પષ્ટીકરણ-ગ મુજબ મિલકત જરૂર પડે ત્યારે ભોગવટો કરવા માટે મકાનમાં રાચ રચીલું ગોઠવીને રાખેલ અથવા અનામત રાખેલ જગ્યા માટે કરવેરાની રકમ રીફંડ મળવાપાત્ર થશે નહિ.
- સવાલવાળી મિલ્કતનો વેરો જે તે વર્ષમાં ભરપાઇ કરેલ હોવા જોઇએ.

મહાનગરપાલીકા રાજકોટના સને ૨૦૧૧-૧૨ ના ટેક્ષ શાખાના અન્વેષણમાં વેકેન્સી એલાઉન્સના રીફંડ ચુકવણાના નમુનારૂપ કિસ્સાઓની ચકાસણીમાં નીચે મુજબની અનિયમિતતાઓ ધ્યાને આવેલ છે. જે અંગે ઓડીટ નોંધ આપવામાં આવે છે.

(૧) કચેરી હુકમ નં.રામનપા-વેકે-ટેક્ષ-જા.નં.૧૧૧૪ તા.૨૫/૨/૦૯ થી વેકેન્સી એલાઉન્સ ના ચુકવણા અંગે કરવાની થતી કાર્યપધ્ધતિ નાયબ કમિશ્નરશ્રીએ નિયત કરેલ છે. જેના મુદ્દા નં.૪ ની કોઇ મિલકતના કરવેરા સંબંધી ખાસ નોટીસ સામે વાંધા અરજી થયેલ હોય અને તેમાં વેકેન્સી એલાઉન્સની માંગણી કરેલ હોય અથવા આકારણી ફાઇનલ થયા પહેલાના સમયના વેકેન્સી એલાઉન્સની માંગણીના કિસ્સામાં નિયમ-૫૭ મુજબ મિલકત વેરાની બાકી નીકળતી રકમ સંપુર્ણ ભરપાઇ કરવા તથા મિલકત ખાલી રહેવાની સમય મર્યાદામાં આપવાની થતી નોટીસ તથા દર વર્ષે વેકેન્સી એલાઉન્સની માંગણી અરજીની શરતો પરિપુર્ણ ન થતી હોય તેમ છતા નીચે જણાવેલ નમુના રૂપ કિસ્સામાં વેકેન્સી એલાઉન્સ ચુકવવામાં આવેલ છે.

(અ) મિલકત નં.૧૫-૧૨૦૮૦-૦૦૦-૦૦૦ ના માલિકશ્રી ગોપાલ મોહન પુજારા તથા નં.૧૫-૧૨૦૪૯-૦૦૦-૦૦૦ ના માલીક શ્રી હસમુખલાલ સી. ટાંક નેપ્ચ્યુન ટાવર કાલાવડ રોડ, રાજકોટએ નિયમ મુજબ દુકાન ખાલી રહેવાની નોટીસ તથા વેકેન્સી એલાઉન્સ મળવાની અરજી રજુ કરેલ નથી. વેકેન્સી એલાઉન્સના સમયગાળા દરમ્યાન વોર્ડ ઇન્સપેકટરનો સ્થળ તપાસણી રીપોર્ટ પણ ફાઇલે રજુ નથી. શ્રી પુજારાએ વીજ જોડાણ નહી લીધેલ હોવાનું રૂા.૨૦/- ના સ્ટેમ્પપેપર પર સોગંદનામું તથા શ્રી ટાંક એ વીજ કનેકશન બંધનું સ્ટેટમેન્ટ રજુ કરેલ છે. શ્રી પુજારાએ સને ૨૦૦૪-૦૫ થી ૨૦૦૮-૦૯ સુધી રૂા.૨૩,૩૮૩/- તથા શ્રી ટાંક એ ૨૦૦૨-૦૩ થી ૨૦૦૯-૧૦ સુધી રૂા.૩૪,૧૨૦/- નો વેરો ભર્યાની પહોંચની નકલો સામેલ રાખેલ છે. શ્રી ટાંક એ સને ૨૦૧૦-૧૧ ના વર્ષનો વેરો ભર્યાનો આધાર સામેલ નથી. તેમ છતાં હુકમ નં.રામનપા-પશ્ચિમ ઝોન-ટેકસ-જા.નં.૨૨૯ તા.૩/૬/૧૧ મુજબ સને ૨૦૦૨-૦૩ થી ૨૦૧૦-૧૧ સુધી રૂા.૧૬,૩૩૭/- સામાન્ય કર તથા રૂા.૮૧૩૬/- શિક્ષણ ઉપકરના મળીને રૂા.૨૪,૪૭૩/- અનુક્રમે વા.નં.૭૭૯૨/૭૭૯૩ તા.૧૪/૭/૧૧ થી તથા શ્રી પુજારાને ૨૦૦૪-૦૫ થી ૨૦૦૮-૦૯ સુધી રૂા.૧૦,૦૪૯/- સામાન્ય કર તથા રૂા.૫૦૮૫/- શિક્ષણ ઉપકરનું વા.નં. -નીલ- તા.-નીલ- થી વેકેન્સી એલાઉન્સ ચુકવવાપાત્ર ન હોવા છતા થયેલ ચુકવણી કરવામાં આવેલ છે.

(બ) મિલકત નં.૧૫/૦૯૭૭૩, ૦૯૭૭૪, ૦૯૭૭૬ બી, ૦૯૭૭૬ સી, ૦૯૭૭૭, ૦૯૭૮૦, ૦૯૭૮૧ ના માલીક શ્રી રણછોડભાઇ માધવજીભાઇ પટેલ રતન કોમ્પલેક્ષ, વિદ્યાકુંજ સોસાયટી મેઇન રોડ, રાજકોટએ નિયમ મુજબ દુકાનો ખાલી રહેવાની નોટીસ તથા વેકેન્સી એલાઉન્સ મળવાની અરજી રજુ કરેલ છે. સને ૨૦૧૦-૧૧ ના વેકેન્સી એલાઉન્સના સમયગાળાનો વોર્ડ ઇન્સપેકટરનો સ્થળ તપાસણીનો રીપોર્ટ ફાઇલે સામેલ નથી. વીજ કનેકશન ન લીધાનું રૂા૨૦/- ના સ્ટેમ્પપેપર પર તા.૧૧/૮/૧૦ ના રોજનું સોગંદનામું રજુ કરેલ છે. પરંતુ ફાઇલે સામેલ પીજીવીસીએલ ના રીપોર્ટ મુજબ શ્રી પટેલને પાંચ દુકાનોના વીજ કનેકશન તા.૧૦/૮/૧૦ ના રોજ બંધ કરેલ છે. જેથી અરજદારે કરેલ સોગંદનામા કરતા વિરૂધ્ધ બાબત છે. તેમ છતાં સને ૨૦૧૦-૧૧ના રૂા.૧૯,૯૯૫/- ભરેલ કરવેરા સામે કચેરી હુકમ નં.૧૧૨ તા.૭/૫/૧૧ થી રૂા.૯૯૭૨/- સામાન્ય કર તથા રૂા.૩૫૫૧/- શિક્ષણ ઉપકર વેકેન્સી એલાઉન્સ મંજુર કરી વાઉચર નંબર અનુક્રમે ૧૮૦૪૫ તથા ૧૮૦૪૬ તા.૩/૧૨/૧૧ થી ચુકવણા કરેલ છે.

(૬) મિલકત નં.૧૫/૦૨૧૮૪/૦૦૦/૦૦૦ ના માલીક શ્રી ઉષાબેન કુરજીભાઇ એન્ડ એસોશીયેશન, કોટેચા ટાવર, સ્વામી વિવેકાનંદ રોડ, રામકૃષ્ણનગર રાજકોટએ સને ૨૦૦૫-૦૬ થી ૨૦૦૮-૦૯ દરમ્યાન મિલકત ખાલી રહેવાની નોટીસ રજુ કરેલ છે. વેકેન્સીનો સમયગાળો પુર્ણ થયા બાદ સને ૨૦૦૯-૧૦ ના વર્ષમાં કુલ વેરો રૂા.૪,૧૯,૬૪૯/- ભરપાઇ કરેલ છે. મિલકત ખાલી રહેલ હોવા અંગે વોર્ડ ઇન્સપેકટરનો સ્થળ ચકાસણી રીપોર્ટમાં માસીક તપાસણીની તારીખ તથા વર્ષ દર્શાવેલ નથી. મિલકત સમગ્ર સમય દરમ્યાન ખાલી રહેવાના કોઇ આધારો રજુ કરેલ નથી. તેમજ વેરા બીલની પહોંચમાં શ્રી ઉષાબેન કુરજીભાઇ એન્ડ એસોશીયેટ, ભાડુત સ્ટેટ બેંક ઓફ સૌરાષ્ટ્ર લખેલ છે. આમ મિલકત વેકેન્ટ હોવાના આધારોથી સાબીત થતુ ન હોવા છતાં કચેરી હુકમ નં.૮૫ તા.૩૦/૪/૧૧ થી વેકેન્સી એલાઉન્સ મંજુર કરી વાઉચર નં.૪૧૫૧ તા.૭/૬/૧૧ થી રૂા.૧,૬૦,૮૮૮/- સામાન્ય કર તથા વા.નં.૪૧૫૨ તા.૭/૬/૧૧ થી રૂા.૭૦,૧૪૪/- શિક્ષણ ઉપકરનું ચુકવણું કરેલ હતુ જે પરત વસુલ લઇ લેવા વિનંતી.

(૨) વેકેન્સી એલાઉન્સના રીફંડ ચુકવણાના નમુનારૂપ કેસોની ચકાસણી કરતા એક પણ કિસ્સાઓમાં જીપીએમસી એકટની કલમ-૫૬ ના સ્પષ્ટીકરણ-ગ મુજબની ચકાસણી કરવામાં આવેલ હોવાના કોઇ આધારો ફાઇલે સામેલ રાખવામાં આવેલ નથી.

ઉકત વિગતે નમુનારૂપ કિસ્સાઓ લેવામાં આવેલ છે તેની અન્વેષણ વર્ષ દરમ્યાન રીફંડના ચુકવણા કરેલ તમામ કિસ્સાઓની ચકાસણી કરી એકટની કલમ નં.૫૬, ૫૭, ૫૯ અને ૬૧ ની જોગવાઇ પરીપૂર્ણ થતી ન હોય તેવા કિસ્સામાં ચુકવેલ રીફંડની રકમ પરત વસુલ લઇ લેવા વિનંતી.

વિધાનસભા અહેવાલનો સુચિત ફકરો તા.૩૧/૦૭/૨૦૧૭ના રોજ અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, કમિશ્નરશ્રી, મહાનગરપાલિકા રાજકોટને રવાના કરવામાં આવેલ હતો જેનો જવાબ તા.૨૦/૨/૨૦૧૮ના રોજ સુધી મળેલ નથી.

## ૪.૪ મિલકત વેરાની આકારણીની અનિયમિતતા. (ફકરા નં.-૨૭)

(વે/વસુ સે/ઝોન)

રાજકોટ મહાનગરપાલીકાની વેરા વસુલાત શાખાના સને ૨૦૧૧-૧૨ ના અન્વેષણમાં મિલકત વેરાની નવી આકારણી રીવાઇઝ આકારણની શાખાએ ઓડીટ વર્ષની રજુ કરેલ ફાઇલોની ચકાસણી કરતા ધ્યાને આવેલ અનિયમિતતા બાબતે નીચે મુજબ ઓડીટ નોંધ આપવામાં આવે છે.

(૧) મિલકત નં.૧૨બી/૨૧૩૧૭/૦૦૦/૦૦૦, ૧૨બી/૨૧૩૧૭/૦૦એ/૦૦૦ થી ૧૨બી/ ૨૧૩૧૭/૦૦કે/૦૦૦ ગઢીયાનગર કો.ઓપ. સોસાયટી પ્લોટ નં.૨૭ સંતકબીર રોડ, કનકનગર બસ સ્ટોપ પાસે આવેલ. ઉકત ઘર નંબરની કુલ ૧૨ દુકાનો પૈકી દુકાન નં.૧૨બી/૨૧૩૧૭/૦૦૦એ/૦૦૦ ના માલિકશ્રી સોજીત્રા રાજેશભાઇ લક્ષ્મણભાઇ મિલકત વેરાની આકારણી કરવા માટે ઇ.નં.૩૨૬૦ તા.૭/૧૨/૧૦ થી અરજી કરતા વેરા વસુલાત શાખાના ઇન્સપેકટરની સ્થળ ચકાસણીમાં એક જ બિલ્ડીંગમાં આવેલ ૧૨ દુકાનો પૈકી એક પણ દુકાનની વેરા આકારણી ન થયાનું જણાતા તમામ દુકાનોના બિલ્ડઅપની માપણી કરી વેરાની અમલ તારીખ માટે દુકાનદારો પાસેથી વિજ કનેકશન મેળવ્યાના આધારો મેળવવા માહે ૭/૦૬ થી માહે ૧/૧૧ સુધી વિજ કનેકશન લેવામાં આવેલ હોવાનું આધારો મુજબ જણાતા કરવેરા આકારણીની અમલ તા.૧/૭/૦૬ કચેરી હુકમ નં.રામનપા/પુર્ણ/ઝોન વેવ. ફા.નં. ૬૩૭/૧૧-૧૨

તા.૧૨/૨/૧૨ થી નિયત કરવામાં આવેલ. ત્યાર બાદ વિશેષ ચકાસણી જરૂરી જણાતા સ્થળ પર લતાવાસીઓની પુછપરછમાં સદર દુકાનો સને ૧૯૯૬ માં બનેલ હોવાનું જાણવા મળતા આકારણીનો અમલ તા.૧/૪/૧૯૯૬ થી કરવામાં આવેલ હતો. શહેરમાં નવા બિલ્ડીંગના બાંધકામ પુર્ણ થયા બાદ જે તે વોર્ડના ઇન્સ્પેકટરના રૂટીન વીઝીટમાં ધ્યાને આવવું જોઇએ. જેથી નવા બનેલ મકાનોની સમયસર આકારણી અને કર વસુલાત થઇ શકે. સદર કેસમાં દુકાનદાર સેલ્ફ એસેસમેન્ટ ની ૧૫ વર્ષ બાદ અરજી કરતા ધ્યાને આવેલ છે અને દુકાનદારોને ઇસ્યુ કરેલ ખાસ નોટીસ મુજબ વાર્ષિક કરવેરાની રકમ રૂા.૧,૧૦,૮૪૪/- તથા આકારણીની તારીખ સુધીની ચડત રકમ રૂા.૧૬,૬૨,૬૬૦/- ની વસુલાતની કામીગીરી દુકાનોના બાંધકામના ૧૫ વર્ષ બાદ કરેલ હતી.

(૨) મિલકત નં.૧૧/૧૮૨૫૨/૦૦૦/૦૦૦ શ્રી ચમનભાઇ લવજીભાઇ ચોવટીયા, સનરાઇઝ એન્જીનીયરીગ, શીવમ ઇન્ડસ્ટ્રીયલ એરીયા, આજી રીંગ રોડ, સબ પ્લોટ નં.૧૯, રાજકોટ એ તેમની મિલકતના કરવેરાની આકારણી કરવા ઇ.નં.૩૮૪૪ તા.૧૭/૧/૧૧ થી અરજી કરેલ હતી અને આકારણીની અમલ તારીખના આધાર પુરાવા તરીકે વીજ કનેકશન વર્કઓર્ડર નં.૪૨૨૧ તા.૨૨/૧/૦૫ રજુ કરેલ. જેના આધારે આકારણીની અમલ તા.૧/૨/૦૫ ઠરાવવામાં આવી. આકારણી મુજબ કરવેરાની ઓડીટ વર્ષ ૨૦૧૧-૧૨ સુધી કુલ ૬ વર્ષની ચડત રકમ સાથે રૂા.૫૫,૮૧૮/- ની વસુલાતની કામગીરી વિલંબથી કરવામાં આવેલ હતી.

(૩) મિલકત નં.૧૨એ/૧૧૪૬૫/૦૦૦/૦૦૦ શ્રી રંજનબેન દામજીભાઇ વઘાશીયા, સુયોગ ટેકનોકાસ્ટ દીન દયાલ એસ્ટેટ શેરી નં.૩, આજી વસાહત રાજકોટને વેરા વસુલાત શાખાના બીપીએમસી એકટ-૧૯૪૯ ના પરિશિષ્ટ-અ ના પ્રકરણ-૮ ના નિયમ-૮ અનુસાર મકાન વેરાની આકારણી માટે માહિતી પુરી પાડવા માટે નોટીસ નં.૧૧૮ તા.૩/૬/૦૮ થી ઇસ્યુ કરેલ હતી. તેમ છતાં પણ માલિકે કોઇ માહિતી રજુ નહી કરતા સ્થળ ચકાસણીમાં બાંધકામ વર્ષ ૨૦૦૦ બાદનું જણાતા આકારણીની અમલ તા.૧/૪/૨૦૦૦ ઠરાવવામાં આવી અને ૬૪૨૦ ચો.ફુટના બાંધકામની આકારણી કરી વાર્ષિક રૂા.૬૯,૨૬૭/- ના વેરાનીવસુલાત માટે ખાસ નોટીસ ઇસ્યુ કરેલ હતી. પરંતુ તા.૧/૪/૨૦૦૦ થી તા.૩૧/૩/૧૧ સુધી ૧૧ વર્ષના રૂા.૭,૬૧,૯૩૭/- ની વસુલાત કરવામાં આવેલ હોવાની કોઇ માહિતી ફાઇલે સામેલ નથી.

(૪) મિલકત નં.૧૫/૦૫૦૪૭/૦૦૦/૦૦૦ તથા ૧૫/૦૫૦૪, ૦૦૧/૦૦૦ શ્રી દિનકરરાય ન્યાલચંદ મોદી એલ-૩૭, ગુજરાત હાઉસીંગ બોર્ડ, કાલાવડ રોડ, રાજકોટ એ જુનું મકાન પાડીને મકાન વપરાશ પ્રમાણપત્ર નં.૫૫૪ તા.૧૯/૩/૧૧ મુજબ ગ્રાઉન્ડ ફલોર તથા ફસ્ટ ફલોર બીન રહેણાંક હેતુ અનુક્રમે ૫૬૯ તથા ૮૪૭ ચો. ફુટના કરેલ બાંધકામની આકારણી માટે ઇ.નં.૧૯૭૧ તા.૨૬/૫/૧૧ થી અરજી કરેલ હતી. વોર્ડ નં.૧૫ ની આકારણીની માર્ગદર્શિકાના ક્રમ નં.૪૮ કાલાવડ રોડનો લતા દર રૂા.૧/૦૦ તથા બાંધકામ તા.૧/૪/૯૯ પછીનું હોય ૧૦ ટકા વિશેષ દર લગાડી લતા દર ૧/૧૦ ગણવાનો થાય અને મિલકત બિન રહેણાંક હોય રા.મ્યુ.કો. ટેક્ષ શાખા નં.૫૦૬/૯૯ મુજબ કાલાવડ રોડ પરની બિન રહેણાંક મિલકતની આકારણી માટે લતા દરના ચાર ગણાં કરી રૂા.૧/૧૦ X ૪ = ૪/૪૦ લેખે ગ્રાઉન્ડ ફલોર તથા પ્રથમ માળ ના લતા દર રૂા.૩/૯૦ મુજબ આકારણી કરતા અનુક્રમે રૂા.૧૯,૦૬૫/- તથા રૂા.૨૫,૧૪૯/- નો મિલકત વેરો વસુલવાનો રહે છે. રજુ થયેલ ફાઇલની ચકાસણી કરતા બિન રહેણાંક મિલકતની આકારણી માટે લતા દરના ત્રણ ગણા કરી રૂા.૧/૧૦ X 3 = 3/30 લેખે ગ્રાઉન્ડ ફલોર

તથા પ્રથમ માળના લતા દર રૂા.૨/૮૦ મુજબ તથા આકારણી કરી ગ્રાઉન્ડ ફ્લોર તથા પ્રથમ માળના અનુક્રમે રૂા.૧૪,૨૯૯/- તથા રૂા.૧૮,૦૬૦/- મુજબની ગણતરી કરી અમલ તા.૧/૩/૧૧ થી વસુલાતની કામગીરી કરેલ હતી. આમ રૂા.૧૧,૮૫૫/- ની વાર્ષિક ઓછી આકારણી કરવામાં આવેલ હોવાનું જણાય છે. જેથી કરવેરાની ફેર આકારણી કરવી રહે.

(૫) મિલકત નં.૧૫/૦૩૫૨૦/૦૦૦/૦૦૦ શ્રી મૌલેશભાઇ ડાયાભાઇ ઉકાણી તથા મિલકત નં.૧૫/૦૩૫૨૧/૦૦૦/૦૦૦ શ્રી ડાયાભાઇ કાનજીભાઇ પટેલ પ્લોટ નં.૧૬/એ, "પુષ્કર" પંચવટી સોસાયટી શેરી નં.૩ રાજકોટ એ ઇ.નં.૧૪૯૮, ૧૪૯૯ તા.૧૨/૫/૧૧ થી સેલ્ફ એસેસ મેન્ટ ફોર્મ ભરી આકારણી માટે અરજી કરેલ હતી. શ્રી ઉકાણી તથા પટેલ એ તા.૨૦/૧૦/૦૬ ના રોજ ટી.પી. શાખાની મંજુરી મેળવી બાંધકામ શરૂ કરેલ હતું શ્રી ઉકાણી સામે નિયમ વિરૂધ્ધ બાંધકામ થઇ રહયાનું જણાતા શ્રી જાદવભાઇ દેવસીભાઇ પરસાણાએ નામદાર બોર્ડ ઓફ રજીસ્ટાર્સ નોમીનીઝ રાજકોટની કોર્ટમાં લવાદ કેસ નં.૪૦૭/૨૦૦૭ થી યથાવત સ્થિતિ જાળવી રાખવા સ્ટે ઓર્ડર લેવામાં આવેલ હતો. જે અરજી નં.૪/૦૮ તા.૧/૧૧/૦૮ થી ઉઠાવી લેવામાં આવેલ હતો. સદરહું કેસમાં અરજદારે બાંધકામ પુર્ણતા પ્રમાણપત્ર મેળવેલ ન હોઇ (નોંધમાં જણાવ્યા મુજબ) જીઇબી કનેકશનના વર્કઓર્ડરને આધાર તરીકે લઇ આકારણીની અમલ તા.૧/૨/૧૦ નિયત કરેલ હતી. મિલકત વેરાની આકારણીના નિયમો મુજબ બાંધકામ પરવાનગી લેવામાં આવેલ હોય પરંતુ ભોગવટા પ્રમાણપત્ર લેવામાં ન આવેલ કિસ્સાઓમાં લો. રાઇઝ મકાન માટે બાંધકામ પરવાનગીની તારીખથી ૬ માસ તથા હાઇરાઇઝ મકાન માટે ૧૨ માસ બાદ તે મિલકત કરવેરા વસુલ કરવાપાત્ર બને છે. સદર બન્ને કિસ્સાઓમાં બાંધકામ પરવાનગી તા.૨૦/૧૦/૦૬ ના રોજ મેળવવામાં આવેલ છે. તેથી તેની કર આકારણીની અમલ તારીખ તા.૧/૫/૦૭ થી વસુલ કરવાપાત્ર બને છે. તેથી તા.૧/૫/૦૭ થી તા.૩૧/૧/૧૦ સુધીની મિલકત વેરાની નીચે મુજબ ઉકત બન્ને કિસ્સામાં વસુલવાની રહે.

(૧) - ૧૫/૦૩૫૨૦/૦૦૦/૦૦૦

૫૧૭૧ ચો.ફુટ X ૧.૦૫ લતાદર = ૫૪૨૯-૫૫ માસિક આકારણી = ૫૪૨૯-૫૫ X ૧૨ - ૬૫૧૬ = ૫૮૬૪૪ ALV ખાસ નોટીશ મુજબ વાર્ષિક કર રૂા.૩૧,૦૮૦/-

તા.૧/૫/૦૭ થી તા.૩૧/૧/૧૦ સુધી વસુલ કરવાપાત્ર રકમ

૩૧૦૮૦ X ૩૩/૨ ૧૨ = ૮૫૪૭૦- ૦૦ (એ)

(૨) - ૧૫/૦૩૫૨૧/૦૦૦/૦૦૦

૫૧૭૧ ચો.ફુટ X ૧.૦૫ લતાદર = ૫૪૨૯-૫૫ માસિક આકારણી = ૫૪૨૯-૫૫ X ૧૨ - ૬૫૧૬ = ૫૮૬૪૪ ALV ખાસ નોટીસ મુજબ વાર્ષિક કર રૂા.૩૧,૦૮૦/-

તા.૧/૫/૦૭ થી તા.૩૧/૧/૧૦ સુધી વસુલ કરવાપાત્ર રકમ

૩૧૦૮૦ X ૩૩/૨ ૧૨ = ૮૫૪૭૦- ૦૦ (બી)

મિલકત વેરાની નિયમ મુજબ આકારણીની અમલ તા.૧/૫/૦૭ નિયત કરવાપાત્ર હોય તા.૪/૧૦/૦૭ ના રોજ શ્રી મૌલેશભાઇ ડાયાભાઇ ઉકાણીના મકાન બાંધકામ સામે લેવામા આવેલ સ્ટેટસકો ધ્યાને લેવાનો રહેતો નથી. તેમજ શ્રી ડાયાભાઇ કાનજીભાઇ પટેલની કર આકારણી ફાઇલે રાખવામાં આવેલ. સ્ટેટસકવોમાં પ્રતિવાદી તરીકે નામ ન હોવાથી તેમને લાગુ પાડી શકાય નહી. તેથી બન્ને મિલકત ધારક પાસેથી તા.૧/૫/૦૭ થી તા.૩૧/૧/૧૦ સુધી બાકી ચડત રકમની વસુલાત મેળવવી રહે.

(૬) મિલકત નં.૦૬/૦૩૨૯૭/૦૦૦/૦૦૦ તથા ૦૬/૦૩૨૯૭/૦૦એ/૦૦૦ શ્રી હારીતભાઇ રમેશભાઇ ત્રિવેદી કોરોનેશન મોટર્સ, ડો.નંદાણી લેબોરેટરી વાળી શેરી રજપુતપરા શેરી નં.૧ રાજકોટ એ ગ્રાઉન્ડ ફલોર ઉપર ૩૦૮૫ ચો.ફુટ તથા પ્રથમ માળે ૩૪૦૦ ચો.ફુટ તથા ૩૪૬ ચો.ફુટ પાર્કીંગની સગવડતાના બિલ્ડીંગ પ્લાનની ટી.પી. શાખાની રજા ચિઠ્ઠી નં.૨૨૪ તા.૧૮/૧/૦૮ થી મેળવી બાંધકામ કરેલ તેને કમ્પલીશન નં.૩૯૧ તા.૨૧/૧૦/૧૧ થી આપવામાં આવેલ તેને ગ્રાઉન્ડ ફલોર તથા પ્રથમ માળને અલગ ઘર નંબર આપી પાર્કીંગ સ્પેશને બન્ને ઘર નંબરમાં સરખા ભાગે ઉમેરી આદ્યૌગિક ધોરણે વેરા આકારણી કરી તેને કમ્પલીશન બાદની તા.૧/૧૧/૧૧ અમલ તારીખ ઠરાવવામાં આવેલ હતી. તે મુજબ ગણતરી કરતા નીચે મુજબની વિગતે મિલકત વેરાની વસુલ કરવા પાત્ર થાય.

- ૦૬/૦૩૨૯૭/૦૦૦/૦૦૦ ની મિલકત વેરાની ગણતરી માટે વાર્ષિક રૂા.૫૫,૯૧૨/- ALV લેતા ૧૬૭૭૪/- મકાન વેરો + ૮૩૮૭ સફાઇકર + ૧૬૭૭ ફાયર ટેક્ષ + ૨૭૯૬ ડ્રેનેજ + ૧૧૧૮૨ શિક્ષણ ઉપકર ૫૫૯ દિવાબતી = ૪૧૩૭૫/- વસુલવાના થાય તેના બદલે પહોંચ નં.૧૬૭૪૦૫/૨૦૧૨-૧૩ તા.૧૦/૯/૧૨ થી વાર્ષિક ૩૮૨૭૧ વસુલવામાં આવેલ છે.

- ૦૬/૦૩૨૯૭/૦૦એ/૦૦૦ ની મિલકત વેરાની ગણતરી માટે વાર્ષિક રૂા.૬૧,૫૨૮/- ALV લેતા ૧૮૪૫૮ મકાનવેરો + ૯૨૨૯ સફાઇ + ૧૨૩૦૬ શિક્ષણ ઉપકર + ૧૮૪૬ ફાયર + ૩૦૭૬ ડ્રેનેજ + ૬૧૫ દિવાલ = ૪૫૫૩૦ વસુલ લેવાના થાય તેના બદલે તા.૧૦/૧૦/૧૨ ની ખાસ નોટીસ મુજબ રૂા.૪૩,૩૭૭/- મિલકત વેરાની ગણતરી કરવામાં આવેલ છે. આમ, ઉકત બન્ને મિલકતનો વાર્ષિક વેરો રૂા.(૩૧૦૪+૨૧૫૩)/- ઓછો વસુલ લેવામાં આવ છે. જેની વસુલાત મેળવવી રહે તેમજ એક જ માલિકની એક જ બિલ્ડીંગમાં આવેલ મિલકતના ગ્રાઉન્ડ ફલોર તથા ફર્સ્ટ ફલોરને અલગ ઘર નંબર આપવા અંગે નિયમો આધારીત ખરાઇ થવી ઘટે.

વિધાનસભા અહેવાલનો સુચિત ફકરો તા.૩૧/૦૭/૨૦૧૭ના રોજ અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, કમિશ્નરશ્રી, મહાનગરપાલિકા રાજકોટને રવાના કરવામાં આવેલ હતો જેનો જવાબ તા.૨૦/૨/૨૦૧૮ના રોજ સુધી મળેલ નથી.

## ૪.૫ શિક્ષણ ઉપકરની સહાયક ગ્રાન્ટની મેળવવાની બાકી રકમ તથા મળેલ ગ્રાન્ટના ઉપયોગ બાબત. (ફકરા નં.-૪૨)

સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગર ના તા.૧૫/૧૦/૧૯૯૨ ના ઠરાવ નં.જીઆઇએ-૧૧૯૨-૯૯૭-ર માં થયેલ જોગવાઇ મુજબ જે મહાનગરપાલીકા પ્રાથમિક શિક્ષણની જવાબદારી સંભાળતી હોય અને ગુજરાત શિક્ષણ ઉપકર અધિનિયમ-૧૯૬૨ ની કલમ-૧૨ મુજબ સ્થાનિક સત્તામંડળ જે શિક્ષણ ઉપકરની વસુલાત કરે છે. તે અંગે કરેલ વસુલાતને ધ્યાને લઇ નીચે મુજબ ત્રિમાસિક શિક્ષણ ઉપકરની સહાયક ગ્રાન્ટ મળવાપાત્ર થાય છે.

| ક્રમ | શિક્ષણ ઉપકરની કુલ માંગણાની જમા કરાવેલ વસુલાતની ટકાવારી | મળવાપાત્ર શિક્ષણ ઉપકર અનુદાનની ટકાવારી |
|---|---|---|
| ૧ | ૭૦ ટકાથી વધુ | ૮૫ ટકા |
| ૨ | ૬૦ થી ૭૦ ટકા સુધી | ૮૦ ટકા |
| ૩ | ૬૦ ટકાથી ઓછી | ૭૫ ટકા |

(૧) રાજકોટ મહાનગરપાલીકાના સને ૨૦૧૧-૧૨ ના અન્વેષણ દરમ્યાન રજુ થયેલ માહિતી મુજબ સંસ્થા દ્વારા સામેલ પરિશિષ્ટ નં.-૪.૫ની વિગતે શિક્ષણ ઉપકરની સને ૨૦૦૬-૦૭ થી ૨૦૧૧-૧૨ દરમ્યાન વસુલાત કરી સરકારશ્રીમાં જમા કરાવેલ છે. જેમાં અન્વેષણ વર્ષ ૨૦૧૧-૧૨ માં શિક્ષણ ઉપકરની રૂા.૨૯,૦૬,૫૫,૧૭૩/- રકમ જમા કરાવેલ છે. પરંતુ જમા થયેલ રકમ ઉપર ૭૫ ટકા મુજબ મળવાપાત્ર શિક્ષણ ઉપકરની સહાયક ગ્રાન્ટ રૂા.૨૧,૭૯,૯૧,૩૭૯/- પૈકી કોઇ પણ રકમ ગ્રાન્ટ તરીકે સંસ્થા દ્વારા મેળવાયેલ નથી. તેમજ સને ૨૦૦૬-૦૭ થી ૨૦૧૧-૧૨ દરમ્યાન સરકારશ્રીમાં જમા કરાવેલ શિક્ષણ ઉપકરની રકમ સાથે મળવાપાત્ર ૭૫ ટકા મુજબની શિક્ષણ ઉપકર ગ્રાન્ટ પૈકી મળેલ ગ્રાન્ટને ધ્યાને લઇ મળવાની બાકી ગ્રાન્ટ અંગે જરૂરી ગણતરી ચકાસણી કરી સરકારશ્રીમાં જરૂરી દરખાસ્ત કરી ગ્રાન્ટ મેળવવાની કાર્યવાહી કરવી ઘટે.

(૨) સરકારશ્રીના નાણા વિભાગના પરિપત્ર નં.સઉઅ-૧૦૭૮-૧૩૨૧-ટેક્ષ તા.૧૦/૭/૧૯૭૮ ના પરિપત્રમાં જણાવ્યા પ્રમાણે શિક્ષણ ઉપકરની સહાયક ગ્રાન્ટનો ઉપયોગ જે તે સંસ્થાએ ગ્રાન્ટ મંજુર થયા બાદ ત્રણ વર્ષમાં કરવાનો રહે છે. જે અંગે મળેલ ગ્રાન્ટનો પ્રાથમિક શિક્ષણ પેટેના મુડી ખર્ચ એટલે કે પ્રાથમિક શાળાનું મકાન બાંધવુ - મકાનોની મરામત કરવી અને તેની જાળવણી માટે વાપરવું તેમજ પાણી વગેરેની સગવડતા વધારવા માટે વપરાશ કરવાનો રહે છે. આ માટે શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના ઠરાવ નં.જીઆઇએ-૧૧૯૨-૯૯૭-ર તા.૧૫/૧૦/૧૯૯૨ મુજબ શિક્ષણ ઉપકર સહાયક ગ્રાન્ટનો નિયત કરેલ હેતુઓ માટે વપરાશ થાય તે માટે મહાનગરપાલીકાએ - મ્યુનીસીપલ પ્રાઇમરી એજયુકેશન ફંડના નામે જુદા સદરે હિસાબ રાખવાનો રહેશે અને નિયત હેતુ માટે જ ગ્રાન્ટનો ખર્ચ કરવાનો રહેશે. સંસ્થા દ્વારા શિક્ષણ ઉપકરની આવક-ખર્ચ માટે ઇન્ડીયન ઓવરસીજ બેંક રાજકોટમાં ખાતા નં.૧૭૪૩૦૨૦૦૦૦૦૦૦૦૩૦ થી અલાયદુ બેંક ખાતુ ખોલાવેલ છે.

(૩) સંસ્થાને મળેલ શિક્ષણ ઉપકર સહાયક ગ્રાન્ટમાંથી વાર્ષિક ખુબ જ ઓછી સરેરાશ ૧૦ ટકા રકમ પ્રાથમિક શાળા મરામત અંગે ખર્ચ થયેલ છે. જેથી મળેલ ગ્રાન્ટનો જે તે હેતુ સબબ વપરાશ થાય તે સુનિશ્ચિત કરવું રહે.

(૪) સંસ્થા દ્વારા સને ૨૦૧૧-૧૨ દરમ્યાન શિક્ષણ ઉપકરની થયેલ વસુલાત અંગે શિક્ષણ શાખાના માસિક હિસાબો મુજબ રકમ રૂા.૨૯,૨૮,૭૮,૯૧૦/- છે. જયારે ટેક્ષ શાખાના બાકી માંગણા પત્રક મુજબ વસુલાત રૂા.૨૯,૨૩,૮૧,૭૭૫/- છે. જયારે બજેટ બુક મુજબ રકમ રૂા.૨૯,૩૫,૯૩,૮૩૩/- છે. જેથી થયેલ ખરેખર વસુલાતની રકમના તફાવત અંગે રેકર્ડ આધારીત ચકાસણી કરી ખરાઇ કરાવવી રહે. તેમજ આ રકમ પૈકી સરકારશ્રીમાં જમા થયેલ રકમ રૂા.૨૯,૦૬,૫૫,૧૭૩/- છે. જેથી બાકીની ૨૯,૩૮,૬૬૦ રકમ સત્વરે જમા કરાવવી રહે.

વિધાનસભા અહેવાલનો સુચિત ફકરો તા.૩૧/૦૭/૨૦૧૭ના રોજ અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, કમિશ્નરશ્રી, મહાનગરપાલિકા રાજકોટને રવાના કરવામાં આવેલ હતો જેનો જવાબ તા.૨૦/૨/૨૦૧૮ના રોજ સુધી મળેલ નથી.

પરિશિષ્ટ નંબર – ૪.૫

## શિક્ષણ ઉપકરની સહાયક ગ્રાન્ટની મેળવવાની બાકી રકમ તથા મળેલ ગ્રાન્ટના ઉપયોગ બાબત

(રૂ.લાખમાં)

| ક્રમ | વર્ષ | શિક્ષણ ઉપકરની કરેલ વસુલાત | સરકારશ્રીમાં જમા કરાવેલ રકમ શિક્ષણ ઉપકર | ૭૫ ટકા મુજબ મળવાપાત્ર ગ્રાન્ટ | ખરેખર મળેલ અનુદાન શિક્ષણ ઉપકર | પ્રા.શા. મરામત ખર્ચ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | ૨૦૦૬-૦૭ | ૯૯૮.૧૮ | ૧૨૪૯.૯૬ | ૯૩૭.૪૭ | ૧૪૨૯.૮૪ | ૩૧.૦૮ |
| ૨ | ૨૦૦૭-૦૮ | ૧૬૮૯.૧૫ | ૧૪૩૫.૦૭ | ૧૦૭૬.૩૦ | ૭૪૪.૦૮ | ૧૧.૪૧ |
| ૩ | ૨૦૦૮-૦૯ | ૧૮૯૨.૩૪ | ૧૮૮૩.૫૪ | ૧૪૧૨.૬૬ | ૯૩.૫૫ | ૨૬.૫૧ |
| ૪ | ૨૦૦૯-૧૦ | ૨૭૩૪.૧૨ | ૨૮૨૩.૧૫ | ૨૧૧૭.૩૬ | ૧૪૧૧.૩૪ | ૩૭.૯૩ |
| ૫ | ૨૦૧૦-૧૧ | ૨૯૯૧.૧૪ | ૨૯૩૨.૦૩ | ૨૧૯૯.૦૨ | ૩૩૧૪.૫૭ | ૨૩.૩૨ |
| ૬ | ૨૦૧૧-૧૨ | ૨૯૩૫.૯૪ | ૨૯૦૬.૫૫ | ૨૧૭૯.૯૧ | - | ૧૭.૪૦ |
| | કુલ | ૧૩૨૪૦.૮૭ | ૧૩૨૩૦.૩૦ | ૯૯૨૨.૭૨ | ૬૯૯૩.૩૮ | ૧૪૭.૬૫ |

**૪.૬ વોર્ડ નં.૧૪ માં ચંદ્રેશનગર પમ્પીંગ સ્ટેશનથી ૧૫૦ રીંગ રોડ સુધી ૬૧૦ એમ.એમ.એમ.એસ.ટ્રાન્સમીશન મેઇન લાઇન નાખવાના કામની અનિયમિતતા બાબત.( ફકરા નં.-૫૩)**

(બાંધકામ સેન્ટ્રલ ઝોન)

| | | |
|---|---|---|
| ૧ | એજન્સીનું નામ | સુરીન્દ્ર એન્જી. કુા. લી. |
| ૨ | કામની અંદાજી રકમ | રૂા.૨,૯૯,૭૨,૧૦૦/- |
| ૩ | ખર્ચ મંજુરી | હુકમ સામેલ રાખેલ નથી |
| ૪ | વહીવટી મંજુરી | સ્ટે.ક.ઠ.નં.૩૧૫ તા.૩૦/૯/૧૧ રામનપા<br>સ્ટે.ક.ઠ.વહી.જા.નં.૨૮૫ તા.૧૦/૧૦/૧૧ |
| ૫ | વર્કઓર્ડર નં. | RMC-WZ-૪૮૧ તા.૧૪/૧૧/૧૧ |
| ૬ | કામની મુદત | ૮ માસ |
| ૭ | કામ શરૂ થવાની તારીખ | તા.૨૧/૧૧/૧૧ |
| ૮ | કામ પુર્ણ કરવાની તારીખ | તા.૨૧/૭/૧૨ |

| | | |
|---|---|---|
| ૯ | કામ પુર્ણ કર્યા તારીખ | તા.૧૫/૧૨/૧૨ |
| ૧૦ | ટેન્ડરની રકમ | રૂા.૩,૪૯,૧૭,૪૯૬/- ૧૬.૫ ટકા ઉંચા |
| ૧૧ | કામનો કુલ ખર્ચ | રૂા.૩,૩૬,૭૭,૮૪૦/- |
| ૧૨ | ફાઇનલ બીલની રકમ | રૂા.૮૪,૧૨,૭૫૫/- |
| ૧૩ | ફાઇનલ બીલ નં. તારીખ | ૨૩૯૫૯ તા.૩૧/૧/૧૩ |
| ૧૪ | ખર્ચનું સદર | SJMMSVY પા.પુ. યોજના |
| ૧૫ | માપપોથી પાના નં. | ૧૪ પાના નં.૧ થી ૫૩ |

રાજકોટ મહાનગરપાલિકાની પાણી પુરવઠા શાખાના સને ૨૦૧૧-૧૨ ના અન્વેષણમાં ઉકત વિગતેની ફાઇલો તથા માપપોથીની ચકાસણી કરતા શાખાએ કરેલ કાર્યવાહીની વિગતો નીચે મુજબ છે.

૧૫૦ ફુટ રીંગ રોડ પમ્પીંગ સ્ટેશન ઉપર આજી ફીલ્ટર પ્લાન્ટનું પાણી ટ્રાન્સફર કરવા માટે હાલમાં મવડી પમ્પીંગ સ્ટેશનની મેઇન ડીસટ્રીબ્યુશન લાઇનનો ઉપયોગ થતો હોઇ મવડી ઝોન હેઠળના વિસ્તારમાં પાણી વિતરણ પુર્ણ થયા બાદ ટ્રાન્સફર થઇ શકે. આજી ડીલ્ટર પ્લાન્ટનું પાણી ચંદ્રેશનગર પમ્પીંગ સ્ટેશન પહોંચાડવા માટેનું કામ હાલમાં ચાલુ હોવાથી ત્યાંથી ૧૫૦ ફુટ રીંગ રોડ પમ્પીંગ સ્ટેશન સુધી લઇ જવા માટેનું કામ SJMMSVY સદર હેઠળની ગ્રાન્ટમાંથી કરવાનું નિયત થતાં અંદાજીત ૪૫૦૦ રનીંગ મીટરની ૬૧૦ એમ.એમ. એમ.એસ. પાઇપલાઇન નાંખવાના કામના રૂા.૨,૯૯,૭૨,૧૦૦/- અંદાજો તૈયાર કરાવી આર.એમ.સી. ના કન્સલ્ટન્ટ તથા એડવાઇઝરનો અભિપ્રાય મેળવી કમિશ્નરશ્રીની મંજુરી મેળવી ઇ-ટેન્ડર નોટીસ આર.એમ.સી.ની વેબસાઇટ તથા દૈનિક દિવ્યભાસ્કરમાં તા.૨૭/૫/૧૧ ના રોજ પ્રસિધ્ધ કરાવી ટેન્ડર માંગવામાં આવતા નીચે મુજબની એજન્સીઓના બીડ નિયત સમય મર્યાદામાં રજુ થયેલ.

(૧) કે. એસ. ડી. કન્સ્ટ્રકશન

(૨) આર. બી. કન્સ્ટ્રકશન

(3) સુરીન્દ્ર એન્જી. કુા. લી.

ઉકત એજન્સીઓના રજુ થયેલ ફીઝીકલ ડોકયુમેન્ટની ચકાસણી કરતા ટેન્ડર ક્રાઇટેરીયા મુજબ બરાબર હોઇ તા.૧૫/૬/૧૧ ના રોજ પ્રાઇસ બીડ ખોલવામાં આવતા નીચે મુજબના ભાવો મળેલ છે.

(૧) સુરીન્દ્ર એન્જી. કુા. લી. ૧૭.૨૨ ટકા વધુ

(૨ કે. એસ. ડી. કન્સટ્રકશન ૧૮ ટકા વધુ

(3) આર. બી. કન્સ્ટ્રકશન ૨૦.૫૦ ટકા વધુ

એલ-૧ એજન્સી શ્રી સુરીન્દ્રા એન્જી. કુા. લી. સાથે તા.૧૮/૬/૧૧ ના રોજ નેગોશીયેશન કરતા છેવટના ૧૭ ટકા વધુ ભાવ મળેલ હતા. જે વધુ જણાતા કમિશ્નરશ્રીના આદેશ મુજબ તા.૨૪/૮/૧૧ ના ફરીથી નેગોશીયેશન કરતા છેવટના ૧૬.૫ ટકા વધુના ભાવ મળેલ. જે વ્યાજબી જણાતા કમિશ્નરશ્રીએ મંજુર કરી સ્થાયી સમિતિમાં દરખાસ્ત કરતા ઠરાવ નં.૩૧૫ તા.૩૦/૯/૧૧ થી એજન્સી સાથે ધોરણસર ઠરાવ કરવાની મંજુરી આપેલ ઠરાવને કમિશ્નરશ્રીના હુકમ નં.રામનપા-સ્ટેકઠ-વહી-જા.નં.૨૮૫ તા.૧૦/૧૦/૧૧ થી વહીવટી મંજુરી મળેલ હતી. તા.૧/૧૧/૧૧ ના પત્ર નં.RMC-WZ-WW-૪૫૦ થી

ટેન્ડર સ્વીકૃતિની જાણ કરતા તથા ટેન્ડરની રકમ રૂા.૩,૪૯,૧૭,૪૯૬/- ના ૨.૫ ટકા સી.ડી. ની રકમ ભરપાઇ કરવા તથા કરારખત કરવા જણાવતા એજન્સીએ રૂા.૮,૬૩,000/- ના સ્ટેટ બેંક ઓફ ઇન્ડીયાના ૧૨ માસની અવધિ ના એફડીઆર સાથે રૂા.૧૦૦/- ના સ્ટેમ્પ પેપર ઉપર તા.૧૪/૧૧/૧૧ ના રોજ કરારખત રજુ કરેલ હતો. કચેરી હુકમ નં.RMC-WZ-WW-૪૮૧ તા.૧૪/૧૧/૧૧ ના રોજ તા.૨૧/૧૧/૧૧ થી ૮ માસમાં કામ પુર્ણ કરવાનો વર્કઓર્ડર ઇસ્યુ કરેલ હતો. એજન્સીએ પાઇપના ટી.પી.આઇ. તરીકે Det Vorske Verita as ની નિમણુંક કરેલ હતી.

ઉકત તમામ વિગતોની ચકાસણી કરતા ધ્યાને આવેલ અનિયમિતતા માટે નીચે મુજબ ઓડીટ નોંધ આપવામાં આવે છે.

(૧) એજન્સીએ તેમના તા.૨૨/૧૨/૧૧ ના વર્કપ્લાન મુજબ કામનો પ્રોગ્રેસ નહી કરતા તા.૧૬/૧૨/૧૧, તા.૩/૨/૧૨ તથા તા.૨૯/૨/૧૨ ના પત્રથી કામમાં ઝડપ લાવવા તાકીદ કરવા છતાં તા.૪/૩/૧૨ સુધીમાં નિયત શીડયુલ મુજબ કુલ ૪૩.૩૩ ટકા કામ પુર્ણ થવું જોઇએ તેના બદલે ૧૯.૭૧ ટકા કામનો પ્રોગ્રેસ જણાતા કચેરીના પત્ર નં.૪૮ તા.૨૩/૪/૧૨ ના પત્રથી તા.૨૯/૪/૧૨ ના રોજ યોજાયેલ રીવ્યુ મીટીંગમાં હાજર રહેવા જણાવતા છતાં એજન્સી હાજર રહેલ ન હતી. ત્યાર બાદ પણ તા.૫/૫/૧૨, તા.૨૮/૫/૧૨ તથા તા.૧૩/૬/૧૨ ની અંતિમ નોટીસ આપવા છતાં પણ એજન્સીએ કામમાં ઝડપ લાવવા પ્રયાસો કરેલ ન હતા. તેમ છતાં એજન્સી સાથે ટેન્ડરની શરતો મુજબ કાર્યવાહી કરી દંડની વસુલાત લેવામાં આવેલ ન હતી.

(૨) ઉકત વિગતે કામમાં ઝડપ લાવવા વારંવાર નોટીસો આપવા છતાં એજન્સીએ કામમાં ઝડપ કરેલ ન હોવા છતાં તા.૨૩/૬/૧૨ થી તા.૩૦/૯/૧૨ સુધીનો નોન વર્કીંગ પીરીયડ મંજુર કરવા અંગે સ્પષ્ટતા કરવી રહે.

(૩) કચેરી હુકમ નં.RMC-WZ-WW-૧૬૯ તા.૨૨/૬/૧૨ ના પત્રથી ચોમાસાની સીઝન શરૂ થતા અને કામની સાઇટ રેસીડેન્ટ એરીયામાં હોવાથી તા.૨૩/૬/૧૨ થી કામ બંધ કરવા સુચના આપેલ હતી. ત્યાર બાદ પત્ર નં. RMC-WZ-WW-૨૯૬ તા.૨૩/૮/૧૨ ના પત્રથી તા.૧/૯/૧૨ થી કામ શરૂ કરવા હુકમ કરેલ હતો. તેમ છતાં તા.૩૦/૯/૧૨ સુધી નોન વર્કીંગ સમય મંજુર કરવા અંગે સ્પષ્ટતા થવી ઘટે.

(૪) કામ પુર્ણ કરવાની મુદત તા.૨૦/૭/૧૨ ના રોજ વર્કઓર્ડર મુજબ પુર્ણ થતી હતી. નોન વર્કીંગ સમય બાદ તા.૨૮/૧૦/૧૨ ના રોજ કામ પુર્ણ કરવાનું રહે. એજન્સીએ તેમના પત્ર નં.SI-CO-RMC-૧૦૧-૧૮૯ તા.૨૫/૧૦/૧૨ ઇન્વર્ડ નં.૧૦૮૩ તા.૨૯/૧૦/૧૨ થી હેવી ટ્રાફીક, હૈયાત પાઇપલાઇન, ગટર, ટેલીફોન, ગેસ વગેરે કારણો દર્શાવી તા.૨૮/૧૦/૧૨ થી તા.૨૮/૧૧/૧૨ સુધીનો મુદત વધારો માંગેલ હતો. ત્યાર બાદ તા.૨૯/૧૨/૧૨ ના પત્ર નં.ઇન્વર્ડ નં.૧૪૭૪ તા.૩૧/૧૨/૧૨ ના પત્રથી તે જ કારણો દર્શાવી તા.૨૮/૧૦/૧૨ થી તા.૧૫/૧૨/૧૨ સુધી મુદત વધારો માંગેલ હતો. જેને તા.૨૬/૩/૧૩ ના રોજ કમિશ્નરશ્રીએ મંજુર કરેલ હતો. ખરેખર કામમાં નિયમાનુસાર પ્રોગ્રેસ નહી કરવાના કારણે કામમાં વિલંબ થયેલ હતો. તા.૧/૯/૧૨ થી કામ શરૂ કરવાનો આદેશ થયેલ હોવા છતાં તા.૩૦/૯/૧૨ સુધીનો એક માસનો વધુ આપેલ નોન વર્કીંગ સમય તથા તા.૨૮/૧૦/૧૨ ની મુદત પુર્ણ થયા બાદ માંગેલ મુદત વધારો ટેન્ડરની શરત મુજબ મુદત પુર્ણ થવાના એક માસ પહેલા મુદત વધારા માટે દરખાસ્ત કરવાની રહે. જે દરખાસ્ત કરેલ ન હોઇ મંજુર કરવાપાત્ર ન હતો. તેથી માર્ગ અને મકાન વિભાગના તા.૨૮/૧૦/૮૩ તથા તા.૨૮/૫/૯૨ ના ઠરાવ મુજબ કામ જેટલા દિવસ વિલંબથી પુર્ણ કરેલ હોય

તેટલા દિવસના પ્રતિદિન કામની અંદાજી રકમના ૦.૧ ટકા તથા વધુમાં વધુ અંદાજી રકમના ૧૦ ટકા વિલંબ વળતર વસુલવાની જોગવાઇ થયેલ હોઇ એજન્સીએ આ કામ ૭૮ દિવસ મોડેથી પુર્ણ કરેલ હોઇ ૨૯૯૭૨૧૦૦/૧ X ૧/૧૦ X ૭૮/૧૦ = ૨૩,૩૭,૮૨૪/- વિલંબ વળતરની વસુલાત મેળવવી રહે.

(૫) તા.૩/૬/૧૧ ની પ્રીબીડ મીટીંગના મુદ્દા નં.૭ માં જણાવ્યા મુજબ GWSSB એપ્રુવ્ડ લીસ્ટ મુજબ પાઇપ માટે ટી.પી.આઇ.ની નિમણુંક એજન્સીએ કરવાની રહે છે. જે લીસ્ટ ફાઇલે સામેલ ન હોવાથી લીસ્ટ પૈકીની જ ટી.પી.આઇ.ની નિમણુંક કરેલ હોવાની ખરાઇ થતી નથી. તેમજ ટી.પી.આઇ. ના રીપોર્ટ પણ રજુ કરેલ નથી. તેથી આ કામે ટી.પી.આઇ. ઇન્સ્પેકટેડ પાઇપનો વપરાશ કરેલ હોવાની ચકાસણી થઇ શકેલ નથી.

(૬) આ કામની આઇટમ નં.૫.૧ મુજબ ૪૭૨.૧૨ રનીંગ મીટર ૬૧૦ MM MS પાઇપ લાઇનનો બચત રહેલ જથ્થો માપપોથી પાના નં.૫૩ પરની નોંધ મુજબ પુનિત નગર સ્ટેશનના ESR/GSR ના કામે જમા લેવાની નોંધ કરેલ છે. તેમાં ડેડસ્ટોક રજીસ્ટરે જમા લીધાના પાના નંબર દર્શાવેલ નથી તેમજ બચત સ્ટોકનો હવાલો સોંપનાર તથા મેળવનારની સહીઓ લેવામાં આવેલ નથી. જેની રેકર્ડ આધારીત ખરાઇ કરાવવી રહે તેમજ ૪૭૨.૧૨ રનીંગ મીટર અન લેઇડ પાઇપનું લેઇડ પાઇપના દરે ચુકવણા કરવામાં આવેલ છે. તેથી અન લેઇડ પાઇપના દર મુજબ ગણતરી કરી એજન્સી પાસેથી વસુલાત મેળવી આ કામ સરકારશ્રીની ગ્રાન્ટમાંથી કરવામાં આવેલ હોઇ અનલેઇડ પાઇપના ચુકવેલ રકમ રૂા.૨૮,૩૨,૨૪૭/૮૮ ની ગ્રાન્ટના સદરેથી બાદ કર્યા અને પાઇપ જે કામે વપરાશમાં લીધેલ હોય તે સદરે ટ્રાન્સફર કર્યાની ખરાઇ કરાવવા વિનંતી.

(૭) મુંબઇ સ્ટેમ્પ એકટ-૧૯૫૮ અનુસુચિ-૧ આર્ટીકલ-૩૬(ક) તથા સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પના તા.૫/૨/૦૭ ના પરિપત્ર મુજબ કામની અંદાજી રકમના ૫ ટકા સી.ડી. જયારે એફડીઆર માં લેવામાં આવે ત્યારે જ ૩.૫૦ ટકાના દરેના સ્ટેમ્પપેપર પર કરારખત કરવાનું રહે છે. આ કામે ટેન્ડરની શરત મુજબ ટેન્ડરની રકમ રૂા.૩,૪૯,૧૭,૪૯૬/- ના ૨.૫ ટકા લેખે રૂા.૮,૭૩,૦૦૦/- ના એફડીઆર લેવાયેલ છે. તથા બાકીના ૨.૫ ટકા રનીંગ બીલેથી વસુલ લેવામાં આવેલ હોય ઉકત પરિપત્ર મુજબ ૮૭૩૦૦૦ X ૩.૫૦ ટકા મુજબ રનીંગ બીલેથી વસુલ લેવાયેલ સી.ડી. મુજબ રૂા.૩૦૫૬૦/- ના સ્ટેમ્પપેપર પર કરારખત કરવાનું રહે છે. તેના બદલે રૂા.૧૦૦/- ના સ્ટેમ્પપેપર પર કરાર કરેલ હોય રૂા.૩૦૪૬૦/- એજન્સી પાસેથી વસુલ લઇ સરકારશ્રીમાં જમા કરાવી રહે.

(૮) ટેન્ડર મેન્યુઅલની જોગવાઇ મુજબ રૂા.૧૫ લાખ થી વધુ રકમના કામે જિલ્લા કક્ષાએથી પ્રસિધ્ધ થતા એક ગુજરાતી તથા અમદાવાદથી પ્રસિધ્ધ થતા એક ગુજરાતી તથા અંગ્રેજી દૈનિકમાં ટેન્ડર જાહેરાત પ્રસિધ્ધ કરાવવાની રહે છે જેની અમલવારી કરવામાં આવેલ નથી.

(૯) તા.૩/૬/૧૧ ની પ્રીબીડ મીટીંગના મુદ્દા નં.૯ થી એજન્સી શ્રી આર. બી. કન્સ્ટ્રકશન એ પાણી પુરવઠા પાઇપલાઇન માટે એકસાઇઝ મુક્તિ પ્રમાણપત્ર આપવાનો મુદ્દો ઉઠાવતા આ કામ શુધ્ધ પાણી લઇ જવા માટેનું હોય એકસાઇઝ પ્રમાણપત્ર આપવાનું નકારવામાં આવેલ હતુ. સેન્ટ્રલ બોર્ડ ઓફ એકસાઇઝ એન્ડ કસ્ટમ નવી દિલ્હીના સરકયુલર નં.૯૪૫/૬/૨૦૧૧-સી.એકસ. તા.૧૬/૫/૧૧ ના સરકયુલરના મુદા નં.૪ મુજબ ગ્રાહક જોડાણ સિવાયના પાણી વિતરણના કોઇ પણ કામે વાપરવામાં આવતા પાઇપમાં એકસાઇઝ મુક્તિ મળવાપાત્ર થાય છે. તેમ છતાં એકસાઇઝ મુક્તિનો લાભ ન મેળવવાના કારણે મહાનગરપાલીકાને મોટું આર્થિક નુકશાન થયેલ છે.

વિધાનસભા અહેવાલનો સુચિત ફકરો તા.૩૧/૦૭/૨૦૧૭ના રોજ અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, કમિશ્નરશ્રી, મહાનગરપાલિકા રાજકોટને રવાના કરવામાં આવેલ હતો જેનો જવાબ તા.૨૦/૨/૨૦૧૮ના રોજ સુધી મળેલ નથી.

## ૪.૭ ઘન કચરાના નિકાલ તથા લેન્ડ ફીલ સાઇટ બનાવવા માટે હેઝર બાયોટેકને અપાયેલ કામની અનિયમિતતા બાબત.( ફકરા નં.-૭૩)

(સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ)

રાજકોટ મહાનગરપાલીકાની સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા દ્વારા શહેરમાં સફાઇ લગત કચરાના એકત્રીકરણ, પરીવહન, પ્રોસેસીંગ તથા ડીસ્પોઝલને લગત કામગીરીનો સમાવેશ થાય છે. મ્યુનિસિપલ સોલીડ વેસ્ટ (વ્યવસ્થાપન અને જાળવણી) નિયમો-૨૦૦૨ તથા ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડની ગાઇડલાઇન્સ મુજબ મહાનગરપાલીકાએ ઉકત કામગીરી કરવાની રહે છે.

સરકારશ્રી (રાજકોટ કલેકટર કચેરી) દ્વારા ઘન કચરાના નિકાલ માટે મહાનગરપાલીકાને અલગ-અલગ બે હુકમ(૧)નં.લેન્ડ-અપીલ-ફા.નં.૭૨૭-વશી-૪૭૯ તા.૧૮/૫/૦૨ તથા (૨)નં.લેન્ડ-અપીલ-ફા.નં.૭૨૭-વશી-૨૦૬૨ તા.૨૧/૧૨/૦૪ થી અનુક્રમે ૪,૦૪,૬૮૦ ચો.મી. તથા ૪,૦૪,૬૦૦ ચો.મી. એટલે કે આશરે ૨૦૦ એકર જમીન ફાળવવામાં આવેલ. ઉકત જમીન રાજકોટ તાલુકાના નાકરાવાડી ગ્રામ પંચાયતની હદમાં સરકારી ખરાબામાં ફાળવવામાં આવેલ છે.

હેઝર બાયોટેક એનર્જી પ્રા.લી. ને ઘન કચરાના નિકાલની કામગીરી વૈજ્ઞાનિક ઢબે પ્રોસેસીંગ કરવા અંગેના કામ માટે ૩૦ એકર જમીન ૩૦ વર્ષના લીઝ પર આપવામાં આવેલ. તેમજ હેઝર બાયોટેક દ્વારા તે અન્વયે પ્રોસેસીંગની કામગીરી શરૂ કરવામાં આવેલ. ત્યારબાદ મ્યુનિસિપલ સોલીડ વેસ્ટ નિયમો-૨૦૦૨ મુજબ પ્રોસેસીંગ કર્યા બાદ બાકી રહેલ કચરાનો નિકાલ લેન્ડ ફીલ સાઇટમાં કરવો ફરજીયાત હોય ઉકત કામગીરી માટે પણ હેઝર બાયોટેકને સ્ટેંડીંગ કમીટી ઠરાવ નં.૩૨૩થી મંજૂરી આપી તેમની સાથે તા.૨૯/૨/૦૮ ના રોજ કરાર કરવામાં આવેલ પરંતુ એજન્સી દ્વારા નિયત મુદતમાં કામગીરી પૂર્ણ ન કરાતા સ્ટેન્ડીંગ કમીટીના ઠરાવ નં.૨૨૧ તા.૨૯/૭/૧૧ તથા વહીવટી હુકમ નં.૧૬૮ તા.૧/૮/૧૧ થી બ્લેકલીસ્ટ કરવામાં આવેલ જેની સામે એજન્સીએ દાવો કરતા નામદાર હાઇકોર્ટ બ્લેકલીસ્ટના હુકમ સામે સ્ટે ફરમાવેલ. ત્યાર બાદ એજન્સીએ સમાધાનકારી વલણ અપનાવતા ત્રણ મહિનામાં કામ પુર્ણ કરવાની શરતે પુનઃ નિમણુંક અપાયેલ.

| ૧૦૩ | ૩૧ | ૦૬-૦૫-૧૧ | શ્રી વસંત પી. માલવીયા પ્રમુખશ્રી સાંસ્કૃતિક શિક્ષણ સેવા સમાજ રાજકોટ | ૨૩૬ | ૦૧-૦૨-૧૨ | ૧૯૫૯.૬૭ | ૫૮૭૯૦ | |
| ૧૦૪ | ૧૫૫ | ૧૧-૦૮-૧૧ | શ્રી જયંતભાઇ રામભાઇ કાનગડ | ૨૩૭ | ૦૨-૦૨-૧૨ | ૫૧૫.૭૫ | ૧૫૪૭૨ | |
| ૧૦૫ | ૩૦૩ | ૧૮-૦૧-૧૨ | શ્રી રાજકોટ કોમર્શિયલ કો.ઓ.બેંક લી. | ૨૩૮ | ૦૮-૦૨-૧૨ | ૦.૦૦ | ૦ | ફાઇલ નથી |
| ૧૦૬ | ૧૯૧ | ૨૧-૦૯-૧૧ | શ્રી નિષ્ટા પ્રોપર્ટીઝ પ્રા.લી. ના શ્રી માંધાતાસિંહજી એન. જાડેજા વિ. | ૨૩૯ | ૧૦-૦૨-૧૨ | ૦.૦૦ | ૦ | ફાઇલ નથી |
| ૧૦૭ | ૨૨૦ | ૧૨-૧૦-૧૧ | શ્રી ગિરીરાજસિંહ કિરીટસિંહ જાડેજા તથા વિ. | ૨૪૧ | ૧૦-૦૨-૧૨ | ૯૪૪.૭૨ | ૨૮૩૪૧ | |
| ૧૦૮ | ૨૩૨ | ૦૨-૧૧-૧૧ | શ્રી અરવિંદ ગીરધરલાલ પારેખ | ૨૪૩ | ૧૫-૦૨-૧૨ | ૫૦૭.૨૦ | ૧૫૨૧૬ | |
| ૧૦૯ | ૨૭૪ | ૧૫-૧૨-૧૧ | શ્રી ધીરજલાલ નારણ વેગડ તથા વિ. | ૨૪૪ | ૧૬-૦૨-૧૨ | ૭૬.૦૪ | ૨૨૮૧ | |
| ૧૧૦ | ૨૩૧ | ૦૨-૧૧-૧૧ | શ્રી ચાણકય રીયાલીટીઝ પ્રા.લી. | ૨૪૫ | ૧૮-૦૨-૧૨ | ૭૦૪.૬૨ | ૨૧૧૩૮ | |
| ૧૧૧ | ૨૭૬ | ૧૫-૧૨-૧૧ | શ્રી મદારૂલ ઇસ્લામ મુલ્લા | ૨૪૬ | ૨૧-૦૨-૧૨ | ૩૭.૨૨ | ૧૧૧૬ | |
| ૧૧૨ | ૨૬૩ | ૦૧-૧૨-૧૧ | શ્રી મે.જૈન કોર્પો. નામથી ચાલતી પ્રોપ. | ૨૪૮ | ૨૨-૦૨-૧૨ | ૧૨૫૯.૭૫ | ૩૭૭૯૨ | |
| ૧૧૩ | | ૦૬-૦૯-૧૧ | શ્રી નિરંજન આર. શાહ વિ. | ૨૫૦ | ૨૩-૦૨-૧૨ | ૧૪૭૨.૬૮ | ૪૪૧૮૦ | |
| ૧૧૪ | | ૧૯-૦૧-૧૨ | શ્રી મનસુખભાઇ મારૂ તથા વિ. | ૨૫૧ | ૨૩-૦૨-૧૨ | ૫૬.૪૮ | ૧૬૯૪ | |
| ૧૧૫ | | | શ્રી વલ્લભ પી. પટેલ | ૨૫૨ | ૨૪-૦૨-૧૨ | ૧૨૯.૯૭ | ૩૮૯૯ | |
| ૧૧૬ | | | શ્રી જે. કે. ઓટોમેટીવના પાર્ટનર | ૨૫૫ | ૦૫-૦૩-૧૨ | ૮૯૧.૯૧ | ૨૬૭૫૭ | |
| ૧૧૭ | ૯૯ | ૦૨-૦૭-૧૧ | શ્રી સુરેશ ડાયાલાલ અઘેરા | ૨૫૮ | ૦૭-૦૩-૧૨ | ૩૮૪.૮૫ | ૧૧૫૪૫ | |
| ૧૧૮ | ૬૫૭ | ૩૧-૦૩-૧૨ | શ્રી મૃદુલાબેન એન. શેઠજા કુ. મુ. | ૨૬૦ | ૦૯-૦૩-૧૨ | ૧૩૨૬.૯૬ | ૩૯૮૦૮ | |
| ૧૧૯ | ૨૮૬ | ૨૩-૧૨-૧૧ | શ્રી વિરલ એમ. ભટ્ટ | ૨૬૩ | ૧૩-૦૩-૧૨ | ૧૦૪.૦૦ | ૩૧૨૦ | |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧૨૦ | ૩૩૬ | ૦૧-૦૩-૧૨ | શ્રી જીતેન્દ્ર હંસરાજ પરમાર તથા વિ. | ૨૬૮ | ૨૧-૦૩-૧૨ | ૮૮૭૧.૦૦ | ૨૬૬૧૩૦ | |
| ૧૨૧ | ૨૮૧ | ૨૦-૧૨-૧૧ | શ્રી સંજય બાબુભાઇ સાવલીયા | ૨૭૦ | ૨૩-૦૩-૧૨ | ૧૭૨.૬૯ | ૫૧૮૦ | |
| ૧૨૨ | ૩૩૯ | ૦૯-૦૩-૧૨ | શ્રી અબ્દુલઅલી હસનઅલી નાથાણી | ૨૭૧ | ૨૭-૦૩-૧૨ | ૫૮.૬૦ | ૧૭૫૮ | |
| ૧૨૩ | ૨૩૩ | ૦૩-૧૧-૧૧ | શ્રી મૌલિક જયેશકુમાર પંડયા તથા વિ. | ૨૭૩ | ૨૮-૦૩-૧૨ | ૫૪૭.૯૧ | ૧૬૪૩૭ | |
| ૧૨૪ | ૩૫૧ | ૨૨-૦૩-૧૨ | શ્રી પ્રદ્યુમનસિંહ જે. જાડેજા | ૨૭૫ | ૩૦-૦૩-૧૨ | ૧૨૬.૯૦ | ૩૮૦૭ | |
| ૧૨૫ | ૩૨૮ | ૦૧-૦૩-૧૨ | શ્રી પ્રદિપભાઇ બટુક રાઠોડ | ૨૬૫ | ૧૪-૦૩-૧૨ | ૯૧.૪૦ | ૨૭૪૨ | |
| | | | | | | | ૨૫૬૪૭૪૨ | |

**૪.૧૦ સેન્ટ્રલ ઝોન હસ્તકના વોર્ડોમાં ડ્રમ મીકસ પ્લાન્ટ તથા મીકેનીકલ પેવર ફીનીશરથી કાર્પેટ / રીકાર્પેટ કરવાના કામની અનિયમિતતા બાબત. (ફકરા નં.-૧૧૧)**

(બાંધકામ સેન્ટ્રલ ઝોન)

| | | |
|---|---|---|
| ૧ | એજન્સીનું નામ | શ્રી પવન કન્સટ્રકશન કુા. રાજકોટ |
| ૨ | કામની અંદાજી રકમ | રૂા.૪૦૦ લાખ (એકશન પ્લાન મુજબ) |
| 3 | ખર્ચ મંજુરી | રામનપા-બાંધકામ-સે.ઝોન-જા.નં.૧૮૬૧ તા.૧૧/3/૧૧ |
| ૪ | વહીવટી મંજુરી | સ્થાયી સમિતિ ઠરાવ નં.30૬ તા.૨૩/૯/૧૧ કમિશ્નરશ્રીની વહીવટી મંજુરી હુકમ સામેલ નથી. |
| ૫ | વર્કઓર્ડર નં. | ફાઇલે સામેલ નથી. |
| ૬ | કામની મુદત | ૯ માસ (નોન વર્કીંગ સમય બાદ જતા) |
| ૭ | કામ શરૂ થવાની તારીખ | તા.૨3/૧૨/૧૧ (માપપોથી મુજબ) |
| ૮ | કામ પુર્ણ કરવાની તારીખ | તા.૨૨/૧/૨૦૧3 |
| | કામ પુર્ણ કર્યા તારીખ | તા.૧/૭/૧૨ |
| ૯ | ટેન્ડરની રકમ | રૂા.૫,૮૭,૨૦,000/- ૪૬.૮ ટકા ઉંચા |
| ૧૦ | કામનો કુલ ખર્ચ | રૂા.૧૧,૧૧,૬૭,૧૫૪/- (કમિશ્નરશ્રીએ અલગથી મંજુર કરેલ કામો સહિત) |
| ૧૧ | ફાઇનલ બીલની રકમ | રૂા.૨૧,૦૮,૦૬૨/- |
| ૧૨ | ફાઇનલ બીલ નં. તારીખ | ૧૨૮૧૯ તા.3/૯/૨૦૧૨ |
| ૧3 | માપપોથી પાના નં. | ૧ થી ૧૬૨ |
| ૧૪ | ખર્ચનું સદર | રસ્તા રીકાર્પેટ, ટી.પી. વિકાસ તથા કલમ ૬3(૨) હેઠળ વિકાસ કામો અને સ્વર્ણિમ ગુજરાત |

રાજકોટ મહાનગરપાલીકાના સને ૨૦૧૧-૧૨ ના વર્ષમાં સેન્ટ્રલ ઝોન બાંધકામ શાખા દ્વારા તેના હસ્તકના વોર્ડોમાં કમિશ્નરશ્રીએ મંજુર કરેલ એકશન પ્લાન તથા અલગથી મંજુર કરેલ ડામરના કાર્પેટ/રીકાર્પેટ કરવાના કામો પાછળ કુલ રૂા.૧૧,૧૧,૬૭,૧૫૪/- નો ખર્ચ કરેલ હતો. જે અંગેની વર્કફાઇલ તથા માપપોથીની ચકાસણી કરતા સદર કામે મહાનગરપાલીકાએ કરેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

ડ્રમ મીકસ પ્લાન્ટ તથા મીકેનીકલ પેવર ફિનીસરથી ડામર કાર્પેટ/ રીકાર્પેટ તથા રસ્તા કરવાના કામે સને ૨૦૧૧-૧૨ ના વર્ષમાં કરવાના કામો અંગે સેન્ટ્રલ ઝોન હસ્તક ના વોર્ડો માટે રૂા.૪૦૦ લાખનો એકશન પ્લાન તૈયાર કરી કમિશ્નરશ્રીની મંજુરી મેળવી મુખ્ય સદર “રસ્તા રીકાર્પેટ, ટી.પી. વિકાસ કામ કલમ-૬૩(૨) હેઠળ વિકાસ કામો અને સ્વર્ણિમ ગુજરાત હેઠળ ના કામો કરાવવા માટે તા.૮/૬/૧૧ ના દૈનિક “કુલછાબ” તથા તા.૯/૬/૧૧ના દૈનિક ઇન્ડીયન એકસપ્રેસમાં તથા

મહાનગરપાલીકાની વેબ સાઇટ પર જાહેરાત પ્રસિધ્ધ કરાવી તા.૨૪/૬/૧૧ સુધી ઓન લાઇન ભાવો ભરવા માટે ઇ-ટેન્ડરીંગ પ્રક્રિયા કરેલ હતી તથા તમામ ટેન્ડર ડોકયુમેન્ટ તા.૨૮/૬/૧૧ સુધીમાં રજુ કરવા ઠરાવેલ હતુ. આ કામે તા.૧૭/૬/૧૧ ના રોજ યોજાયેલ પ્રીબીડ મીટીંગમાં નીચે મુજબના કોન્ટ્રાકટરો હાજર રહેલ હતા.

(૧) મે. કલાસીક નેટવર્ક લી.

(૨) મે. સોલંકી કન્સ્ટ્રકશન

(૩) મે. શ્રીજી કન્સ્ટ્રકશન

(૪) મે. પવન કન્સ્ટ્રકશન

ઉકત પ્રીબીડ મીટીંગની મીનીટ્સ ફાઇલે સામેલ રાખેલ નથી. નિયત સમય મર્યાદામાં એક પણ એજન્સીઓએ ઓનલાઇન ભાવો ભરેલ ન હતા. કે ટેન્ડર ડોક્યુમેન્ટ રજુ કરેલ ન હતા .ત્યાર બાદ સ્ટાર રેઇટ ચુકવવાની જોગવાઇ સાથે તા.૨૮/૭/૧૧ ના દૈનિક ‘લોક સમર્થન’ તથા તા.૩૧/૭/૧૧ ના દૈનિક ‘સંદેશ’ માં તથા મહાનગરપાલીકાની વેબસાઇટ પર જાહેરાત પ્રસિધ્ધ કરાવી તા.૧૨/૮/૧૧ સુધીમાં ઓનલાઇન ભાવો ભરવા તથા તા.૧૭/૮/૧૧ સુધીમાં ટેન્ડર ડોકયુમેન્ટ સબમીટ કરવાની શરતે ફરીવાર ઇ-ટેન્ડરીંગની પ્રક્રિયા કરેલ હતી. રીટેન્ડરીંગ પ્રક્રિયાની તા.૧/૮/૧૧ ની પ્રીબીડ મીટીંગની કુલ ૬ એજન્સીઓને ફોનથી જાણ કરતા પ્રીબીડ મીટીંગમાં શ્રી પવન કન્સ્ટ્રકશન તથા શ્રી એસ. ડી. સજ્જન એન્જીનીયર મુંબઇના પ્રતિનિધિઓ હાજર રહેલ હતા. તેમજ નિયત સમય મર્યાદામાં રજુ થયેલ બે એજન્સીઓના ટેકનીકલ બીડ ફાયનાન્સીયલ તથા એકસ્પીરીયન્સ ક્રાઇટેરીયા માં કવોલીફાઇ થતા ખોલવામાં આવેલ પ્રાઇસબીડની વિગત નીચે મુજબ હતી.

(૧) મે.પવન કન્સ્ટ્રકશન, રાજકોટ ૬૬ ટકા વધુ

(૨) મે.કલાસીક નેટવર્ક પ્રા.લી. રાજકોટ ૭૫ ટકા વધુ

ઉકત વિગતે આવેલ ભાવ ટેન્ડરમાં દાખલ કરેલ દર તથા બીટયુમીન બેઝીક સ્ટાર રેટને ધ્યાને લેતા ઘણાં ઉંચા જણાતા એલ-૧ એજન્સી શ્રી પવન કન્સ્ટ્રકશન કુા. ને તા.૯/૯/૧૧ ના રોજ નેગોશીયેશન મીટીંગમાં વાટાઘાટ માટે બોલાવેલ હતા. વાટાઘાટ બાદ એજન્સીએ તેમના છેવટના ભાવ ૪૬.૮ ટકા ઉંચા આપેલ હતા. જે એડી. સીટી એન્જીનીયરશ્રીના અભિપ્રાય મુજબ વ્યાજબી હોય સ્થાયી સમિતિએ ઠરાવ નં.૩૦૬ તા.૨૩/૯/૧૧ થી મંજુર કરેલ હતા. કચેરીના પત્ર નં.આરએમસી-બાંધકામ-જા.નં.૭૧૦ તા.૭/૧૦/૧૧ થી એજન્સીને જાણ કરતા સિકયોરીટી ડીપોઝીટ પેટે રૂા.૧૦ લાખની આઇસીઆઇસીઆઇ બેંકની બેંક ગેરેંટી સાથે રૂા.૧૦૦/- ના સ્ટેમ્પપેપર પર કરારખત તા.૭/૧૦/૧૧ થી રજુ કરેલ હતો. ઉકત વિગતેની ફાઇલની ચકાસણી કરતા ધ્યાને આવેલ અનિયમિતતા બાબતે નીચે મુજબ ઓડીટ નોંધ આપવામાં આવે છે.

(૧) સને ૨૦૧૧-૧૨ ના વર્ષ દરમ્યાન ડામર કાર્પેટ, રીકાર્પેટ કરવાના કમિશ્નર સાહેબે એક્શન પ્લાન મુજબના તથા અલગથી મંજુર કરેલ કામોની ફાઇલો ઓડીટ સમક્ષ રજુ કરેલ ન હોવાથી મહાનગરપાલીકાએ ઓડીટ વર્ષમાં કરેલ પેવરના કામોની સક્ષમ સત્તાની મંજુરી મળેલ હોવાની તથા કરેલ કામોની યોગ્યતાની અન્વેષણને ખાત્રી થતી નથી.

(૨) પેરા નં.૧ મુજબની વિગતો ઓડીટમાં રજુ થયેલ ન હોવાથી શહેરના જે તે વિસ્તારના પેવરના મંજુર થયેલ રકમની મર્યાદામાં ખર્ચ કરેલ હોવાની ખરાઇ થતી નથી. તથા જે તે કામે એકસેસ સેવીંગ ખર્ચની ચકાસણી થઇ શકેલ નથી.

(3) ટેન્ડર ભરનાર એજન્સીઓના રજુ થયેલ ટેન્ડર તથા ફીઝીકલ ડોકયુમેન્ટ ફાઇલે સામેલ રાખેલ ન હોવાથી ટેન્ડરની શરત મુજબના નાણાકીય તથા અનુભવના ક્રાઇટેરીયા મુજબ કવોલીફાય થતી હોવાની ચકાસણી થઇ શકેલ નથી.

(૪) આ કામનો એજન્સીને આપેલ વર્કઓર્ડર તથા કામનું કમ્પલીશન સર્ટી ફાઇલે સામેલ રાખેલ ન હોવાથી કામ નિયત સમય મર્યાદામાં પુર્ણ થયાની તથા કામ નિયત સ્પેશીફીકેશન મુજબ સંતોષકારક પુર્ણ કર્યાની ઓડીટે ખરાઇ થઇ શકેલ નથી.

(૫) એડી. સીટી એન્જીનીયર શ્રી સેન્ટ્રલ ઝોન તથા ઇસ્ટ ઝોનના સંયુકત આદેશ નં.રામનપા-સે.ઝોન-બાંધકામ-જા.નં.૯૧૩ તા.૧૦/૧૨/૧૧ માં જણાવ્યા મુજબ આ કામની એજન્સીઓને કામ ચાલુ કર્યાની તારીખ બાદના ડામરની ખરીદીના ભાવ મુજબ સ્ટાર રેટ ચુકવવાનો હુકમ થયેલ છે તેમજ સ્ટાર રેટના નિયમો મુજબ વર્કઓર્ડરની તારીખ બાદ સદર કામે ઉપયોગમાં લેવાપાત્ર ડામરના જથ્થાની ખરીદી માટે બેઝીક દરથી જેટલો વધુ ભાવ એજન્સીએ ચુકવવો પડે તેટલા તફાવતનું એજન્સીને સ્ટાર રેઇટ તરીકે ચુકવવા પાત્ર થાય છે. આ કામની માપપોથીઓની ચકાસણી કરતા પરિશિષ્ટ નં.-૪.૧૦(૧) માં દર્શાવેલ ડામરની ખરીદી એજન્સીએ વર્કઓર્ડરની તારીખ પહેલા કરેલ હતી. અને તે જથ્થાનો આ કામે વપરાશ કરેલ હતો અને તે જથ્થાની ખરીદી પાછળ ડામરના બેજીક રેઇટથી અધિક ચુકવેલ રકમની ગણતરી કરી સ્ટાર રેઇટનું ચુકવણું કરવામાં આવેલ છે. જે સ્ટાર રેઇટના નિયમો તથા ઉકત તા.૧૨/૧૨/૧૧ ના એડી. સીટી ઇજનેરના આદેશ મુજબ ચુકવવા પાત્ર ન હોવા છતાં પરિશિષ્ટ નં.-૪.૧૦(૨)ની વિગતે કુલ રૂા. ૭૦૮૫૨૪/- નું સ્ટાર રેઇટ તરીકે ચુકવણું કરેલ જેની વસુલાત મેળવવી રહે.

(૬) કમિશ્નરશ્રીએ અલગથી મંજુર કરેલ પેવરના કામોની માપપોથીઓની ચકાસણી કરતા સામેલ પરિશિષ્ટ ની વિગતેના કામોમાં એજન્સીએ કરેલ કામના એબસ્ટ્રેકટની વિગતમાં સ્ટાર રેઇટની રકમ ઉમેરી આવેલ સરવાળાની રકમ ૪૬.૮૦ ટકા ઓનની રકમ ગણી ચુકવણા કરવામાં આવેલ છે. સ્ટાર રેઇટના નિયમોનુસાર સ્ટાર રેઇટની રકમ ઉપર ટેન્ડરની ઓનની રકમ ચુકવવાની રહેતી નથી. આથી સામેલ પત્રકની વિગતેના બીલોમાં કુલ રૂા.૨,૨૧,૦૦૫/૨૪ નું કરેલ અધિક ચુકવણાની વસુલાત મેળવવી રહે.

(૭) ટેન્ડરની શરત નં.૫ મુજબ એજન્સીનું બીડ સ્વીકારવામાં આવે તયાર બાદ ૪૫ દિવસમાં રાજકોટ શહેરથી ૪૦ કિ.મી. સુધીમાં પેવરના કામ માટેનો મીકસ પ્લાન્ટ તૈયાર કરે લેવાનો રહે છે અને તેની સંપુર્ણ માહિતીની કચેરીને જાણ કર્યાની કોઇ વિગતો ફાઇલે સામેલ ન હોવાથી એજન્સીએ ટેન્ડરની શરત મુજબ ના સમયમાં પ્લાન્ટ એસ્ટાબ્લીશ કરી કામ શરૂ કર્યાની ખાત્રી થતી નથી.

(૮) ટેન્ડરના પેરા નં.૧૦ તથા માર્ગ અને મકાન વિભાગના પરિપત્ર નં.આરજીએન-૬૦૨૦૦૬-૩૫-સ તા.૩૧/૫/૦૭ માં થયેલ જોગવાઇ મુજબ રૂા.૧ કરોડ કે તેથી વધુ અંદાજી રકમના કામની સાઇટ પર કોન્ટ્રાકટરે ફુલ ટાઇમ કવોલીફાય નિવાસી ઇજનેરની સંપુર્ણ બાયો ડેટા સાથે કોર્પોરેશનના એન્જીનીયર ઇન્ચાર્જની પૂર્વ મંજુરી મેળવીને નિમણુંક કરવાની રહે છે. નિવાસી ઇજનેરની નિમણુંકના હુકમ તથા

લાયકાતના પ્રમાણપત્રો, હાજર રીપોર્ટ સાથે કચેરીમાં રજુ કરવાના રહે છે. નિવાસી ઇજનેરની કોન્ટ્રાકટરે નિમણુંક કર્યાના કોઇ આધારોથી ખરાઇ કરાવેલ નથી. ઉકત પરિપત્રની જોગવાઇ મુજબ નિવાસી ઇજનેરની નિમણું કરવામાં આવેલ ન હોય તો એજન્સીના ચુકવણાના બીલેથી દર માસે રૂા.૧૫,૦૦૦/- ની કપાત કરવાની રહે છે જે વસુલાત કરેલ નથી. તેથી એજન્સીએ કામ શરૂ કર્યાની તારીખની વિગતો મળેલ ન હોવાથી વર્કઓર્ડરની તા.૨૩/૧૨/૧૧ થી કામ પુર્ણ કર્યા તા.૧/૭/૧૨ સુધી કુલ-૬ માસ ૧૦ દિવસના રૂા.૯૫,૦૦૦/- ની વસુલાત કરવી રહે.

(૯) સુપ્રિ. ઓફ સ્ટેમ્પની કચેરી, ગાંધીનગરના તા.૫/૨/૦૭ ના તથા મુંબઇ સ્ટેમ્પ અધિનિયમ-૧૯૫૮ ના આર્ટીકલ-૨૧૭ મુજબ કામની અંદાજીત રકમના ૫ ટકા સિકયોરીટી ડીપોઝીટ પેટે લેવાની રહે છે. સિકયોરીટી ડીપોઝીટ બેંક ગેરેંટી અથવા રોકડમાં લેવાના સમયે રૂા.૧૦૦/- ના સ્ટેમ્પપેપર પર કરારખત કરવાનો રહે છે. સદર કામે સિકયોરીટી ડીપોઝીટ ૨.૫ ટકા લેખે રૂા.૧૦ લાખની બેંક ગેરેંટી લેવામાં આવેલ હોય રૂા.૧૦૦/- ના સ્ટેમ્પપેપર પર કરારખત કરેલ છે. બાકી રહેલ ૨.૫ ટકા સિકયોરીટી ડીપોઝીટની રકમની કોન્ટ્રાકટરના રનીંગ બીલેથી વસુલ નહી કરવા અંગે સ્પષ્ટતા કરવી રહે.

(૧૦) પેવર કામે માપપોથીમાં આઇટમ વાઇઝ મિશ્રણ પાથરવા માટેની વિગતોમાં જે તે રોડ રસ્તાની લંબાઇ, પહોળાઇ, જાડાઇના માપો દર્શાવેલ નથી. પરંતુ ડમ્પર ટ્રેકટરનું કુલ વજન મિશ્રણનું નેટ વજન દર્શાવેલ અને તે મુજબ ચુકવણા કરેલ છે. તેથી માર્ગ અને મકાન વિભાગના પરિપત્ર ક્રમાંકઃ એસએસઆર-૧૦૯૦-૩૧૮૩-(૨૦)સી તા.૬/૪/૯૧ થી અપાયેલ સુચના મુજબ રોડની જુદી-જુદી પહોળાઇ માટે ડામરની ઘનતા, ડામરની ટકાવારી, ગ્રેડેશન, ડેન્સીટી મુજબ કામગીરી કોન્ટ્રાકટ દ્વારા કરાયાની ફાઇલ તથા માપપોથી પરથી સ્પષ્ટ થતુ નથી.

(૧૧) પેવર સાઇટ પર રાખવાના રજીસ્ટરો તથા વે બ્રીજની વજન ચીઠ્ઠીઓ ઓડીટ સમક્ષ રજુ થયેલ ન હોવાથી પ્લાન્ટ પરથી ડમ્પર/ટ્રેકટરમાં ભરાયેલ હોટ મીકસ મટીરીયલ પેવર સાઇટ પર ઉતારવામાં આવેલ હોવાની રેકર્ડ આધારીત ખાત્રી થતી નથી.

(૧૨) બીટયુમીન, એલડીઓ, એચએસડી ની ખરીદીના રીફાઇનરીના બીલો તથા અન્ય મટીરીયલ ખરીદીના કોન્ટ્રાકટરે નિભાવવાના સ્ટોક રજીસ્ટરો ઓડીટ સમક્ષ રજુ કરેલ નથી. તેથી ટેન્ડરની શરતો, નિયત સ્પેશીફીકેશન તથા તા.૧૯/૧/૦૫ ના સ્થાયી સમિતિના ઠરાવ નં.૬૬૩ થી નિયત કરાયેલ પ્રમાણમાં કોન્ટ્રાકટરે માલ મટીરીયલનો વપરાશ કર્યાની તથા કોન્ટ્રાકટરને ચુકવેલ રકમ તથા સ્ટાર રેઇટની યોગ્યતાની ઓડીટને ખરાઇ થતી નથી.

(૧૩) આ કામનું કમ્પલીશન સર્ટીફીકેટ ફાઇલે સામેલ રાખેલ ન હોવાથી કામ સમય મર્યાદામાં પુર્ણ કરાયેલ હોવાની ખરાઇ થતી નથી. તેમજ સક્ષમ અધિકારીશ્રીના કમ્પલીશન સર્ટીફીકેટ મેળવ્યા વગર ફાઇનલ બીલના ચુકવણા નહી કરવાની સ્પષ્ટ જોગવાઇ ટેન્ડરમાં થયેલ હોવા છતાં ફાઇનલ બીલનું ચુકવણા કરવામાં આવેલ છે.

(૧૪) ટેન્ડરની વધારાની શરત નં.૮ મુજબ બીટયુમીનના બેઝીક રેઇટના રૂા.૪૦,૬૧૯/૬૭ પ્રતિ મે.ટનના નિયત થયેલ છે અને સ્ટાર રેઇટના ચુકવણા કરવી વખતે જે તે વખતના આઇ.ઓ.સી. ના ભાવો ધ્યાને લઇને ચુકવણા કરવાના રહે છે. આ કામની માપપોથીની ચકાસણી કરતા એજન્સીએ આ કામે વાપરવામાં આવેલ ડામરની ખરીદી એસ્સાર ઓઇલ લી. માંથી ખરીદ કરવેલ હતી અને એસ્સાર

ઓઇલ લી. ના ખરીદ ભાવને ધ્યાને લઇને સ્ટાર રેઇટનું ચુકવણું કરેલ છે. તેથી આઇ.ઓ.સી. ના ભાવો મુજબ સ્ટાર રેઇટની ગણતરી કરી તફાવતની રકમ એજન્સી પાસેથી વસુલ કરવી રહે.

(૧૫) રૂા.૨૦ લાખ કે તેથી વધુ રકમના કામ માટે ઓછામાં ઓછા બે ગુજરાતી તથા એક અંગ્રેજી દૈનિકમાં જાહેરાત પ્રસિધ્ધ કરવાની જોગવાઇ બાંધકામ નિયમ સંગ્રહ ભાગ-૧ ના પારા નં.૨૦૦ થી થયેલ છે. સંસ્થા દ્વારા તા.૨૮/૭/૧૧ ના લોકસમર્થન તથા તા.૩૧/૭/૧૧ ના 'સંદેશ' દૈનિકમાં જાહેરાત પ્રસિધ્ધ કર્યાના આધારો સામેલ રાખેલ છે. પરંતુ અંગ્રેજી દૈનિકમાં જાહેરાત પ્રસિધ્ધ કરાયાના આધારથી ખરાઇ કરાવેલ નથી.

(૧૬) આ કામની માપપોથીઓની ચકાસણી કરતા એજન્સીને ચુકવણા કરેલ રનીંગ બીલો તથા ફાઇનલ બીલોના માપોમાં પ્લાન્ટ એન્જી.ની સહીઓ થયેલ છે. એક પણ બીલોમાં સાઇટ એન્જીનીયરની સહીઓ થયેલ નથી. તેથી માપોપોથીમાં દર્શાવેલ માપો મુજબ સાઇટ ઉપર ખરેખર કામ થયાની ઓડીટે ખાત્રી થતી નથી.

(૧૭) એકશન પ્લાનના મંજુર થયેલ તથા કમિશ્નરશ્રીએ અલગથી મંજુર કરેલ કામોની ફાઇલો રજુ થયેલ ન હોય તેમજ એજન્સીને ચુકવણા રનીંગ બીલો તથા ફાઇનલ બીલો સંસ્થાએ રજુ કરેલ ન હોવાથી ઓડીટે ચકાસણી શકય બનેલ ન હતી.

વિધાનસભા અહેવાલનો સુચિત ફકરો તા.૩૧/૦૭/૨૦૧૭ના રોજ અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, કમિશ્નરશ્રી, મહાનગરપાલિકા રાજકોટને રવાના કરવામાં આવેલ હતો જેનો જવાબ તા.૨૦/૨/૨૦૧૮ના રોજ સુધી મળેલ નથી.

## પરિશિષ્ટ નંબર- ૪.૧૦ (૧)

## એજન્સી શ્રી પવન કન્સ્ટ્રકશનને ચુકવેલ સ્ટાર રેટની રકમ પર ટેન્ડર પ્રીમીયમની ચુકવેલ રકમની વિગતનું પત્રક

| ક્રમ | કામનું નામ | માપપોથી નંબર | ચુકવેલ સ્ટાર રેઇટની રકમ | સ્ટાર રેઇટ પર ૪૬.૮ ટકા ચુકવેલ પ્રીમીયમ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | વોર્ડ નં.૧૫ માં લક્ષ્મીવાડી વિસ્તારની જુદી-જુદી શેરીઓમાં પેવર ફીનીસરથી રીકાર્પેટ કરવાનું કામ | ૧ થી ૨૧ | ૧૮૫૫૨૬.૭૫ | ૮૬૮૨૬.૫૨ |
| ૨ | વોર્ડ નં.૨૨ રામેશ્ર્વર સોસા. એરીયામાં રીકાર્પેટ કરવાનું કામ | ૨૨ થી ૩૫ | ૧૫૯૭૪૧.૯૯ | ૭૪૭૫૯.૨૫ |
| ૩ | વોર્ડ નં.૨૨ ઇન્દીરાનગર, ન્યુ સુભાષનગર અને ઘનશ્યામ નગરમાં કાર્પેટનું કામ | ૩૬ થી ૪૩ | ૪૫૩૮૬.૪૬ | ૨૧૨૪૦.૮૬ |
| ૪ | વોર્ડ નં.૨૨ ઢેબર રોડ સાઉથ થી પારડી માર્ગ સુધી ડામર રીકાર્પેટનું કામ | ૪૪ થી ૪૯ | ૬૪૭૬૧.૬૩ | ૩૦૩૦૮.૪૪ |
| ૫ | વોર્ડ નં.૨૨ લાલ પાર્કની શેરીઓમાં ડામર કાર્પેટનું કામ | ૫૦ થી ૫૫ | ૧૬૮૧૬.૬૦ | ૭૮૭૦.૧૭ |
| | | | ૪૭૨૨૩૩.૪૩ | ૨૨૧૦૦૫.૨૪ |

પરિશિષ્ટ નંબર- ૪.૧૦ (૨)

## સેન્ટ્રલ ઝોન હેઠળના પેવરના કામે વર્કઓડર ની તારીખ પહેલા કરેલ ડામરની ખરીદી પર સ્ટાર રેટના ચુકવણાની વિગત દર્શાવતું પરિશિષ્ટ

| ક્રમ | ડામર ખરીદીની તારીખ | ઇન્વોઇસ ગેટ પાસ નંબર | ડામરનો જથ્થો (મે.ટન) | ડામરની ખરીદી ભાવ | આઇઓસી ના બેઝીક ભાવથી અધિક રકમ | કુલ સ્ટારની રકમ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | ૦૭-૧૧-૧૧ | ૧૦૩૨૫૨ | ૧૯.૫૬૦ | ૪૧૪૦૦.૫૯ | ૭૮૦.૯૨ | ૧૫૨૭૪.૮૦ |
| ૨ | ૧૦-૧૧-૧૧ | ૧૦૩૫૫૯ | ૧૯.૩૯૦ | ૪૧૪૦૦.૫૯ | ૭૮૦.૯૨ | ૧૫૧૪૨.૦૪ |
| ૩ | ૧૧-૧૧-૧૧ | ૧૦૩૬૮૨ | ૧૯.૩૮૦ | ૪૧૪૦૦.૫૯ | ૭૮૦.૯૨ | ૧૫૧૩૪.૨૩ |
| ૪ | ૧૨-૧૧-૧૧ | ૧૦૩૭૫૧ | ૧૯.૭૨૦ | ૪૧૪૦૦.૫૯ | ૭૮૦.૯૨ | ૧૫૩૯૯.૭૪ |
| ૫ | ૧૪-૧૧-૧૧ | ૧૦૩૯૨૦ | ૧૯.૫૩૦ | ૪૧૪૦૦.૫૯ | ૭૮૦.૯૨ | ૧૫૨૫૧.૩૭ |
| ૬ | ૧૫-૧૧-૧૧ | ૧૦૪૦૪૦ | ૧૯.૨૨૦ | ૪૧૪૦૦.૫૯ | ૭૮૦.૯૨ | ૧૫૦૦૯.૨૮ |
| ૭ | ૧૫-૧૧-૧૧ | ૧૦૪૦૫૯ | ૧૪.૮૦૦ | ૪૧૪૦૦.૫૯ | ૭૮૦.૯૨ | ૧૧૫૫૭.૬૨ |
| ૮ | ૧૭-૧૧-૧૧ | ૧૦૪૧૪૨ | ૧૯.૪૩૦ | ૪૧૨૪૪.૪૧ | ૬૨૪.૭૪ | ૧૨૧૩૮.૭૦ |
| ૯ | ૧૭-૧૧-૧૧ | ૧૦૪૨૦૮ | ૧૯.૩૮૦ | ૪૧૨૪૪.૪૧ | ૬૨૪.૭૪ | ૧૨૧૦૭.૪૬ |
| ૧૦ | ૧૮-૧૧-૧૧ | ૧૦૪૨૦૯ | ૧૯.૫૧૦ | ૪૧૨૪૪.૪૧ | ૬૨૪.૭૪ | ૧૨૧૮૮.૬૮ |
| ૧૧ | ૧૯-૧૧-૧૧ | ૧૦૪૩૯૯ | ૧૪.૬૯૦ | ૪૧૨૪૪.૪૧ | ૬૨૪.૭૪ | ૯૧૭૭.૪૩ |
| ૧૨ | ૨૧-૧૧-૧૧ | ૧૦૪૪૭૦ | ૧૯.૫૧૦ | ૪૧૨૪૪.૪૧ | ૬૨૪.૭૪ | ૧૨૧૮૮.૬૮ |
| ૧૩ | ૨૮-૧૧-૧૧ | ૧૦૫૨૩૬ | ૧૯.૫૧૦ | ૪૧૨૪૪.૪૧ | ૬૨૪.૭૪ | ૧૨૧૮૮.૬૮ |
| ૧૪ | ૨૯-૧૧-૧૧ | ૧૦૫૨૪૦ | ૧૯.૫૩૦ | ૪૧૨૪૪.૪૧ | ૬૨૪.૭૪ | ૧૨૨૦૧.૧૭ |
| ૧૫ | ૦૧-૧૨-૧૧ | ૧૦૫૬૦૧ | ૧૪.૮૯૦ | ૪૨૭૩૪.૧૪ | ૨૧૧૪.૩૭ | ૩૧૪૮૨.૯૭ |
| ૧૬ | ૦૧-૧૨-૧૧ | ૧૦૫૬૧૫ | ૧૯.૫૧૦ | ૪૨૭૩૪.૧૮ | ૨૧૧૪.૫૧ | ૪૧૨૫૪.૦૯ |
| ૧૭ | ૦૩-૧૨-૧૧ | ૧૦૫૭૫૪ | ૧૪.૯૮૦ | ૪૨૭૩૪.૧૭ | ૨૧૧૪.૫૦ | ૩૧૬૭૫.૨૧ |
| ૧૮ | ૦૩-૧૨-૧૧ | ૧૦૫૭૯૨ | ૧૯.૫૦૦ | ૪૨૭૩૪.૧૦ | ૨૧૧૪.૪૩ | ૪૧૨૩૧.૩૯ |
| ૧૯ | ૦૭-૧૨-૧૧ | ૧૦૬૧૫૬ | ૧૫.૦૪૦ | ૪૨૭૩૪.૧૭ | ૨૧૧૪.૫૦ | ૩૧૮૦૨.૦૮ |
| ૨૦ | ૦૭-૧૨-૧૧ | ૧૦૬૧૬૦ | ૨૧.૭૮૦ | ૪૨૭૩૪.૧૫ | ૨૧૧૪.૪૮ | ૪૬૦૫૩.૩૭ |
| ૨૧ | ૦૮-૧૨-૧૧ | ૧૦૬૨૩૭ | ૧૪.૭૯૦ | ૪૨૭૩૪.૧૪ | ૨૧૧૪.૪૭ | ૩૧૨૭૩.૦૦ |
| ૨૨ | ૦૯-૧૨-૧૧ | ૧૦૬૩૭૪ | ૧૯.૪૯૦ | ૪૨૭૩૪.૧૨ | ૨૧૧૪.૪૫ | ૪૧૨૧૦.૬૩ |

| ક્રમ | ડામર ખરીદીની તારીખ | ઇન્વોઇસ ગેટ પાસ નંબર | ડામરનો જથ્થો (મે.ટન) | ડામરની ખરીદી ભાવ | આઇઓસી ના બેઝીક ભાવથી અધિક રકમ | કુલ સ્ટારની રકમ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૨૩ | ૧૪-૧૨-૧૧ | ૧૦૬૭૭૦ | ૧૯.૪૪૦ | ૪૨૭૩૪.૧૫ | ૨૧૧૪.૪૮ | ૪૧૧૦૫.૪૯ |
| ૨૪ | ૧૫-૧૨-૧૧ | ૧૦૬૮૩૮ | ૧૯.૫૫૦ | ૪૨૭૩૪.૨૧ | ૨૧૧૪.૫૪ | ૪૧૩૩૯.૨૬ |
| ૨૫ | ૧૭-૧૨-૧૧ | ૧૦૭૦૩૨ | ૧૯.૫૪૦ | ૪૩૧૦૬.૬૦ | ૨૪૮૬.૯૩ | ૪૮૫૯૪.૬૧ |
| ૨૬ | ૧૯-૧૨-૧૧ | ૧૦૭૧૪૬ | ૧૯.૩૮૦ | ૪૩૧૦૬.૬૦ | ૨૪૮૬.૯૩ | ૪૮૧૯૬.૭૦ |
| ૨૭ | ૨૨-૧૨-૧૧ | ૧૦૭૩૭૧ | ૧૯.૪૪૦ | ૪૩૧૦૬.૬૦ | ૨૪૮૬.૯૩ | ૪૮૩૪૫.૯૨ |
| | | | | | | ૭૦૮૫૨૪.૬૦ |

પરિશિષ્ટ નંબર- ૪.૧૦ (૩)

## સને ૨૦૧૧-૧૨ ના વર્ષ દરમ્યાન સેન્ટ્રલ ઝોન હેઠળના વોર્ડોમાં થયેલ ડામર કાર્પેટ/રીકાર્પેટના કામે હોટમીકસ પ્લાન્ટથી પેવર સાઇટ સુધી માલ મટીરીયલ ફેરાના એક જ વાહનના દિવસ દરમ્યાન ખાલી વાહનના વજનના તફાવતનું પત્રક

| ક્રમ | ઓડીટ બીલ નંબર | ઓડીટ બીલ તારીખ | બીલની કુલ રકમ | આઇટમ નંબર | એમ.બી. પાના નં. | વાહન ફેરાની તારીખ | વાહન નં. | ચલણ નંબર | ભરેલ વાહનનું ગ્રોસ વજન કિ.ગ્રા. | ખાલી વાહનનું વજન કિ.ગ્રા. | એક જ વાહનના એક દિવસના ખાલી વજનનો તફાવત | મટીરીયલનું નેટ વજન | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ |
| ૧ | ૨૦૮૦૫ | ૦૬-૦૧-૧૨ | ૨૭૫૪૫૩૮ | ૧ | ૨ | ૨૯-૧૨-૧૧ | GJ-3AT 657 | ૪૫૯૦ | ૨૨૫૩૫ | ૭૮૧૫ | ૦ | ૧૪૭૨૦ | - |
| | | | | | | ૨૯-૧૨-૧૧ | GJ-3AT 657 | ૪૬૧૧ | ૨૨૬૦૫ | ૭૨૩૫ | -૬૨૦ | ૧૫૩૭૦ | |
| | | | | | ૩ | ૩૧-૧૨-૧૧ | GJ-3AT 657 | ૪૬૯૧ | ૨૦૬૩૦ | ૯૩૪૦ | | ૧૧૨૯૦ | |
| | | | | | | ૩૧-૧૨-૧૧ | GJ-3AT 657 | ૪૭૨૭ | ૨૪૬૮૫ | ૮૦૯૦ | -૧૨૫૦ | ૧૬૫૯૫ | |

| | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૨૧૯૩૪ | ૧૮-૦૧-૧૨ | ૨૭૫૪૭૩૫ | ૧ | ૧૮ | ૦૯-૦૧-૧૨ | **GJ-3U 6239** | ૫૧૧૫ | ૧૭૬૪૫ | ૭૨૯૦ | | ૧૦૩૫૫ | |
| | | | | | | ૦૯-૦૧-૧૨ | **GJ-3U 6239** | ૫૧૫૫ | ૧૮૧૫૦ | ૭૦૩૫ | -૨૫૫ | ૧૧૧૧૫ | |
| | | | | | | ૦૯-૦૧-૧૨ | **GJ-3AT 657** | ૫૧૩૭ | ૨૩૮૪૦ | ૭૫૨૦ | | ૧૬૩૨૦ | |
| | | | | | | ૦૯-૦૧-૧૨ | **GJ-3AT 657** | ૫૧૬૧ | ૨૨૫૫૫ | ૭૧૮૦ | -૩૪૦ | ૧૫૩૭૫ | |
| | | | | | | ૦૯-૦૧-૧૨ | **GTW 8726** | ૫૧૩૮ | ૧૭૧૬૦ | ૭૬૪૫ | | ૯૫૧૫ | |
| | | | | | | ૦૯-૦૧-૧૨ | **GTW 8726** | ૫૧૫૭ | ૧૮૯૭૫ | ૭૧૨૫ | -૫૨૦ | ૧૧૮૫૦ | |
| ૩ | ૨૨૭૯૫ | ૩૧-૦૧-૧૨ | ૨૧૩૩૧૧૫ | ૧ | ૨૬ | ૧૯-૦૧-૧૨ | **GJ-3U 6239** | ૫૫૫૧ | ૧૮૨૫૫ | ૭૭૦૫ | | ૧૦૫૫૦ | |
| | | | | | | ૧૯-૦૧-૧૨ | **GJ-3U 6239** | ૫૫૭૫ | ૧૮૪૫૦ | ૭૩૬૫ | -૩૪૦ | ૧૧૦૮૫ | |
| | | | | | | ૧૯-૦૧-૧૨ | **GJ-3Y 9652** | ૫૫૫૩ | ૩૦૪૧૫ | ૧૦૫૯૫ | | ૧૯૮૨૦ | |
| | | | | | | ૧૯-૦૧-૧૨ | **GJ-3Y 9652** | ૫૫૮૬ | ૩૧૨૩૫ | ૧૦૨૩૫ | -૩૬૦ | ૨૧૦૦૦ | |
| | | | | | | ૧૯-૦૧-૧૨ | **GJ-3Y 8591** | ૫૫૬૨ | ૧૮૮૯૦ | ૭૭૩૦ | | ૧૧૧૬૦ | |
| | | | | | | ૧૯-૦૧-૧૨ | **GJ-3Y 8591** | ૫૫૮૭ | ૧૯૫૧૫ | ૭૪૩૫ | -૨૯૫ | ૧૨૦૮૦ | |
| | | | | | | ૧૯-૦૧-૧૨ | **GJ-12T 7505** | ૫૫૬૬ | ૧૭૭૧૦ | ૭૭૪૫ | | ૯૯૬૫ | |

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | ૧૯-૦૧-૧૨ | GJ-12T 7505 | ૫૬૧૩ | ૧૫૮૯૦ | ૭૧૩૦ | -૬૧૫ | ૮૭૬૦ | |
| | | | | | ૨૭ | ૨૦-૦૧-૧૨ | GTW 8726 | ૫૬૨૨ | ૨૦૫૨૫ | ૭૬૨૦ | | ૧૨૯૦૫ | |
| | | | | | | ૨૦-૦૧-૧૨ | GTW 8726 | ૫૬૫૦ | ૧૯૪૯૦ | ૭૧૪૫ | -૪૭૫ | ૧૨૩૪૫ | |
| | | | | | | ૨૦-૦૧-૧૨ | GJ-3Y 8591 | ૫૬૩૧ | ૧૯૪૭૫ | ૭૭૩૫ | | ૧૧૭૪૦ | |
| | | | | | | ૨૦-૦૧-૧૨ | GJ-3Y 8591 | ૫૬૫૬ | ૨૦૨૦૫ | ૭૧૦૦ | -૬૩૫ | ૧૩૧૦૫ | |
| ૪ | ૨૪૨૫૩ | ૧૬-૦૨-૧૨ | ૬૦૦૪૪૪૩ | ૧ | ૩૪ | ૧૧-૦૨-૧૨ | GJ-3Y 9653 | ૪૮૬ | ૩૨૭૯૫ | ૧૧૦૦૦ | | ૨૧૭૯૫ | |
| | | | | | | ૧૧-૦૨-૧૨ | GJ-3Y 9653 | ૫૦૮ | ૩૧૮૬૦ | ૧૦૪૬૫ | -૫૩૫ | ૨૧૩૯૫ | |
| | | | | | | ૧૧-૦૨-૧૨ | GJ-12T 7505 | ૪૭૯ | ૧૭૯૬૦ | ૭૬૪૦ | | ૧૦૩૨૦ | |
| | | | | | | ૧૧-૦૨-૧૨ | GJ-12T 7505 | ૪૯૯ | ૧૮૯૦૦ | ૭૧૭૫ | -૪૬૫ | ૧૧૭૨૫ | |
| | | | | ૨ | ૩૫ | ૦૮-૦૨-૧૨ | GJ-3T 3871 | ૩૦૩ | ૧૯૨૨૦ | ૮૨૮૦ | | ૧૦૯૪૦ | |
| | | | | | | ૦૮-૦૨-૧૨ | GJ-3T 3871 | ૩૨૫ | ૧૯૩૨૫ | ૭૪૬૦ | -૮૨૦ | ૧૧૮૬૫ | |
| | | | | | | ૦૮-૦૨-૧૨ | GJ-3AT 657 | ૩૧૦ | ૨૨૪૦૦ | ૭૭૪૦ | | ૧૪૬૬૦ | |

| | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | ૦૮-૦૨-૧૨ | **GJ-3AT 657** | ૩૨૪ | ૨૧૪૧૫ | ૭૪૬૫ | -૨૭૫ | ૧૩૯૫૦ | |
| | | | | ૨ | ૩૬ | ૦૯-૦૨-૧૨ | **GJ-12T 7505** | ૩૭૧ | ૧૬૯૫૦ | ૮૭૮૦ | | ૮૧૭૦ | |
| | | | | | | ૦૯-૦૨-૧૨ | **GJ-12T 7505** | ૩૯૩ | ૧૭૫૨૦ | ૭૧૪૦ | -૧૬૪૦ | ૧૦૩૮૦ | |
| ૫ | ૨૪૪૭૮ | ૨૧-૦૨-૧૨ | ૨૦૯૬૫૧૬ | ૨ | ૫૪ | ૧૫-૦૨-૧૨ | **GJ-3Y 9652** | ૬૮૩ | ૩૧૩૩૫ | ૧૪૭૭૦ | | ૧૬૫૬૫ | |
| | | | | | | ૧૫-૦૨-૧૨ | **GJ-3Y 9652** | ૭૦૬ | ૩૧૫૭૦ | ૧૦૫૯૦ | -૪૧૮૦ | ૨૦૯૮૦ | |
| ૬ | ૨૪૯૧૨ | ૨૪-૦૨-૧૨ | ૩૧૬૨૫૧૫ | ૨ અને ૪ | ૫૪ | ૧૫-૦૨-૧૨ | **GJ-23T 5535** | ૬૮૫ | ૨૯૩૩૫ | ૧૩૫૦૦ | | ૧૫૮૩૫ | |
| | | | | | ૫૫ | ૧૫-૦૨-૧૨ | **GJ-23T 5535** | ૭૦૫ | ૩૦૫૦૫ | ૧૦૨૫૫ | -૩૨૪૫ | ૨૦૨૫૦ | |
| | | | | ૧ | ૬૫ | ૧૮-૦૨-૧૨ | **GJ-3T 3871** | ૮૬૨ | ૧૮૨૬૦ | ૭૪૬૫ | | ૧૦૭૯૫ | |
| | | | | ૧ | ૬૫ | ૧૮-૦૨-૧૨ | **GJ-3T 3871** | ૮૮૧ | ૧૮૩૩૫ | ૭૦૬૦ | -૪૦૫ | ૧૧૨૭૫ | |
| | | | | ૧ | ૬૫ | ૧૮-૦૨-૧૨ | **GJ-12T 7505** | ૮૭૪ | ૧૭૯૪૦ | ૭૪૩૫ | | ૧૦૫૦૫ | |
| | | | | | | ૧૮-૦૨-૧૨ | **GJ-12T 7505** | ૯૦૧ | ૧૮૨૦૦ | ૭૦૩૫ | -૪૦૦ | ૧૧૧૬૫ | |

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | ૩ | ૬૬ | ૧૯-૦૨-૧૨ | GJ-3AT 657 | ૯૩૨ | ૨૨૦૭૫ | ૭૮૫૫ | | ૧૪૨૨૦ | |
| | | | | | ૬૬ | | | ૯૫૩ | ૨૨૫૭૦ | ૭૧૬૦ | -૬૯૫ | ૧૫૪૧૦ | |
| ૭ | ૨૮૬૪૬ | ૨૭-૦૩-૧૨ | ૫૬૦૯૨૦૫ | ૧ | ૭૭ | ૨૩-૦૩-૧૨ | GJ-3Y 8591 | ૨૫૫૩ | ૨૨૨૦૦ | ૭૭૬૦ | | ૧૪૪૪૦ | |
| | | | | | ૭૭ | ૨૩-૦૩-૧૨ | GJ-3Y 8591 | ૨૫૭૬ | ૨૨૪૬૦ | ૭૩૨૫ | -૪૩૫ | ૧૫૧૩૫ | |
| | | | | ૩ | ૮૦ | ૨૬-૦૩-૧૨ | GJ-23T 6643 | ૨૭૫૨ | ૩૨૦૬૦ | ૧૦૬૨૦ | | ૨૧૪૪૦ | |
| | | | | | | ૨૬-૦૩-૧૨ | GJ-23T 6643 | ૨૭૭૧ | ૩૨૭૧૫ | ૧૦૨૧૦ | -૪૧૦ | ૨૨૫૦૫ | |
| | | | | ૧ | ૧૦૧ | ૨૯-૦૩-૧૨ | GJ-3U 5622 | ૨૮૮૮ | ૧૮૫૯૫ | ૭૫૮૫ | | ૧૧૦૧૦ | |
| | | | | | | ૨૯-૦૩-૧૨ | GJ-3U 5622 | ૨૯૩૯ | ૧૯૧૬૫ | ૭૧૧૦ | -૪૭૫ | ૧૨૦૫૫ | |
| ૮ | ૧૮૮૬૦ | ૧૩-૧૨-૧૧ | ૯૬૫૬૮૭૪ | ૧ અને ૨ | ૧ | ૨૯-૧૧-૧૧ | GJ-3AT 657 | ૩૨૮૦ | ૨૪૪૧૦ | ૮૬૧૦ | | ૧૫૮૦૦ | |
| | | | | | | ૨૯-૧૧-૧૧ | GJ-3AT 657 | ૩૨૯૮ | ૨૨૦૩૫ | ૭૬૨૦ | -૯૯૦ | ૧૪૪૧૫ | |
| | | | | ૨ | ૨ | ૩૦-૧૧-૧૧ | GJ-3AT 657 | ૩૩૦૭ | ૨૪૨૫૫ | ૭૬૩૫ | | ૧૬૬૨૦ | |

| | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | ૩૦-૧૧-૧૧ | GJ-3AT 657 | ૩૩૨૩ | ૨૪૩૦૫ | ૭૦૫૫ | -૫૮૦ | ૧૭૨૫૦ | |
| | | | | | | ૩૦-૧૧-૧૧ | GTW 8726 | ૩૩૭૫ | ૨૧૦૦૫ | ૮૫૬૫ | | ૧૨૪૪૦ | |
| | | | | | | ૦૨-૧૨-૧૧ | GTW 8726 | ૩૪૦૧ | ૨૦૫૧૦ | ૭૬૪૦ | -૯૨૫ | ૧૨૮૭૦ | |
| | | | | | | ૦૨-૧૨-૧૧ | GJ-23T 6643 | ૩૩૯૦ | ૩૧૩૯૦ | ૧૧૦૪૫ | | ૨૦૩૪૫ | |
| | | | | | | ૦૨-૧૨-૧૧ | GJ-23T 6643 | ૩૪૨૨ | ૩૧૨૧૫ | ૧૦૪૨૦ | -૬૨૫ | ૨૦૭૯૫ | |
| | | | | | | ૦૩-૧૨-૧૧ | GJ-3AT 657 | ૩૪૩૩ | ૨૦૩૧૫ | ૭૭૮૫ | | ૧૨૫૩૦ | |
| | | | | | | ૦૩-૧૨-૧૧ | GJ-3AT 657 | ૩૪૫૪ | ૨૨૮૭૫ | ૭૦૧૦ | -૭૭૫ | ૧૫૮૬૫ | |
| ૯ | ૨૭૮૪૭ | ૨૩-૦૩-૧૨ | ૧૩૧૨૬૯ 3 | ૧ | ૬૦ | ૧૭-૦૩-૧૨ | GJ-3Y 9653 | ૨૨૨૮ | ૩૨૬૪૦ | ૧૪૧૮૦ | | ૧૮૪૬૦ | |
| | | | | | | ૧૭-૦૩-૧૨ | GJ-3Y 9653 | ૨૨૫૦ | ૩૧૫૨૫ | ૧૧૧૫૦ | -3030 | ૨૦૩૭૫ | |
| ૧૦ | ૨૮૦૫૬ | ૨૬-૦૩-૧૨ | ૯૬૮૯૮૦ | ૧ | ૮૨ | ૨૪-૦૩-૧૨ | GJ-3Y 9653 | ૨૬૪૨ | ૩૨૭૦૫ | ૧૨૨૩૦ | | ૨૦૪૭૫ | |
| | | | | | | | | ૨૬૬૫ | ૩૪૮૮૦ | ૧૧૫૦૦ | -૭૩૦ | ૨૩૩૮૦ | |

**૪.૧૧ પશ્ચિમ ઝોન હસ્તકનાં વોર્ડ નં ૧, ૨, ૧૧, ૧૨, ઝોન W1માં રસ્તાઓમાં ડામર કાર્પેટ/રીકાર્પેટના કામમાં જણાયેલ અનિયમિતતા અંગે. (ફકરા નં.૧૧૭)**

બાંધકામ(વેસ્ટ ઝોન)

| | | |
|---|---|---|
| ૧ | એજન્સી નુ નામ | મે. પાયોનીર ઈન્ફ્રા. કુ. |
| ૨ | કામનો અંદાજ | મુળ અંદાજ રૂ.૨,00,00,000/-<br>રીવા. રૂ.3,૪૬,00,000/- |
| ૩ | ખર્ચ મંજુરી | સ્ટે.ક.ઠ. ૩૪૭/૧૪-૧૦-૧૧ |
| ૪ | વહિવટી મંજુરી | કમિશ્નરશ્રી ૩૧૧/૨૧-૧૦-૧૧ |
| ૫ | ટેન્ડરની રકમ | ૨,૮૮,00,000/- (૪૪% વધુ ભાવો) |
| ૬ | વર્ક ઓડર | ૪૨૧૨ / ૪-૧૧-૧૧ |
| ૭ | કામની મુદત | કામ શરૂ ૪-૧૧-૧૧પૂર્ણ ૯-૮-૧૨ |
| ૮ | કામનો કુલ ખર્ચ | ૩,૪૫,૦૧,૦૯૭/- (સ્ટાર રેઇટ ૮,૪૯,૫૩૭/-) |
| ૯ | ફાઈનલ બીલ | ૧૮,૮૮,૬૪૨=૧૫ |
| ૧૦ | માપપોથી | પાના નં. ૧ થી૧૪૯ |
| ૧૧ | કમ્પે. સર્ટી | ૨૮-૨-૧૨ સીટી એંજી. ૩,૪૫,૦૧,૦૯૭/- |
| ૧૨ | ખર્ચ નુ સદર | નવા રસ્તા |
| ૧૩ | થર્ડ પાર્ટી ઈન્સો. | રાઈટસ લી. |
| ૧૪ | સ્ટાર રેઈટ(ડામર) | |

રાજકોટ મહાનગરપાલિકાના સને ૨૦૧૧-૧૨ના અન્વેષણ દરમ્યાન પશ્ચિમ ઝોન હસ્તકના વોર્ડનં.૧,૨,૧૧,૧૨ ઝોન-W1 મા રસ્તાઓને ડામરકાર્પેટ/રીકાર્પેટ કામ અંગે પ્રત્યેક ઝોન દીઠ રૂ.૪ કરોડ ના કામો કરાવવા મંજુરી આપતા આ બાબતે સંસ્થા દ્વારા ઈ ટેન્ડરીંગ કરી ભાવો મંગાવતા ત્રીજા પ્રયત્ને થયેલ ટેન્ડરીંગ મા નીચે મુજબ ભાવ આવેલ હતા

(૧) શ્રીસોલંકી કન્સ્ટ્રકશન તમામ વોર્ડ માટે ૪૦૦ લાખ કામ અંગે મૂળ અંદાજ કરતા ૬૩% વધુ ભાવે આવેલ હતો તેમની સાથે નેગોસિયેશન કરતા પાર્ટી ૫૭% વધુનો ભાવ આપેલ જે સંસ્થાને વધુ લાગતા ભાવ નામંજુર કરેલ છે.

(૨) શ્રી પાયોનીર ઈન્ફ્રા. કુ. વોર્ડ૧,૨,૧૧,૧૨, W1- રૂ.૨૦૦ લાખ કામ અંગે ૫૪.૨૧% વધુ ભાવે નેગોશીયેશન કરતા મે.પાયોનીર કન્સ્ટ્રકશન લી ૪૪% વધુ ભાવથી કામ કરવા સંમતી આપતા તેમના ભાવ સંસ્થાએ મંજુર કરેલ હતા તેમજ મુળ અંદાજ ના ૫૦% સુધીના વધારાના મંજુર કામો આજ ભાવે કરવા બાહેધરી આપેલ હતી

(3) શ્રી પવન કન્સ્ટ્રકશનકુ. વોર્ડ૧૦,૧૩,૧૪,૨૧ રૂ.૨૦૦ લાખ કામ અંગે ૫૪.૫૪% વધુભાવે નેગોશીયેશન કરતા પાર્ટીના ભાવ વધુ હોઈ તેને નામંજુર કરેલ હતા. ત્રીજા પ્રયત્નમાં શ્રી પાયોનીર ઈન્ફ્રા. કુ. વોર્ડ-૧,૨,૧૧,૧૨માટે સીંગલ બીડર હતી અને નિયતધોરણો મુજબ તે ક્વોલીફાઇડ થતી ન હોવાથી તેના ભાવ ખોલેલ ન હતા પરંતુ એજન્સી દ્વારા તા.૧૧-૧૦-૧૧ ની અરજી અન્વયે રજુઆત કરેલ તેને ધ્યાને લેતા રીલેકસેશન આપતા પ્રાઈસબીડ ખોલી ભાવ મંજુર કરેલ હતા અને તેને વર્ક ઓડર આપેલ હતો

આ કામ અંગે ડામર કામ અંગે ૬૦/૭૦ ગ્રેડ બલ્ક ડામર અંગે તા.૧-૬-૧૧ના રોજના એક મે.ટનના કોઈલી રીફાઈનરીના IOC કંપનીના તમામ ટેક્ષ સહિતના ભાવ રૂ.૪૦,૬૧૯.૬૭ સ્ટાર રેઈટ બેજીક ભાવ નિયત કરેલ હતા જેમાં એજન્સીનેકામ અંગે રૂ| ૩,૩૬,૫૧,૫૫૯/- + ડામર સ્ટાર રેઈટની રકમ રૂ.૮,૪૯,૫૩૭/- મળીને કુલ રૂ| ૩,૪૫,૦૧,૦૯૭=૦૦ ચુકવણુ કરેલ છે.

સંસ્થા દ્વારા રજુ થયેલ ઉક્ત કામની વર્કફાઈલ તથા માપપોથીની ચકાસણી કરતા નીચે મુજબ અન્વેષણ નોંધ આપવામાં આવે છે.

(૧) ગુજરાત જાહેર બાંધકામ નિયમ સંગ્રહ ભાગ-૧ ફકરા-૨૦૦ (૧)મુજબ રૂ.૨૦ લાખથી વધુ રકમના કામ અંગેની જાહેર નિવિદા જિલ્લા કક્ષાએ પ્રસિધ્ધ થતા એક ગુજરાતી તથા અમદાવાદ ખાતેથી પ્રસિધ્ધ થતા એક ગુજરતી તથા એક અંગ્રેજી દૈનિક એમ કુલ ત્રણ વર્તમાનપત્રમા પ્રસિધ્ધ કરવાની રહે છે. સંસ્થા દ્વારા તે મુજબ અમલવારી થયાના આધાર રજુ થયેલ નથી જેથી સંસ્થાએ હરિફાઈયુકત સ્પર્ધાત્મક ભાવોનો લાભ મેળવેલ નથી.

(૨) ટેન્ડર ભરનાર એજન્સીઓએ રજુ કરેલ ટેન્ડરના ફિજીકલ ડોકયુમેન્ટ તમામ પાર્ટીના ફાઈલે સામેલ ન હોવાથી ટેન્ડરની શરત મુજબ જે તે એજન્સી નાણાકીય તથા અનુભવના ક્રાઈટેરીયા મુજબ ક્વોલીફાઈ થતી હોવાની ખરાઈ થઈ શકેલ નથી

(૩) સને ૨૦૧૧-૧૨ ના વર્ષ દરમ્યાન ડામર કાર્પેટ રીકાર્પેટ કામગીરી કરવાના કમીશ્નરશ્રી દ્વારા મંજુર થયેલ એકશન પ્લાન તથા અલગથી મંજુર કરેલ કામોની ફાઈલ ઓડિટમા રજુ થયેલ ન હોવાથી મહાનગરપાલિકાએ અન્વેષણ વર્ષમા કરેલ પેવરના કામોની સક્ષમ સતાની મંજુરી મળેલ હોવાની તથા કરેલ કામોની યોગ્યતાની ઓડિટ થી ખાત્રી થયેલ નથી

(૪) પેરા-૩ મા જણાવેલ વિગતો રજુ થયેલ ન હોવાથી જે તે વોર્ડ વિસ્તારમા મંજુર થયેલ રકમની મર્યાદામાં ખર્ચ કરેલ હોવાની ખરાઈ થયેલ નથી તથા જે તે કામે એકસેસ/સેવીંગ ખર્ચનીચકાસણી થઈ શકેલ નથી

(૫) મુંબઈ સ્ટેમ્પએકટ ૧૯૫૮ ની અનુસુચી-૧ ના આર્ટીકલ ૩૬(ક) તથા ૨૦(ક) તથા સુપ્રિ. ઓફ. સ્ટેમ્પ ગાંધીનગરના પરિપત્ર નં સ્ટેમ્પ / અશન / ૧૪/ ૨૦૦૭ / ૯૩૯ / ૫-૨-૦૭ તથા ગુજરાત સરકારશ્રીનાં તા. ૩૦-૦૩-૦૭નાં જાહેરનામામાં જણાવ્યા મુજબ સીક્યોરીટી ડિપોઝીટની રકમ ફિકસ ડિપો. તરીકે જમા થયેલ હોય તો આ રકમ ઉપર ૩.૫૦% મુજબ સ્ટેમ્પ ડ્યુટી ભરવાની રહે છે. એજન્સી દ્વારા બેંક ઓફ બરોડાની એફ ડી આર રૂ.૫,૦૦,૦૦૦/- ની તા.૪-૧૧-૧૧ થી તા.૪-૮-૧૪ સુધીની મુદતની રજુ કરેલ જેથી આ રકમ ઉપર નિયમાનુસાર રૂ.૧૭,૫૦૦/- સ્ટેમ્પડ્યુટી ઉપર કરારનામુ કરવાને બદલે રૂ.૧૦૦/- સ્ટેમ્પ ઉપર કરાર કરેલ હોય ઘટતી સ્ટેમ્પ્ડ્યુટી રૂ.૧૭,૪૦૦/- સબંધીત પાસેથી વસુલાત મેળવવી.

(૬) હોટ મીકસ પેવર પ્લાંટ ઉપર રાખવાના તથા સાઈટ ઉપર રાખવાના પેવરકામના રજીસ્ટર તથા વેબ્રીજની વજન ચીઠ્ઠી ઓડિટમા રજુ થયેલ નથી જેથી પેવર પ્લાંટ પરથી ડમ્પરોમાં ભરાયેલ તથા પેવર સાઈટ ઉપર ઉતરાયેલ માલમટીરીયલ ના માપપોથીમા નોધાયેલ વજન સાથે રેકર્ડ આધારીત ચકાસણી થઈ શકેલ નથી.

(૭) બીટુમેન – એલડીઓ – એચએસડીની ખરીદી અંગેના રીફાઈનરીનાં અસલ બીલો તથા ગેટપાસ તથા ખરીદ કરેલ મટીરીયલનુ એજન્સીએ નિભાવવાનુ સ્ટોક રજીસ્ટર ઓડિટમા રજુ થયેલ નથી તેથી ટેન્ડર ની શરતો મુજબ એજન્સી દ્વારા માલમટીરીયલ નો વપરાશ કર્યાની ખાત્રી થઈ શકેલ નથી.

(૮) માર્ગ મકાન વિભાગના પરિપત્રના ટીએનસી ૧૦૯૧-આઈબી ૧૦૧૧-સી- તા.૧૫-૧૦-૯૧ મુજબ રૂ. ૧૫ લાખ થી વધુ રકમના કામોમાં ૧૦ ટકા જામીન અનામત લેવાની રહે છે. જેમા ૨.૫% જામીન અનામત તથા ૫% પર્ફોમન્સ બોંડ તરીકે બેન્ક ગેરેંટી ટેન્ડર સ્વીકારની જાણ કર્યાના દિવસ ૧૦મા જમા કરાવવાની રહે છે. કામ પૂર્ણ થતા સુધી ૧૦% સી ડિપોઝીટ નુ પ્રમાણ જળવાઈ રહે તે માટે સંસ્થા એ અચુક કાળજી લેવાની રહે છે. એજન્સી દ્વારા ૨.૫% સી ડિપો રૂ.૫,૦૦,૦૦૦/- બેંક એફડીઆર તા.૪-૧૧-૧૧ રજુ થયેલ છે. પરંતુ ૫% બેંક ગેરેંટી પર્ફોમન્સ બોંડ રૂ.૧૦ લાખના લીધેલ હોવાના આધાર રજુ થયેલ નથી.

(૯) માર્ગ મકાન વિભાગના પરિપત્ર નં. આરજીએન-૬૦ / ૨૦૦૬ /૩૫ / સ તા.૩૧-૫-૦૭ ની જોગવાઈ મુજબ રૂ.૧ કરોડ થી વધુ અંદાજીત રકમના કામની સાઈટ ઉપર કોન્ટ્રાક્ટરે કુલટાઈમ કવોલીફાઈ નિવાસી ઈજનેરની સંપૂર્ણ બાયોડેટા સાથે કોર્પોરેશનના એન્જીનીયર ઈન્ચાર્જની પૂર્વ મંજુરી મેળવીને નિમણુંક કરવાની રહે છે. નિવાસી ઈજનેર નિમણુકના હુકમ તથા લાયકાત પ્રમાણપત્ર હાજર રીપોર્ટ સાથે કચેરીમા રજુ કરવાના રહે છે. નિવાસી ઈજનેરની કોન્ટ્રાકટર દ્વારા નિમર્ણુક કર્યાના કોઈ આધારો રજુ થયેલ નથી ઉકત પરિપત્રની જોગવાઈ મુજબ એજન્સી દ્વારા નિવાસી ઈજનેર ની નિમણુક કરવામા આવેલ ન હોય તો એજન્સીના ચુકવણાના બીલમાંથી દર માસે રૂ.૧૫૦૦૦/- કપાત કરવાના રહે છે. જે વસુલાત કરેલ નથી તેથી એજન્સી એ કામ શરૂ કર્યાની તારીખથી કામપૂર્ણ થયા તા.૯-૮-૧૨ સુધીના કુલ ૯ માસની કુલ રૂ.૧,૩૫,૦૦૦/- સંબંધકર્તાથી વસુલાત મેળવવી રહે.

(૧૦) માર્ગ મકાન વિભાગના ઠરાવ નં.ટીએનસી ૧૦૮૫-૪-સી તા.૨૦-૧૨-૯૧ મુજબ માલ સામાનના પરિક્ષણો સરકારી-ગેરી લેબોરેટરીમા કરાવવાના રહે છે. જો સરકાર માન્ય ખાનગી લેબોરેટરીમા કરવામા આવે તો એક જ લેબોરેટરીને બદલે એક કરતા વધુ સરકાર માન્ય ખાનગી લેબોરેટરીમા ટેસ્ટીંગ કરાવવાના રહે છે. આ કામ અંગે વપરાશ કરેલ માલ મટીરીયલના લેબોરેટરી ટેસ્ટીંગ કરાવ્યાના કોઈ ટેસ્ટીંગ રીપોર્ટ ફાઈલે સામેલ નથી.

(૧૧) માર્ગ મકાન વિભાગના પરિપત્રનં પી એન સી -૨૨૮૬ યુઓ-૩૯૧૯ / ૩૦-૯-૯૧ તથા ઉધોગ ખાણ ખનીજ વિભાગ ના પરિપત્રનં. એમ એમ આર /૧૧/૨૦૦૦/૨૦૧૩/ છ તા.૧-૯-૨૦૦૪ મુજબ કોન્ટ્રાકટર દ્વારા વપરાશ કરેલ ખનીજ ઉપર ભરવાપાત્ર રોયલ્ટી ભરેલ હોવા અંગે નુ સંબંધિત કચેરીનુ નો ડ્યુ સર્ટીફિકેટ મેળવી રજુ કરવાનુ રહે છે. એજન્સી દ્વારા રોયલ્ટી નો ડ્યુ સર્ટી રજુ થયેલ નથી.

(૧૨) માર્ગ મકાન વિભાગના પરિપત્ર નં. ટીએનસી૧૦૮૭-૨૫૦-૩ સી તા.૨૧-૧૨-૮૭ મુજબ અંદાજ કરતા ૧૦% કરતા વધુ કે ઓછા ભાવો અંગે ટેકનીકલ અધિકારી દ્વારા રેઈટ એનાલીસીસ કરી ભાવો પોષણક્ષમ હોવા બાબતે ચકાસણી કરવાની રહે છે. સંસ્થા દ્વારા આ કામ અંગે ૪૪% વધુ ભાવ મંજુર કરેલ જેથી મંજુર કરેલ ભાવના વ્યાજબીપણાની ખરાઈ કરાવવી રહે.

(૧૩) આ કામમા એબસ્ટ્રેક મુજબ એસ્ટીમેંટ ની આઈટમ નં.૨,૫,૬,૭,૮,૧૨ તથા ૧૩ ની કુલ રકમ રૂ.૧૩,,૬૬,૪૧૧/- અંગે એજન્સી દ્વારા કોઇ કામગીરી થયેલ નથી તથા આઈટમ નં.૪ તથા ૯ મા રૂ.૯૬,૫૩,૦૦૮/- જેટલુ કામ ઓછુ થયેલ છે. એટલે કે કુલ રૂ.૧૧૦૧૯૪૧૯/-નુ કામ ઓછુ થયેલ છે

જેથી તેટલી બચત રહેલ છે તેમજ આઈટમ નં. ૧,૩,૧૦ તથા ૧૧ માં એસ્ટીમેંટ કરતા વધારે રૂ.૧,૪૭,૩૩,૦૭૨/- કામ થયેલ છે. એજન્સી દ્વારા આઇટમ નમ્બર ૨,૫,૬,૭,૮,૧૨,૧૩ માં બિલકુલ કામગીરી નહી થવાથી તથા આઇટમ નમ્બર ૪,૯માં ઓછી કામગીરી થવાથી કામની ગુણવતાને કોઇ અસર ન થવા અંગે ખરાઈ કરાવવી રહે.

(૧૪) આ કામ અંગે ડામરના સ્ટાર રેઈટની રકમ રૂ.૮,૪૯,૫૩૭/- એજન્સી ને ચુકવાયેલ છે. જે અંગે એજન્સી દ્વારા ખરીદેલ ડામરના જથ્થા અંગે સ્ટોક વપરાશ-બેલેન્સનુ રજીસ્ટર કે વિગતવાર હિસાબ સક્ષમ અધિકારીની સહી સાથે રજુ થયેલ નથી તેમજ એજન્સી દ્વારા ડામર ખરીદીના અસલ બીલ તેમજ ગેટપાસ રજુ થયેલ નથી જેથી થયેલ ચુકવણીનાં વ્યાજબીપણાની ચકાસણી થઈ શકેલ નથી.

(૧૫) માપપોથી પાના નં.૧૪૭ ઉપર થયેલ નોંધ મુજબ તા.૨૦-૬-૧૨ ખરીદેલ જથ્થા પૈકી બચત માલ ૧૭.૬૨૫ મે.ટન ડામર એકશન પ્લાન એમબી પાના ૧૩૯ ઉપર નોંધ કર્યાનુ જણાવેલ છે જે અંગે રેકર્ડ રજુ થયેલ ન હોવાથી ખરાઈ થઈ શકેલ નથી.

(૧૬) આ કામ અંગે કુલ રૂ.૩,૪૫,૦૧,૦૯૭/- નુ ચુકવણુ થયેલ છે. પરંતુ જે તે એજન્સી ને કરેલ ચુકવણીના વાઉચર ઓડિટમા રજુ થયેલ ન હોવાથી માપપોથીમાનોંધાયેલ વિગતે આવકવેરો લેબરશેષ – વેટ વગેરે કપાત થયા અંગે તથા જે તે સમયે સરકારશ્રીમા આ રકમ નિયત સદરે જમા કરાયેલ હોવાની ઓડિટ થી ચકાસણી થઈ શકેલ નથી.

(૧૭) થર્ડ પાર્ટી ઈન્સ્પેક્શનમા શ્રી રાઈટ્સ લી. દ્વારા એજન્સીને આપેલ ઓબ્ઝર્વેશન રીપોર્ટમાં એજન્સી દ્વારા થયેલ પુર્તતા અહેવાલમા ઘણા કિસ્સામા સંસ્થાના પ્રતિનિધિની સુચના મુજબ કામગીરી કરેલ છે. તેમ જણાવેલ પરંતુ આ રીપોર્ટમા કોર્પોરેશનના સક્ષમ અધિકારીની પ્રતિ સહી થયેલ ન હોવાથી થયેલ પુર્તતાના વ્યાજબીપણાની ચકાસણી થઈ શકેલ નથી.

(૧૮) પેવર કામગીરી અંગે માપપોથીમા આઈટમ વાઈઝ મિશ્રણ પાથરવા માટેની વિગતોમા જે તે રોડ રસ્તાની લંબાઈ પહોળાઈ ઊંડાઈ જાડાઈના માપો દર્શાવેલ નથી પરંતુ ડમ્પર / ટ્રેકટર નુ કુલ વજન મિશ્રણનુ નેટ વજન દર્શાવેલ છે તેથી માર્ગ મકાન વિભાગના પરિપત્ર નં. એસએસઆર / ૧૦૯૦ / ૩૧૮૩ / ૨૦ / સી ૬-૪-૯૧ થી અપાયેલ સુચના મુજબ રોડની જુદી જુદી પહોળાઈ માટે ડામરની ઘનતા ડામર ની ટકાવારી – ગ્રેડેશન – ડેનસીટી મુજબ કામગીરી કોન્ટ્રાક્ટર દ્વારા કરાયાની ખાત્રી થયેલ નથી.

(૧૯) એકશન પ્લાનનાં મંજુર થયેલ તથા કમિશ્નરશ્રીએ અલગથી મંજુર કરેલ કામો જે આ એજન્સીએ કરેલ હોય તેની ફાઈલ રજુ થયેલ ન હોય તેમજ એજન્સીને થયેલ ચુકવણાના રનીંગ / ફાઈનલ બીલ રજુ થયેલ ન હોઈ ઓડિટથી ચકાસણી થઈ શકેલ નથી.

વિધાનસભા અહેવાલનો સુચિત ફકરો તા.૩૧/૦૭/૨૦૧૭ના રોજ અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, કમિશ્નરશ્રી, મહાનગરપાલિકા રાજકોટને રવાના કરવામાં આવેલ હતો જેનો જવાબ તા.૨૦/૨/૨૦૧૮ના રોજ સુધી મળેલ નથી.

**૪.૧૨ રાજકોટ મહાનગરપાલીકા વિસ્તારમાં ગેસની / ટેલીફોનની પાઇપલાઇન / ઓ.એફ.સી. કેબલ નાખવા માટેના રીસ્ટોરેશન ચાર્જ અને વાર્ષિક ભાડાની આવક મેળવવા અંગે થયેલ નબળી કામગીરી બાબત.( ફકરા નં.-૧૩૦)**

બાંધકામ – (ઇસ્ટ/સેંટ્રલ ઝોન)

ધી ગુજરાત પ્રોવીન્સીયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એકટ-૧૯૪૯ ના પ્રકરણ-૧૪ માં દર્શાવ્યા અનુસાર મહાનગરપાલીકાએ રસ્તાઓ બાંધવા, નિભાવવા અને સુધારવા બાબતની કામગીરી કરવાની રહે છે. મહાનગરપાલીકાએ તેણે કરવેરા પેટે ઉઘરાવેલ આવકમાંથી અથવા સરકારશ્રી તરફથી મળેલ અનુદાનોમાંથી રસ્તાઓના બાંધકામ, મરામત અને નિભાવણી કરે છે.

વિકાસની પ્રક્રિયાના ભાગરૂપે શહેરમાં ટેલીફોન /મોબાઇલ કંપનીઓ તેમજ પાઇપ મારફતે કુદરતી ગેસ વિતરણ નેટવર્ક સ્થાપવા ઇચ્છતી કંપનીઓને મહાનગરપાલીકાના રસ્તાનાઓમાં ખોદકામ કરવાની જરૂરીયાત ઉપસ્થિત થાય છે. ડામર રોડ સિવાયના રસ્તાઓ જેવા કે કાચા રસ્તાઓ, અર્થ રોડ, ફુટપાથ વિગેરેમાં પણ ખોદકામ કરીને ગેસની પાઇપલાઇન કે ટેલીફોન લાઇન નાખવામાં આવી હોય છે. જે-તે કંપનીઓ દ્વારા આવી પાઇપ લાઇન નાખ્યા બાદ આવા રસ્તાઓ મહાનગરપાલીકાએ પુનઃ બનાવવાના રહે છે. જે ખર્ચ સરભર કરવા આવી કંપનીઓ પાસેથી રીસ્ટોરેશન ચાર્જ અને વાર્ષિક ભાડુ લેવાનું રહે છે. શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા.૪/૫/૨૦૦૭ ના ઠરાવથી ગેસની / ટેલીફોનની પાઇપલાઇન/ ઓ.એફ.સી. કેબલ નાંખવા માટેના રીસ્ટોરેશન ચાર્જ, વાર્ષિક ભાડુ તથા સિકયોરીટી ડીપોઝીટના દરો નકકી કરવા અંગેની નીતિ નકકી કરવામાં આવેલ. તેમજ તા.૨૫/૪/૦૮ ના ઠરાવથી તેમાં સુધારા કરવામાં આવેલ. સરકારશ્રીના તા.૩/૧૦/૧૨ના ઠરાવથી હોરીઝોન્ટલ ડાયરેક્ટ ડ્રીલીંગ પધ્ધતીથી કેબલ નાખવામા આવેલ હોય તો તેના દરો નિયત કરવામા આવેલ છે.

મહાનગરપાલીકાની ઇસ્ટ ઝોનની રજુ થયેલ ફાઇલોની ચકાસણી કરતા રીસ્ટોરેશન ચાર્જ તથા ભાડાની રકમ પરચુરણ ઉપજ સદરે જમા લેવાયેલ છે. અન્વેષણ દરમ્યાન ધ્યાને આવેલ અનિયમિતતાઓ અંગે નીચે મુજબ ઓડીટ નોંધ આપવામાં આવે છે.

(૧) મહાનગરપાલીકા દ્વારા સરકારશ્રીના તા.૨૫/૪/૦૮ ના ઠરાવથી નિયત થયા મુજબ એજન્સી પાસે ખોદકામ કરાયેલ રોડ પુન: સ્થાપીત કરાવવાની કાર્ય પધ્ધતી અમલમા મુકવામા આવેલ નથી. પરંતુ મહદઅંશે મહાનગરપાલીકા દ્વારા જાતે જ ખોદકામ કરાયેલ રોડ પુન: સ્થાપીત કરવામા આવે છે અને તેની સામે એજન્સી પાસેથી રીસ્ટોરેશન ચાર્જ વસુલ કરવામા આવે છે. આ બાબતે SOR મુજબના ભાવે માલ મટીરીયલની રકમ, મજુરી તથા મહાનગરપાલીકાના અધિકારીઓ-કર્મચારીઓના સુપરવિઝન આ તમામ ખર્ચની સાપેક્ષમા એજન્સી પાસેથી વસુલાત કરાતો રીસ્ટોરેશન ચાર્જ સરભર થઇ રહે તેટલો વસુલ કરવામા આવે છે કે કેમ તે બાબતે આધારીત ખાત્રી કરાવવા વિનંતી. સરકારશ્રીના તા.૨૫/૪/૦૮ ના ઠરાવથી નિયત થયા મુજબ એજન્સી પાસે ખોદકામ કરાયેલ રોડ પુન: સ્થાપીત કરાવવાની કાર્ય પધ્ધતી અમલમા ન મુકાવા બાબતે સ્પષ્ટતા થવા વિનંતી.

(૨) સરકારશ્રીના પરિપત્રમાં રીસ્ટોરેશન ચાર્જ પરત કરવાની કોઇ જોગવાઇ ન હોવા છતાં મહાનગરપાલીકા દ્વારા રીસ્ટોરેશન ચાર્જની રસ્તા મરામત કર્યા પછીની વધતી રકમ એજન્સીને પરત કરવાની પ્રથા અમલમાં મુકવામાં આવેલ છે. જે બદલ સ્પષ્ટતા થવી ઘટે. તેમજ એજન્સી પાસેથી નિયમોનુસાર વસુલાત કરી રીસ્ટોરેશન ચાર્જ, પરત કરેલ રીસ્ટોરેશન ચાર્જ વગેરેની વિગતનું અદ્યતન રજીસ્ટર આનુષાંગીક રેકર્ડ સહીત અન્વેષણ સમક્ષ રજુ થવું ઘટે.

(૩) મહાનગરપાલીકા દ્વારા એજન્સી પાસેથી અગાઉથી ત્રિવાર્ષિક ભાડુ વસુલ લેવાની પ્રથા અમલમાં છે. એજન્સી પાસેથી વર્ષોવર્ષ વસુલાતપાત્ર ભાડુ, વસુલ કરવામાં આવેલ ભાડુ તેમજ વસુલ કરવાનું બાકી ભાડુ અંગેની વિગતનું રજીસ્ટર અન્વેષણ સમક્ષ રજુ થયેલ ન હોય ચકાસણી શકય બનેલ નથી. પરંતુ શાખામાંથી રજુ કરવામાં આવેલ માહિતી પત્રકના આધારો આ સાથે સામેલ કરેલ પરિશિષ્ટ-૪.૧૨(૨) ઇસ્ટ ઝોન કુલ રૂા. ૫૦૩૪૨૮૯/- તથા પરિશિષ્ટ –૪.૧૨(૧) સેન્ટ્રલ ઝોન રૂ/૧૩૫૬૦૮૯૮ મુજબ (૩૧-૩-૧૬ અંતીત) કુલ રૂ/.૧૮૫૯૫૧૮૭/- સંબંધીત એજન્સી પાસેથી વસુલ લઇ આધારીત ખાત્રી કરાવવી ઘટે તેમજ અન્ય બાકી કિસ્સા ચકાસી વાર્ષિક ભાડાની સત્વરે વસુલાત થવી ઘટે.

(૪) પત્રકમાં દર્શાવેલ રકમના આધારો-પહોંચો રજુ થયેલ ન હોય મહાનગરપાલીકાના સ્વભંડોળ ખાતે રકમ જમા થયા અંગે આધારીત ખાત્રી થઇ શકેલ નથી.

(૫) ઠરાવ મુજબ રીસ્ટોરેશન કામ પુર્ણ થયા બાદ એક ચોમાસુ વિત્યા પછી સિકયોરીટી ડીપોઝીટ પરત કરવાની રહે છે. પરંતુ મહાનગરપાલીકા દ્વારા ઉકત સમયગાળા પહેલા જ સિકયોરીટી ડીપોઝીટ પરત કરવામાં આવેલ છે.

(૬) બાંધકામ શાખા તરફથી માપપોથી રજુ થયેલ ન હોય ખરેખર કેવા પ્રકારના રસ્તા પર કેટલા રનીંગ મીટરનું ખોદાણ કામ તથા રીસ્ટોરેશન કામ કરવામાં આવેલ છે તેની તેમજ ખરેખર વસુલાતપાત્ર રકમ મહાનગરપાલીકા ખાતે જમા થયેલ છે કે કેમ તેની ઓડીટ ચકાસણી તથા ખાત્રી થઇ શકેલ નથી. મહાનગરપાલીકાની ડ્રેનેજ-વોટર પાઇપ લાઇનોને કયારે કેટલું નુકશાન થયેલ તેમજ તેની મરામત બાબતે પણ વિગતો રજુ થયેલ ન હોય ચકાસણી શકય બનેલ નથી.

(૭) એજન્સી દ્વારા જયારે જાતે રસ્તાનું રીસ્ટોરેશન કામ કરવામાં આવે છે ત્યારે તેમજ પાણી-ગટરની પાઇપ લાઇનોનું રીસ્ટોરેશન કામ કરવામાં આવે ત્યારે સુપર વિઝન ચાર્જ પેટે રૂા.૨૫,૦૦૦/- એજન્સીઓ પાસેથી વસુલ લેવાનું મહાનગરપાલીકાએ નિર્ધારીત કરેલ છે. ૨૦૧૧-૧૨ માં એજન્સીઓ દ્વારા થયેલ રસ્તાનું રીસ્ટોરેશન કામ તે પેટે મળવાપાત્ર તથા મળેલ સુપરવિઝન ચાર્જની વિગતો આધારસહ અન્વેષણમાં રજુ થવી ઘટે.

(૮) સંસ્થાની વેસ્ટ ઝોન શાખાને પ્રા.વા. નં -૫૦ તા.૩૦/૦૪/૧૫થી ગેસની પાઇપલાઇન/ટેલિફોનની OFC કેબલ નાખવા માટેના રિસ્ટોરેશન ચાર્જ અને વાર્ષીક ભાડાની આવક સબંધી જરૂરી રેકર્ડ રજુ કરવા જણવવામા આવેલ હતુ પરંતુ અન્વેષણ પુર્ણ થતા સુધી રેકર્ડ રજુ થયેલ ન હોય ઓડિટ થી ખરાઇ થઇ શકેલ નથી.

વિધાનસભા અહેવાલનો સુચિત ફકરો તા.૩૧/૦૭/૨૦૧૭ના રોજ અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, કમિશ્નરશ્રી, મહાનગરપાલિકા રાજકોટને રવાના કરવામાં આવેલ હતો જેનો જવાબ તા.૨૦/૨/૨૦૧૮ના રોજ સુધી મળેલ નથી.

## પરિશિષ્ટ- ૪.૧૨ (૧)

## રાજકોટ મહાનગરપાલીકા વિસ્તારમાં ગેસની / ટેલીફોનની પાઇપલાઇન / ઓ.એફ.સી. કેબલ નાખવા માટેના રીસ્ટોરેશન ચાર્જ અને વાર્ષિક ભાડાની આવક મેળવવા અંગે થયેલ નબળી કામગીરી બાબત

બાંધકામ – (સેંટ્રલ ઝોન)

૦૧/૦૪/૨૦૦૭ થી ૩૧/૦૩/૨૦૧૬ સુધી નું વાર્ષિક ભાડું

| ક્રમ | કંપની/સંસ્થા નું નામ | રનીંગ મીટર રસ્તા /ક્રોસીંગ માટે | મળવા પાત્ર રકમ | મળેલ રકમ | તફાવત |
|---|---|---|---|---|---|
| ૧ | આઇડીયા સેલ્યુલર સેન્ટ્રલ ઝોન | ૧૯૧૮૩ | ૧૫૨૮૨૭૦ | ૭૨૮૪૪૦ | ૭૯૯૮૩૦ |
| ૨ | સેલફોર્સ સેન્ટ્રલ ઝોન | ૨૪૫૦ | ૨૪૩૨૮૫ | ૦ | ૨૪૩૨૮૫ |
| ૩ | વી એસ.એન.એલ. સેન્ટ્રલ ઝોન | ૮૮૦ | ૯૫૧૯૪ | ૦ | ૯૫૧૯૪ |
| ૪ | બી.એસ.એન.એલ. સેન્ટ્રલ ઝોન | ૨૭૬૮ | ૨૧૦૨૩૮ | ૦ | ૨૧૦૨૩૮ |
| ૫ | ટાટા કોમ્યુનિકેશન સેન્ટ્રલ ઝોન | ૨૯૪૦ | ૨૧૮૫૯૯ | ૭૬૫૧૨ | ૧૪૨૦૮૭ |
| ૬ | એરટેલ સેન્ટ્રલ ઝોન | ૧૮૨૦૯ | ૧૬૭૬૧૫૮ | ૮૯૩૩૭૧ | ૭૮૨૭૮૭ |
| ૭ | જેટકો સેન્ટ્રલ ઝોન | ૬૦૨૦ | ૪૨૫૪૧૯ | ૪૭૧૨૬૭ | -૪૫૮૪૮ |
| ૮ | પી.જી.વી.સી.એલ. સેન્ટ્રલ ઝોન | ૧૭૪૯૯ | ૯૯૬૭૨૨ | ૨૬૧૫૪ | ૯૭૦૫૬૮ |
| ૯ | પટેલ બ્રાસ વર્ક્સ સેન્ટ્રલ ઝોન | ૪૦ | ૬૩૪૨ | ૦ | ૬૩૪૨ |
| ૧૦ | ટાટા ટેલી સર્વિસીસ સેન્ટ્રલ ઝોન | ૧૫૪૨૫ | ૧૨૨૭૦૩૨ | ૧૦૪૭ | ૧૨૨૫૯૮૫ |
| ૧૧ | રીલાયંસ સેન્ટ્રલ ઝોન | ૩૨૫૮૧ | ૩૨૩૩૩૯૮ | ૦ | ૩૨૩૩૩૯૮ |
| ૧૨ | વોડાફોન સેન્ટ્રલ ઝોન | ૧૬૭૭૮ | ૯૨૬૬૦૫ | ૭૬૭૭૦ | ૮૪૯૮૩૫ |
| | ઓ.એફ.સી.કેબલ કુલ :- | ૧૩૪૭૭૩ | ૧૦૭૮૭૨૬૨ | ૨૨૭૩૫૬૧ | ૮૫૧૩૭૦૧ |
| | | | | | |
| ૧ | જી.એસ.પી.સી. સેન્ટ્રલ ઝોન | ૧૧૩૩૦૨ | ૫૦૪૭૧૯૭ | ૦ | ૫૦૪૭૧૯૭ |
| | જી.એસ.પી.સી. કુલ :- (બ) | ૧૧૩૩૦૨ | ૫૦૪૭૧૯૭ | ૦ | ૫૦૪૭૧૯૭ |
| | એકન્દરે કુલ :- (અ) + (બ) | ૨૪૮૦૭૫ | ૧૫૮૩૪૪૫૯ | ૨૨૭૩૫૬૧ | ૧૩૫૬૦૮૯૮ |

## પરિશિષ્ટ- ૪.૧૨ (૨)

# રાજકોટ મહાનગરપાલીકા વિસ્તારમાં ગેસની / ટેલીફોનની પાઇપલાઇન / ઓ.એફ.સી. કેબલ નાખવા માટેના રીસ્ટોરેશન ચાર્જ અને વાર્ષિક ભાડાની આવક મેળવવા અંગે થયેલ નબળી કામગીરી બાબત

બાંધકામ - ઇસ્ટ ઝોન

૦૧/૦૪/૨૦૦૭ થી ૩૧/૦૩/૨૦૧૬ સુધી નું વાર્ષિક ભાડું

| ક્રમ | કંપની/સંસ્થા નું નામ | રનીંગ મીટર રસ્તા /ક્રોસીંગ માટે | મળવા પાત્ર રકમ | મળેલ રકમ | તફાવત |
|---|---|---|---|---|---|
| ૧ | ટાટા ટેલી ઇસ્ટ ઝોન | ૩૨૬ | ૨૦૨૦૧ | ૯૭૮૦ | ૧૦૪૨૧ |
| ૨ | બી.એસ.એન.એલ. ઇસ્ટ ઝોન | ૧૨૦૨ | ૪૨૦૬૧ | ૧૨૩૭૭૪ | -૮૧૭૧૩ |
| ૩ | વોડા ફોન ઇસ્ટ ઝોન | ૮૨૦૦ | ૬૩૮૦૮૧ | ૮૫૭૫૦ | ૫૫૨૩૩૧ |
| ૪ | જેટકો ઇસ્ટ ઝોન | ૭૮૩૧ | ૫૨૬૭૫૨ | ૨૫૫૨૮૫ | ૨૭૧૪૬૭ |
| ૫ | આઇડીયા સેલ્યુલર ઇસ્ટ ઝોન | ૧૧૨૫૫ | ૬૨૧૧૧૭ | ૪૦૭૨૦૬ | ૨૧૩૯૧૧ |
| | ઓ.એફ.સી.કેબલ કુલ :- | ૨૮૮૧૪ | ૧૮૪૮૨૧૨ | ૮૮૧૭૯૫ | ૯૬૬૪૧૭ |
| ૬ | જી.એસ.પી.સી. ઇસ્ટ ઝોન | ૧૪૯૭૪૬ | ૧૨૦૬૮૬૩૭ | ૮૦૦૦૭૬૫ | ૪૦૬૭૮૭૨ |
| | કુલ | | | | ૫૦૩૪૨૮૯ |

તારીજ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | જી.એસ.પી.સી. ઇસ્ટ ઝોન | ૧૪૯૭૪૬ | ૧૨૦૬૮૬૩૭ | ૮૦૦૦૭૬૫ | ૪૦૬૭૮૭૨ |
| ૨ | જી.એસ.પી.સી. સેન્ટ્રલ ઝોન | ૧૧૩૩૦૨ | ૫૦૪૭૧૯૭ | ૦ | ૫૦૪૭૧૯૭ |
| ૩ | જી.એસ.પી.સી. વેસ્ટ ઝોન | ૦ | ૦ | ૦ | ૦ |
| | કુલ | ૨૬૩૦૪૮ | ૧૭૧૧૫૮૩૪ | ૮૦૦૦૭૬૫ | ૯૧૧૫૦૬૯ |

ઓ.એફ.સી.કેબલ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | મોબાઇલ/ટેલીફોન કેબલ(ઇસ્ટ) | ૨૮૮૧૪ | ૧૮૪૮૨૧૨ | ૮૮૧૭૯૫ | ૯૬૬૪૧૭ |
| ૨ | મોબાઇલ/ટેલીફોન કેબલ(સેન્ટ્રલ) | ૧૩૪૭૭૩ | ૧૦૭૮૭૨૬૨ | ૨૨૭૩૫૬૧ | ૮૫૧૩૭૦૧ |
| ૩ | મોબાઇલ/ટેલીફોન કેબલ (વેસ્ટ) | ૦ | ૦ | ૦ | ૦ |
| | કુલ | ૧૬૩૫૮૭ | ૧૨૬૩૫૪૭૪ | ૩૧૫૫૩૫૬ | ૯૪૮૦૧૧૮ |

## ૪.૧૩ રાજકોટ અન્ડર ગ્રાઉન્ડ સુએજ પ્રોજેકટ ફેઇઝ-૨ પાર્ટ-૧ અંતર્ગત ઝોન-એફ માં સુએજ કલેકટીવ સીસ્ટમ નાખવાની કામગીરીની અનિયમિતતા બાબત. (ફકરા નં.૧૩૬)

(ડ્રેનેજ - પૂર્વઝોન)

| | | |
|---|---|---|
| ૧ | એજન્સીનું નામ | મે.ઓર્બીટ આર્ટીઝન્સ પ્રા.લી. વડોદરા |
| ૨ | કામની અંદાજી રકમ | રૂા.૬,૯૯,૯૦,૦૦૦/- |
| ૩ | ખર્ચ મંજુરી | ફાઇલ પર સામેલ નથી |
| ૪ | વહીવટી મંજુરી | સ્ટે.ક.ઠ.નં.૩૦૫ તા.૨૩/૯/૧૧ કમિ.વહીવટી મંજુરી નં.૨૭૫ તા.૨૮/૯/૧૧ |
| ૫ | વર્કઓર્ડર નં. | નં.આરએમસી-ડિઆરએન-ઇસ્ટઝોન-૧૨૨ તા.૫/૧૦/૧૧ |
| ૬ | કામની મુદત | ૧૮ માસ + (મોનસુન પીરીયડ જુલાઇથી સપ્ટેમ્બર) |
| ૭ | કામ શરૂ થવાની તારીખ | તા.૫/૧૦/૨૦૧૧ |
| ૮ | કામ પુર્ણ કર્યા તારીખ | કામ ચાલુ |
| ૯ | ટેન્ડરની રકમ | ૩૬ ટકા વધુ રૂા.૯,૫૧,૮૬,૪૦૦/- |
| ૧૦ | કામનો કુલ ખર્ચ | આઠમાં રનીંગ બીલ સુધી રૂા.૩,૦૫,૫૭,૬૬૦/- |
| ૧૧ | ફાઇનલ બીલની રકમ | કામ અપુર્ણ |
| ૧૨ | ફાઇનલ બીલ નં. તારીખ | કામ અપુર્ણ |
| ૧૩ | માપપોથી પાના નં. | માપપોથી – ૧ |
| ૧૪ | ખર્ચનું સદર | જેનુર્મ ડ્રેનેઝ ફેઝ-૨, પાર્ટ-૨ |

સને ૨૦૧૧-૧૨ ના મહાનગરપાલીકા અન્વેષણ વર્ષ દરમ્યાન ડ્રેનેજ શાખાની રજુ થયેલ ફાઇલો પૈકી ઉકત કામની વર્ક ફાઇલ, માપપોથી તથા ટેન્ડર કોપીની ચકાસણી કરવામાં આવેલ.

શહેરના મુખ્યત્વે પૂર્વઝોન પૈકીના બાકી રહેલા વિસ્તારોમાં ભુગર્ભ ગટરની સુવિધા પુરી પાડવા માટે કેન્દ્ર સરકારશ્રીની જવાહરલાલ નહેરૂ નેશનલ અર્બન રીન્યુઅલ મીશન અંતર્ગત ડ્રેનેજ પ્રોજેકટ ફેઇઝ-૨ પાર્ટ-૧ ની કામગીરી હાથ ધરવામાં આવેલ. અંદાજે રૂા.૨૫૫૦ લાખનું કામ ટેન્ડરીંગ પ્રક્રિયાથી મે. જય હિન્દ પ્રોજેકટસ લી. અમદાવાદને આપવામાં આવેલ. ઉકત કામના ઝોન એ-૨, સી, એફ અને જી નો સમાવેશ થયેલ. પરંતુ એજન્સી દ્વારા કામમાં વિલંબ કરવામાં આવતા એજન્સીને બ્લેકલીસ્ટ કરી તેમનો ખર્ચ અને જોખમે અન્ય એજન્સી પાસે કામ કરાવવાનું નકકી કરવામાં આવેલ.

ઝોન એ-૨, સી, એફ અને જી માટે સ્વતંત્ર રીતે ટેન્ડર માટે ભાવ મંગાવવામાં આવતા ઝોન એફ માટે ઓર્બીટ આર્ટીઝન્સના ભાવ એલ-૧ આવેલ. ઝોન એફ ની અંદાજીત રકમ રૂા.૬,૯૯,૯૦,૦૦૦/- ની સામે ઓબિર્ટના ભાવ પ્રથમ ૩૬ ટકા વધુ અને વાટાઘાટ બાદ ભાવ ન

ઘટાડતા આવેલ. રૂા.૯,૫૧,૮૬,૪૦૦/- માન્ય રાખી વર્કઓર્ડર આપવામાં આવેલ. ઉકત કામ બાબતે નીચે મુજબની અનિયમિતતાઓ ધ્યાને આવેલ છે.

(૧) સ્ટે.ક.ઠ.નં.૧૭૪ તા.૨૫/૬/૧૦ થી મે.જયહિન્દ પ્રોજેકટસ પ્રા.લી. અમદાવાદને કોન્ટ્રાકટ અપાયેલ. તેમના કામ નિયત સમય મર્યાદામાં પૂર્ણ કરવા યોગ્ય કામગીરી ન કરવામાં આવતા બ્લેકલીસ્ટ કરવામાં આવેલ. મે. જયહિન્દ દ્વારા કામ ૬૯ ટકા ઉંચા દરે રાખવામાં આવેલ. જયારે સવા વર્ષ જેટલા સમય બાદ ઉકત કામ માટે ઓર્બીટ આર્ટીઝન્સ ૩૬ ટકા ઉંચા ભાવે કામ કરવા તૈયાર થયેલ. મે.જયહિન્દ પ્રોજેકટસને મંજુરી અપાયેલ કામની ફાઇલ તેમજ આનુસાંગીક રેકર્ડ રજુ ન થયેલ હોય મે.જયહિન્દ પ્રોજેકટસને ૬૯ ટકા ઉંચા ભાવે કામ અપાતા પહેલા થયેલ સર્વે બાબતે ચકાસણી થઇ શકેલ નથી.

(૨) જુલાઇ-૨૦૦૯ માં કેન્દ્ર સરકારમાંથી ડ્રેનેજ ફેઝ-૨, પાર્ટ-૧ ની મંજુરી મેળવવામાં આવેલ હતી. ત્યાર બાદ અનુક્રમે મે.જયહિન્દ પ્રોજેકટસ અને ઓર્બીટ આર્ટીઝન્સને ઝોન-એફ નું કામ સોંપવામાં આવેલ. મે.જયહિન્દ પ્રોજેકટસ દ્વારા કામમાં અતિશય વિલંબ કરાતા કામ ઓર્બીટ આર્ટીઝન્સને સોંપાયેલ. પરંતુ અન્વેષણની તારીખ સુધી કામ પુર્ણ થયેલ નથી. કેન્દ્ર સરકારશ્રીની મંજુરી બાદ આશરે છ વર્ષ જેટલો સમય વિતવા છતાં ઝોન-એફ હેઠળ શહેરના નાગરીકોને ભુગર્ભ ગટરની પાયાની સુવિધા પુરી પાડવામાં આવેલ નથી. તેમજ ડ્રેનેજ કલેકટીવ સીસ્ટમની કામગીરી પુર્ણ થયા બાદ જ થઇ શકતી. ડ્રેનેજ નેટવર્કને લગત આગળની આનુષાંગિક કામગીરી પણ થઇ શકેલ નથી. સરકારશ્રીની વિકાસ યોજનાનો ઉમદા હેતુ પુર્ણ થઇ શકેલ નથી.

(૩) ટેન્ડર કલોઝ આઇટી-૩૬ તેમજ તા.૨૫/૮/૧૧ ની પ્રી-બીડ મીટીંગમાં થયેલ ચર્ચા મુજબ મોબીલાઇઝેશન એડવાન્સ મળવાપાત્ર ન હતુ. પરંતુ એજન્સીની માંગણીને ધ્યાનમાં રાખી હુકમ નં.૩૨૦ તા.૨૮/૩/૧૨ થી રૂા૨.૭૫ કરોડનું એડવાન્સ મંજુર કરવામાં આવેલ. હુકમ શરત નં.૨ માં સ્પષ્ટ જણાવેલ તે મુજબ કામનો પ્રોગ્રેસ સંતોષકારક નહી થયેલ હોય તો એડવાન્સની રકમ પરત લેવામાં આવશે. પરંતુ એજન્સી દ્વારા કામમાં અતિ વિલંબ કરાયેલ હોવા છતાં એડવાન્સ પરત લેવામાં આવેલ નથી.

(૪) એજન્સીએ એડવાન્સ પ્રથમ રનીંગ બીલ ઓડીટ બીલ નં.૨૮૯૨૫ તા.૩૧/૩/૧૨ થી ચુકવવામાં આવેલ જેની રકમ રૂા.૧,૭૫,૦૦,૦૦૦/- હતી. તેમજ ઓડીટ બીલ નં.૧૩૧૪ તા.૨૫/૪/૧૨ દ્વિતિય રનીંગ બીલેથી રૂા.૧,૦૦,૦૦,૦૦૦/- ની રકમ ચુકવવામાં આવેલ. જેના પર ૧૦ ટકા લેખે વ્યાજ વસુલાતની જોગવાઇ હતી. તૃતીય રનીંગ બીલ ઓડીટ બીલ નં.૨૩૧૯૩ તા.૨૧/૧૨/૧૨ માં ૨૫ એપ્રિલથી ૪-મે-૧૨ સુધીના ૧૦ દિવસ માટે રૂા.એક કરોડનું ૧૦ ટકા લેખેનું વ્યાજ અંદાજીત ૨૭,૩૯૭/- વસુલ લેવામાં આવેલ નથી.

(૫) એજન્સીને તા.૫/૧૦/૧૧ ના રોજ વર્કઓર્ડર આપી કામ શરૂ કરવા જણાવાયેલ. તેમજ સમયાંતરે કામનો જરૂરી પ્રોગ્રેસ થઇ શકે તે માટે જરૂરી મશીનરી તથા લેબર ફોર્સ (મજુરી, કડીયા, કારીગરો વિગેરે) કામે લગાડી કામોનો પ્રોગ્રેસ સંતોષકારક રીતે વધારવા તાકીદ કરવામાં આવેલ. એજન્સી દ્વારા પ્રોગ્રેસ સંતોષકારક રીતે વધારાતો ન હોવા છતાં સમયાંતરે તેને મુદત વધારો આપવામાં આવેલ. કમિશ્નરશ્રીની તા.૨૯/૯/૧૪ ની નોટીંગ પારા નં.૯૭ ની મંજુરી મુજબ અંતિમ મુદત વધારો તા.૨૮/૨/૧૫ સુધી મંજુર થયેલ છે. ઉકત કામ હજુ પુર્ણ થયેલ નથી. એજન્સી પાસેથી જીસી-૨૦

અનુસાર કામમાં એક વર્ષ કરતા વધુ વિલંબ થયેલ હોઇ અંદાજીત કિંમતના ૧૦ ટકા લેખે રૂા.૬૯,૯૯,૦૦૦/- વિલંબવળતર વસુલ કરી મહાનગરપાલીકા ફંડમાં જમા કરાવવામાં રહે.

(૬) ઉકત કામ અંગે નિમણુંક કરાયેલ ટીપીઆઇ એજન્સીની ફાઇલ, ટેસ્ટ રીપોર્ટ તેમજ અન્ય આનુષાંગીક રેકર્ડ રજુ થયેલ નથી.

(૭) એડવાન્સ મંજુર કરવા અંગે કમિશ્નરશ્રીના તા.૨૮/૩/૧૨ ના હુકમ નં.૩૧૮ ની શરત નં.૪ અનુસાર રનીંગ બીલમાંથી ૩૦ ટકા મુજબ કપાત કરવાની રહેતી હતી. પરંતુ પાંચમાં રનીંગ બીલની રકમ રૂા.૪૫,૯૮,૩૭૯/- માંથી રૂા.૧૩,૭૯,૫૧૪/- (ઓડીટ બીલ નં.૨૫૪૫૬ તા.૮/૧/૧૪) તથા છઠ્ઠા રનીંગ બીલની રકમ રૂા.૪૦,૮૩,૭૨૩/- માંથી રૂા.૧૨,૨૫,૧૧૭/- (ઓડીટ બીલ નં.૨૨૫૧ તા.૩/૫/૧૪) ની કપાત કરવામાં આવેલ નથી.

(૮) માર્ગ અને મકાન વિભાગના તા.૩૧/૮/૯૪ ના પરિપત્ર મુજબ ૧૫ લાખથી વધુ રકમના કામ માટે ૧૦ ટકા લેખે સિકયોરીટી ડીપોઝીટ લેવાની રહે છે. જેમાં ૫ ટકા પર્ફોમન્સ બોન્ડ સ્વરૂપે અને બાકીના ૫ ટકા સિકયોરીટી ડીપોઝીટ તરીકે જમા કરાવવાના રહે છે. પરંતુ ઉકત કામ ટેન્ડર કિંમતના ૫ ટકા લેખે પર્ફોમન્સ બોન્ડ મેળવવામાં આવેલ નથી.

વિધાનસભા અહેવાલનો સુચિત ફકરો તા.૩૧/૦૭/૨૦૧૭ના રોજ અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, કમિશ્નરશ્રી, મહાનગરપાલિકા રાજકોટને રવાના કરવામાં આવેલ હતો જેનો જવાબ તા.૨૦/૨/૨૦૧૮ના રોજ સુધી મળેલ નથી.

**૪.૧૪ વોર્ડ નં.૧૧ ડ્રેનેજ ફેઇઝ-૩ પાર્ટ-૨ ના કામો પૈકી ઝોન-૪ માં કલેકટીવ સીસ્ટમ સહીતની ડ્રેનેજ લાઇન નાખવાના કામની અનિયમિતતા બાબત. (ફકરા નં.-૧૪૧ )**

| | | |
|---|---|---|
| ૧ | એજન્સીનું નામ | શ્રી એસ. ડી. સજ્જન એન્ટરપ્રાઇઝ |
| ૨ | કામની અંદાજી રકમ | રૂા.૫,૦૦,૮૦,૦૦૦/- |
| ૩ | વહીવટી મંજુરી | સ્ટે.ક.ઠ.નં.૨૬૫ તા.૭/૯/૧૧<br>વહીવટી મંજુરી નં.૨૪૦ તા.૧૯/૯/૧૧ |
| ૪ | ખર્ચ મંજુરી | રામનપા/ડ્રેનેજ જા.નં.૪૧૬ તા.૨૨/૯/૧૧ |
| ૫ | ટેન્ડરની રકમ | રૂા.૭,૧૮,૬૪,૮૦૦/- ૪૩.૫ ટકા ઉંચા |
| ૬ | કામની મુદત | ૧૮ માસ તા.૧/૭ થી તા.૩૦/૯ નોન વર્કીંગ પીરીયડ |
| ૭ | વર્કઓર્ડર નં. | રામ્યુકો-ડ્રેનેજ-જા.નં.૫૩૭ તા.૧૫/૧૧/૧૧ |
| ૮ | કામ પુર્ણ થવાની તારીખ | તા.૧૪/૧૧/૨૦૧૩ |
| ૯ | કામ પુર્ણ થયાની વિગત | રામનપા-ડ્રેનેજ-વે.ઝો.-જા.નં.૯૭૬ તા.૨૭/૩/૧૪ થી ટર્મીનેટ કરેલ છે. |
| ૧૦ | કામનો થયેલ ખર્ચ | રૂા.૨,૨૬,૨૯,૧૮૬/- પ્રીમીયમ સાથે |
| ૧૧ | બાકી કામની રકમ | રૂા.૪,૯૨,૩૫,૬૧૪/- પ્રીમીયમ સાથે |

| | | |
|---|---|---|
| ૧૨ | ફાઇનલ બીલની રકમ | રૂા.૪૭,૯૩,૮૯૧/- |
| ૧૩ | માપપોથી પાના નં. | ૧ થી ૧૦૫ |
| ૧૪ | ખર્ચનું સદર | SJMMSVY ફેઇઝ-૩ પાર્ટ-૨ |

રાજકોટ મહાનગરપાલીકાના સને ૨૦૧૧-૧૨ ના ડ્રેનેજ શાખાના અન્વેષણમાં ઓડીટ વર્ષમાં શાખા દ્વારા હાથ ધરાયેલ કામોની વર્ક ફાઇલો તથા માપપોથીઓની ચકાસણી કરતા સદર કામ સંસ્થાએ રજુ કરેલ રેકર્ડ મુજબ કરેલ કામગીરીની વિગત નીચે મુજબ હતી.

સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ વહીવટી મંજુરી આપવામાં આવેલ રકમ રૂા.૭૧૨.૨૮૫ કરોડની યોજના સામે રૂા.૨૦૦ કરોડની ફાળવણી કરવામાં આવતા સ્થાયી સમિતિના ઠરાવ ક્રમાંકઃ૩૨૯ તા.૧૩/૮/૧૦ થી ભુગર્ભ ગટરના કામો માટે ૮૮ કરોડની ફાળવણી કરવા ફેઇઝ-૩ પાર્ટ-૨ ના ઝોન-૪ ના કામનો સમાવેશ કરી અંદાજપત્ર તૈયાર કરી વર્તમાન પત્રમાં જાહેરાત પ્રસિધ્ધ કરાવી તા.૫/૪/૧૧ સુધીમાં ઓનલાઇન ટેન્ડર મળી જાય તે શરતે ઇ-ટેન્ડરીંગ પ્રક્રિયા કરેલ હતી. જેની પ્રીબીડ મીટીંગ તા.૧/૪/૧૧ ના રોજ યોજાયેલ જેમાં કામની અંદાજીત રકમના ૫૦ ટકા રકમના સેમ-નેચરના અનુભવના ક્રાઇટેરીયામાં ૫૦ ટકાના બદલે ૨૦ ટકા અંદાજી રકમના કામને માન્ય ગણવા એજન્સીઓએ કરેલ માંગણીને કમિશ્નરશ્રીએ તા.૪/૪/૧૧ ના રોજ મંજુરી આપેલ હતી. નિયત સમય મર્યાદામાં ત્રણ એજન્સીઓના બીડ આવેલ હતા તે પૈકી શ્રી કે. એસ. ડી. કન્સ્ટ્રકશન એલીજીબલ ન હોય બાકી રહેલ બે એજન્સીઓના પ્રાઇસબીડ હોય ખોલવામાં આવેલ જે નીચે મુજબ હતા.

(૧) ધેનુ ઇન્ફ્રાસ્ટ્રકચર ૪૫.૪૫ ટકા ઉંચા

(૨) એસ.ડી. સજ્જન એન્ટરપ્રાઇઝ ૫૯.૪૦ ટકા ઉંચા

એલ-૧ રહેલ એજન્સીના ભાવો વધુ જણાતા તા.૧૫/૪/૧૧ ના રોજ સીટી એન્જી. સમક્ષ નેગોશીયેશન મીટીંગમાં એજન્સીએ ભાવોમાં ઘટાડો નહી કરતા તા.૧૭/૬/૧૧ ના રોજ કમિશ્નરશ્રીએ નેગોશીયેશન કરતા એજન્સીએ ૪૫ ટકા ઉંચા ના છેવટના ભાવો આપેલ. જે વધુ જણાતા રીટેન્ડર કરવાનું નિયત થયેલ. ત્યાર બાદ તા.૧૪/૭/૧૧ ના ગુજરાત સમાચાર દૈનિકમાં જાહેરાત પ્રસિધ્ધ કરવી તા.૨૭/૭/૧૧ સુધીમાં ઓનલાઇન ટેન્ડર મળી જાય તે મુજબ ઇ-ટેન્ડરીંગની પ્રક્રિયા કરેલ હતી. તા.૨૦/૭/૧૧ ની પ્રીબીડ મીટીંગમાં હાજર રહેલ એજન્સીએ મટીરીયલ તથા મજુરોના ભાવમાં વધારો થતો હોવાના લીધે પ્રાઇઝ એસ્કેલેશનની કલોઝ રાખવાની માંગણી કરતા કમિશ્નરશ્રીએ પ્રાઇઝ એસ્કેલેશન સાથે તથા વિથાઉટ પ્રાઇઝ એસ્કેલેશન બન્ને ભાવો આપવા જણાવેલ હતુ. નિયત સમય મર્યાદામાં એક જ એજન્સીના બીડ રજુ થયેલ હતા. જે કવોલીફાય થતા તેનું પ્રાઇસ બીડ ખોલવામાં આવતા નીચે મુજબના ભાવો મળેલ હતા.

એસ.ડી. સજ્જન એન્ટરપ્રાઇઝ મુંબઇ

પ્રાઇઝ એસ્કેલેશન સાથે ૫૪.૯૦ ટકા ઉંચા

પ્રાઇઝ એસ્કેલેશન વગર ૫૮.૫ ટકા ઉંચા

તા.૫/૮/૧૧ ની સીટી એન્જીનીયર સાથે નેગોશીયેશન મીટીંગમાં એજન્સીએ અનુક્રમે નીચે મુજબના છેવટના ભાવો આપેલ હતા.

પ્રાઇઝ એસ્કેલેશન સાથે ૪૩ ટકા ઉંચા

પ્રાઇઝ એસ્કેલેશન વગર ૪૪.૫ ટકા ઉંચા

ઉકત બંને ભાવોમાં ૧.૫ ટકાનો વધારો જણાતા પ્રાઇઝ એસ્કેલેશન વગરના ભાવો માન્ય રાખવાનું નિયત કરી તા.૨૯/૮/૧૧ ની કમિશ્નરશ્રી સાથેની નેગોશીયેશન મીટીંગમાં એજન્સી વધુ ૧ ટકાનો ઘટાડો કરતા છેવટના મળેલ ૪૩.૫ ના ભાવ વ્યાજબી જણાતા કમિશ્નરશ્રીએ મંજુર કરી સ્થાયી સમિતિમાં રજુ કરતા ઠરાવ નં.૨૬૫ તા.૭/૯/૧૧ થી મંજુરી મળેલ હતી. ટેન્ડરની શરત મુજબ કામની કુલ રકમના ૨.૫ ટકા ની સી.ડી. પેટે રૂા.૧૮,૦૦,૦૦૦/- ની બેંક ગેરેંટી સાથે રૂા.૧૫૦/- ના સ્ટેમ્પપેપર ઉપર એજન્સીએ કરારખત રજુ કરતા કચેરી હુકમ નં.રામ્યુકો-ડ્રેનેજ-જા.નં.૫૩૭ તા.૧૫/૧૧/૧૧ થી કામનો વર્કઓર્ડર આપવામાં આવેલ હતો.

કામની નિયત સમય મર્યાદા પુર્ણ થતા સુધી એજન્સીનો કામનો પ્રોગ્રેસ ૩૦ ટકા સુધીનો જણાતા અને કામમાં ઝડપ લાવવા એજન્સી નિષ્ફળ જતા કામના મંજુર થયેલ ભાવથી વોર્ડના ૧૧ ઝોનલ કોન્ટ્રાકટરશ્રી ચકુભાઇ હિરાભાઇ પરમાર પેરેલલ કામ કરવા સહમત થતા સીડી ભરવા તથા કરારનામું કરવામાંથી મુક્તિ સાથે સ્ટે.કમિટિ ઠરાવ નં.૫૩૫ તા.૩/૧/૧૪ થી મંજુરી મળતા પેરેલલ કામ કરવા માટે હુકમ નં.૪૬૬૩ તા.૧૫/૨/૧૪ થી વર્કઓર્ડર આપેલ હતો.

શ્રી એસ.ડી. સજ્જન એન્ટરપ્રાઇઝ મુંબઇને કામનો પ્રોગ્રેસ વધારવા વારંવાર નોટીસ આપવા છતાં અવાર-નવાર કામ બંધ કરી દેતા હોય તથા કામમાં નોંધ પાત્ર પ્રોગ્રેસ લાવવામાં નિષ્ફળ જતા કચેરીના પત્ર નં.રામનપા-ડ્રેનેજ-વે.ઝો.-૫૭૪ તા.૧૩/૧૨/૧૩ તથા પત્ર નં.૬૨૨ તા.૩૦/૧૨/૧૩ થી ટેન્ડરની શરતો મુજબ કાર્યવાહી કરવા માટે પ્રથમ તથા આખરી નોટીસ આપવા છતાં કામમાં ઝડપ લાવવા કોઇ કાર્યવાહી નહી થતા કચેરી હુકમ નં.રામનપા-ડ્રેનેજ-વે.ઝો.-૯૭૬ તા.૨૭/૩/૧૪ થી શ્રી એસ.ડી. સજ્જન એન્ટરપ્રાઇઝ મુંબઇને કામનો કોન્ટ્રાકટ ટર્મીનેટ કરી બાકી રહેલ કામ એજન્સીના ખર્ચે અને જોખમે કરાવવા આ કામે મોબીલાઇઝેશન એડવાન્સ તથા સિકયોરીટી ડીપોઝીટ પેટે જમા રહેલ રૂા.૫૪,૦૦,૦૦૦/- ની બેંક ગેરેંટી જપ્ત કરી મહાનગરપાલીકા ભંડોળે જમા લેવા એજન્સીએ કરેલ કામના બાકી રહેલ બીલોના ચુકવણા નહી કરવા તથા ટેન્ડરની શરતો મુજબ એજન્સી સામે કાયદેસરની કાર્યવાહી કરવા હુકમ થયેલ હતો.

તા.૨૭/૩/૧૪ ના ટર્મીનેટ હુકમના અનુસંધાને સિકયોરીટી ડીપોઝીટ પેટેની રૂા.૧૮ લાખ તથા મોબીલાઇઝેશન એડવાન્સ સામેની રૂા.૩૬ લાખની બેંક ગેરેંટી ઓરીયેન્ટલ બેંક ઓફ કોમર્સના પત્ર નં.સીએન-૦૫૬૦૧-૨૦-૫ તા.૨૮/૩/૧૪ થી મહાનગરપાલીકાના ભંડોળે આરટીજીએસ થી જમા કરાવી તથા એજન્સીએ કરેલ કામનું જે તે સ્થિતિએ ફાયનલ બીલના માપો લઇ રૂા.૪૭,૯૩,૮૯૧/૧૬ નું બીલ બનાવી આવકવેરો, લેબરશેષ તથા વેટની કપાત કરી બાકી રહેલ રૂા.૪૬,૨૧,૩૧૧/- વસુલાત પેટે જમા લેવામાં આવેલ હતી. એજન્સીને ટર્મીનેટ કરતા પેરેલલ કોન્ટ્રાકટર શ્રી ચકુભાઇ હીરાભાઇ પરમાર એ કરેલ રૂા.૩૧,૦૬,૩૨૪/અ ના કામનું ચુકવણું કરી છુટા કરેલ હતા.

ઉકત વિગતેના સંસ્થાએ રજુ કરેલ સાધનિક રેકર્ડની ચકાસણી કરતા ધ્યાને આવેલ અનિયમિતતા બાબતે નીચે મુજબ ઓડીટ નોંધ છે.

(૧) ટેન્ડર મેન્યુઅલની જોગવાઇ મુજબ રૂા.૧૫ લાખ કે તેથી વધુ રકમના કામો માટે જિલ્લા કક્ષાએથી પ્રસિધ્ધ થતા એક ગુજરાતી તથા એક અંગ્રેજી દૈનિક તથા અમદાવાદથી પ્રસિધ્ધ થતા એક દૈનિકમાં જાહેરાત આપી બહોળી પ્રસિધ્ધિ કરી ઇ-ટેન્ડરીંગની પ્રક્રિયા કરવાની રહે છે. આ કામે એક જ દૈનિક

ગુજરાત સમાચાર માં જાહેરાત પ્રસિધ્ધ કરવામાં આવેલ હોઇ ટેન્ડરીંગ પ્રક્રિયામાં મળેલ ભાવો હરિફાઇ યુકત હોવાની ખાત્રી થતી નથી.

(૨) આ કામે બાકી રહેલ રૂા.૩,૪૩,૧૦,૫૩૨/- ના અંદાજી કિંમત + ૧,૪૯,૨૫,૦૮૨/- (૪૩.૫ ટકા ઉંચા) ના કામો એજન્સી શ્રી એસ.ડી. સજ્જન એન્ટરપ્રાઇઝ મુંબઇ ને ટર્મીનેટ કર્યા તા.૨૭/૩/૧૪ થી ઓડીટની તારીખ સુધી બે વર્ષ સુધીમાં પુર્ણ કરાવવા માટે સંસ્થાએ કોઇ કાર્યવાહી કરેલ હોય તો ખરાઇ કરાવવી ઘટે.

(૩) જપ્ત કરેલ રૂા.૫૪,૦૦,૦૦૦/- ની બેંક ગેરેંટીની રકમ મહાનગરપાલીકાના ભંડોળે જમા થયા અંગેની જમા નોંધ રસીદ/પહોંચ ફાઇલે સામેલ ન હોય ઓડીટે ખાત્રી થતી નથી.

(૪) માપપોથી પાના નં.૫ મુજબ રૂા.૩૫,૯૩,૨૪૦/- ના ૫ ટકા મોબીલાઇઝેશન બીલ નં.૨૦૩૭૦ તા.૮/૧૧/૧૨ નું ચુકવણું શરત ચુકથી શ્રી એસ.ડી. સજ્જન એન્ટરપ્રાઇઝ મુંબઇ ના બદલે શ્રી રોહિત સજ્જન જે. વી. ના ખાતામાં થઇ જતા બીલ નં.૨૧૪૮૩ તા.૩૦/૧૧/૧૨ થી ફરી બીલ બનાવીશ્રી એસ.ડી.સજ્જન એન્ટરપ્રાઇઝ એજન્સીને ચુકવણું કરેલ હતુ. તેથી શરત ચુકથી રોહિત સજ્જન જે. વી. ને ચુકવેલ રકમ રૂા.૩૫,૯૩,૨૪૦/- તેમની પાસેથી પરત લેવાની રહે છે. જે પરત મેળવ્યાની ખરાઇ કરાવવી રહે.

(૫) આ કામે શહેરી વિકાસ તથા શહેરી ગૃહ નિર્માણ વિભાગના વહીવટી મંજુરી હુકમ નં.બજટ-૧૦૨૦૧૦-૬૮૬(૪)-બ તા.૪/૩/૧૦ની શરત નં.૭ તથા તે જ વિભાગના ઠરાવ નં.સજય-૧૦૨૦૦૯-૧૫૧૫-ઘ તા.૧૭/૧૧/૦૯ ની જોગવાઇ મુજબ આ કામે વાપરવાના મટીરીયલનું GWSSB માન્ય ગવર્નમેન્ટ અંડરટેકીંગ એજન્સી પાસે ઇન્સ્પેકશન કરાવવાનું રહેશે અને તેનો ખર્ચ કોન્ટ્રાકટરે ભોગવવાનો રહે છે. આ કામે રાઇટસ લી. પાસે તા.૧૮/૪/૧૨ તથા તા.૧૯/૪/૧૨ ના રોજ ૧૦૦૦ MM તથા ૧૨૦૦ MM ના RCC પાઇપ અનુક્રમે ૧૭૫ રનીંગ મીટર તથા ૨૭૫ રનીંગ મીટર પાઇપનું ઇન્સ્પેકશન કરાયાનો રીપોર્ટ સામેલ છે. પરંતુ સ્ટોન વેર પાઇપ, મેનહોલના ફ્રેમ કવર તથા બાકીના આરસીસી પાઇપનું થર્ડ પાર્ટી ઇન્સ્પેકશન રીપોર્ટ સામેલ રાખેલ ન હોય ખરાઇ થતી નથી.

(૬) આ કામના પેરેલલ કોન્ટ્રાકટરને મટીરીયલ ટેસ્ટીંગ પેટે નીચે મુજબ ચુકવણા કરેલ છે.

| આઇટમ નંબર | જથ્થો | ભાવ | કુલ ચુકવેલ રકમ |
|---|---|---|---|
| ૪.૧.૧ (એ) | ૧૭૫૫.૬૮ | ૯.૫૦ | ૧૬૬૭૮.૯૬ |
| ૪.૧.૨ (એ) | ૬૮૦.૯૮ | ૧૩.૮૦ | ૯૩૯૭.૫૨ |
| ૪.૧.૩ (એ) | ૧૦૯.૬૧ | ૨૧.૪૦ | ૨૩૪૫.૬૫ |
| ૫.૧.૧ (એ) | ૧૭૫૫.૬૮ | ૫.૮૬ | ૧૦૨૮૮.૨૮ |
| ૫.૧.૨ (એ) | ૬૮૦.૯૮ | ૯.૩૦ | ૬૩૩૩.૧૧ |
| ૫.૧.૩ (એ) | ૧૦૯.૬૧ | ૧૫.૦૦ | ૧૪૭૯૭.૩૫ |
| | | | ૫૯૮૪૦.૮૭ |

જે ઉકત ઠરાવની જોગવાઇ મટીરીયલ ટેસ્ટીંગ ચાર્જ ચુકવવાપાત્ર ન હોવા છતાં ચુકવવા અંગે સ્પષ્ટતા સહ એજન્સી પાસેથી વસુલ લઇ ખરાઇ કરાવવી રહે તેમજ પેરેલલ એજન્સીએ વપરાશમાં

લીધેલ મટીરીયલનું થર્ડ પાર્ટી ઇન્સ્પેકશન કરાવેલ હોય તેના એક પણ રીપોર્ટ ફાઇલે સામેલ રાખેલ નથી.

(૭) આ કામે બન્ને એજન્સીઓને કરેલ ફાઇનલ ચુકવણા તથા માપપોથીઓની ચકાસણી કરતા આઇટમ નં.૪.૨ માં આરસીસી પાઇપ ૧૦૦૦ એમએમ ની કુલ ૧૪૩૫.૪૦ રનીંગ મીટર તથા આઇટમ નં.૪.૨.૧ માં આર.સી.સી. પાઇપ ૧૨૦૦ એમએમ ની કુલ ૭૬૫ રનીંગ મીટર લાવવામાં આવેલ હતી. તે પૈકી આઇટમ નં.૫.૨.૧ મુજબ ૧૦૦૦ એમએમ ની ૧૩૨૭.૯૦ રનીંગ મીટર તથા આઇટમ નં.૫.૨.૨ મુજબ ૧૨૦૦ એમએમ ની ૩૮૨.૫૦ રનીંગ મીટરની પાઇપ લાઇન પાથરવામાં આવેલ છે. બાકી બચત રહેલ ૧૦૦૦ એમએમ ની ૧૦૭.૫૦ રનીંગ મીટર તથા ૧૨૦૦ એમએમ ની ૩૮૨.૫૦ રનીંગ મીટર પાઇપ સંસ્થા દ્વારા  કયાં કામે વપરાશ થયેલ છે તેની રેકર્ડ આધારીત ખરાઇ કરાવવી રહે.

(૮) ટેન્ડરની શરત નં.આઇટી-૩૬ મુજબ એજન્સીને ચુકવેલ મોબીલાઇઝેશન એડવાન્સની રકમ કામની નિયત થયેલ સમય મર્યાદામાં ચુકવવામાં આવતા રનીંગ બીલેથી વસુલ લઇ લેવાની રહે છે. આ કામની નિયત થયેલ સમય મર્યાદા તા.૧૫/૧૧/૧૩ ના રોજ પુર્ણ થતી હતી અને એજન્સીને તા.૨૭/3/૧૪ ના રોજ ટર્મીનેટ કર્યા તારીખે રૂા.33,૧૦,૪૩૫/- નું મોબીલાઇઝેશન એડવાન્સ વસુલ લેવાનું બાકી રહેલ હતુ. રનીંગ બીલેથી મોબીલાઇઝેશન એડવાન્સની પુરેપુરી રકમ વસુલ લેવામાં આવેલ નથી.

(૯) સંસ્થા દ્વારા મુદત વધારો મંજુર કર્યાના આધારો ફાઇલ પર સામેલ ના હોય ટેન્ડરની જનરલ શરત નં.જીસી-૨૦ મુજબ નિયમ સમય મર્યાદામાં કામ પુર્ણ કરવામાં એજન્સી નિષ્ફળ જાય તો દૈનિક ટેન્ડરની રકમના ૦.૧ ટકાના દરે દૈનિક વિલંબ વળતર વસુલ લેવાનું રહે છે. આ કામની મુદત તા.૧૪/૧૧/૧૩ ના રોજ પુર્ણ થાય છે. એજન્સીને તા.૨૭/03/૧૪ ના રોજ ટર્મીનેટ કર્યા તારીખ સુધી દિન-૧૩૩ નો વિલંબ થયેલ હોઇ ટેન્ડરની શરત મુજબ

$$\frac{૭૧૮૬૪૮૦૦ \times ૦.૧ \times ૧૩૩}{૧૦૦૦} = ૯૫૫૮૦૧૮.૪૦$$

વિલંબ વળતરની રકમ થાય પરંતુ ઉકત શરતની જોગવાઇ મુજબ વધુમાં વધુ એસ્ટીમેન્ટની રકમના ૧૦ ટકા સુધી રૂા.૫૦૦૮૦૦૦/- વિલંબ વળતરની વસુલાત મેળવી લેવા વિનંતી.

(૧૦) આ કામની માપપોથી જોતા ડ્રેનેજ કલેકટીવ સીસ્ટમની મેઇન લાઇનનું કામ ફકત ૨૦ ટકા જેટલુ જ થવા પામેલ છે. આ કામ માટે સને ૨૦૧૦ માં સરકારશ્રી માંથી ગ્રાન્ટ મળેલ હતી. જે એજન્સીને ટર્મીનેટ કર્યા તારીખ તા.૨૭/3/૧૪ સુધીના ચાર વર્ષમાં સંસ્થાએ કુલ રૂા.૨,૨૬,૨૯,૧૮૬/- ના ચુકવણા કરેલ હોવા છતાં ચાર વર્ષ પૂર્ણ થવા છતાં સરકારશ્રીની યોજના લોકો ઉપયોગી બની શકેલ નથી.

વિધાનસભા અહેવાલનો સુચિત ફકરો તા.૩૧/૦૭/૨૦૧૭ના રોજ અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, કમિશ્નરશ્રી, મહાનગરપાલિકા રાજકોટને રવાના કરવામાં આવેલ હતો જેનો જવાબ તા.૨૦/૨/૨૦૧૮ના રોજ સુધી મળેલ નથી.

**૪.૧૫ વોર્ડ નં.૧૩ ડ્રેનેજ ફેઇઝ-૩ પાર્ટ-૨ ના કામો પૈકી ઝોન-૩ બી માં કલેકટીવ સીસ્ટમ તથા હાઉસ કનેકશન ચેમ્બર નાખવાના કામ બાબત. (ફકરા નં..-૧૪૨)**

| | | |
|---|---|---|
| ૧ | એજન્સીનું નામ | ઘેનું ઇન્ફ્રાસ્ટ્રકચર પ્રા.લી. |
| ૨ | કામની અંદાજી રકમ | રૂા.૬,૪૭,૬૦,૦૦૦/- |
| ૩ | વહીવટી મંજુરી | સ્ટે.ક.ઠ.નં.૨૩૦ તા.૯/૭/૧૦<br>વહીવટી મંજુરી નં.૨૧૬ તા.૨૪/૭/૧૦ |
| ૪ | ખર્ચ મંજુરી | રામનપા-ડ્રેનેજ પ્રોજેકટ-જા.નં.૬૬૭ તા.૧૮/૩/૧૦ |
| ૫ | ટેન્ડરની રકમ | રૂા.૧૦,૪૨,૬૩,૬૦૦/- ૬૧ ટકા ઉંચા |
| ૬ | કામની મુદત | ૧૮ માસ તા.૧/૭ થી તા.૩૦/૯ નોન વર્કીંગ પીરીયડ |
| ૭ | વર્કઓર્ડર નં. | રામ્યુકો-ડ્રેનેજ-જા.નં.૩૫૭ તા.૬/૯/૧૦ |
| ૮ | કામ પુર્ણ થવાની તારીખ | તા.૧૫/૧૦/૧૨ |
| ૯ | કામ પુર્ણ થયાની વિગત | તા.૧૪/૧/૧૩ |
| ૧૦ | કામનો થયેલ ખર્ચ | રૂા.૫,૫૮,૯૯,૭૫૪/- |
| ૧૧ | બાકી કામની રકમ | રૂા.૪,૮૩,૬૩,૮૪૬/- |
| ૧૨ | ફાઇનલ બીલની રકમ | રૂા.૧,૨૫,૬૭,૯૬૨/- |
| ૧૩ | ફાઇનલ બીલ નં. તારીખ | ૮૦૧૬ તા.૫/૭/૧૩ |
| ૧૪ | માપપોથી પાના નં. | માપપોથી પાના નં.૧ થી ૨૦૦<br>માપપોથી પાના નં.૧ થી ૧૯૫<br>માપપોથી પાના નં.૧ થી ૬૭ |
| ૧૫ | ખર્ચનું સદર | SJMMSVY ફેઇઝ-૩ પાર્ટ-૨ |

રાજકોટ મહાનગરપાલીકાના સને ૨૦૧૧-૧૨ ના ડ્રેનેજ શાખાના અન્વેષણમાં ઓડીટ વર્ષમાં શાખા દ્વારા હાથ ધરાયેલ કામોની વર્ક ફાઇલો તથા માપપોથીઓની ચકાસણી કરતા સદર કામ સંસ્થાએ રજુ કરેલ રેકર્ડ મુજબ કરેલ કામગીરીની વિગત નીચે મુજબ હતી.

સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અન્વયે ભુગર્ભ ગટર યોજના ફેઇઝ-૩, પાર્ટ-૨ ના ડીપીઆર પૈકી રૂા.૪૧૯૭.૩૦ લાખના અંદાજપત્રો સ્વર્ણિમ ગુજરાત હેઠળ મંજુર કરી તેના ઇનહાઉસ ડી.ટી.પી. તૈયાર કરાવી તા.૧૮/૩/૧૦ ના રોજ ખર્ચ મંજુર કરી ટેન્ડર નોટીસ ઇ-ટેન્ડર થી રા.મ્યુ.કો.ની વેબસાઇટ ઉપર તથા તા.૭/૪/૧૦ ના દૈનિક ગુજરાત સમાચારમાં પ્રસિધ્ધ કરાવી ઇ-ટેન્ડર પધ્ધતિથી ટેન્ડરો માંગવામાં આવેલ હતા. તા.૮/૪/૧૦ના રોજ યોજાયેલ પ્રીબીડ મીટીંગમાં કુલ-૬(છ) એજન્સીઓએ ભાગ લીધેલ હતો. નિયત સમય મર્યાદામાં આ કામે એક માત્ર બીડર ઘેનું ઇન્ફ્રાસ્ટ્રકચર નું બીડ રજુ થયેલ હતુ. તેનું ટેકનીકલ બીડ તા.૨૩/૪/૧૦ ના રોજ ખોલવામાં આવેલ હતુ. ટેન્ડરની

કવોલીફીકેશન ક્રાઇટેરીયા-૧ મુજબ બીડરે કામની અંદાજીત રકમના ૫૦ ટકા સીમીલર નેચરનું ઓછામાં ઓછું એક કામ કરેલ હોવાની શરત સામે ઘેનું ઇન્ફ્રાસ્ટ્રકચરે ૪૩.૧૩ ટકા રકમના સીમીલર નેચરના કામનો અનુભવ ધરાવે છે. રાજકોટ શહેરના ભુગર્ભ ગટરના કામે ઘણા સમયથી પુરતા પ્રમાણમાં બીડરો ભાગ લેતા ન હોવાના કારણે સીમીલર નેચરના અંદાજીત ખર્ચના ૫૦ ટકા રકમના અનુભવની શરતમાં છુટછાટ આપવાના કાર્યપાલક ઇજનેરશ્રીના તા.૨૭/૪/૧૦ ના અભિપ્રાયને કમિશ્નરશ્રીએ મંજુર રાખતા એજન્સીનું પ્રાઇસબીડ ખોલવામાં આવતા ૮૧ ટકા વધુનો ભાવ આવેલ હતો. આ ભાવ અધિક જણાતા તા.૧૮/૫/૧૦ ના રોજ કા.ઇ.શ્રીએ રૂબરૂ યોજાયેલ વાટાઘાટ મીટીંગના અંતે એજન્સી ૭૯ ટકા અધિક ભાવે કામ કરવા સહમતી આપેલ હતી. જે ભાવો વધુ જણાતા તા.૨/૬/૧૦ ના રોજ કમિશ્નરશ્રી સાથેની વાટાઘાટ મીટીંગના ખાતે ૭૦ ટકા વધુ ના ભાવે સહમતી આપેલ હતી. તે પણ વધુ જણાતા તા.૧૧/૬/૧૦ ના રોજ કમિશ્નરશ્રી સમક્ષ એજન્સીને ડીટેઇલ રેઇટ એનાલીસીસ સાથે વાટાઘાટ માટે હાજર રહેવા જણાવેલ. જે મીટીંગમાં એજન્સીએ ૬૫ ટકા વધુના ભાવે સહમતી આપેલ હતી. ત્યાર બાદના કાર્યપાલક ઇજનેરશ્રીના વિશેષ ભાવ ઘટાડા અર્થે બોલાવવાના અભિપ્રાય બાદ એજન્સીએ ૬૧ ટકા વધુના છેવટના ભાવ રજુ કરેલ હતા. જેને કમિશ્નરશ્રીએ મંજુરી આપેલ હતી અને આ કામની દરખાસ્ત સ્થાયી સમિતિ સમક્ષ રજુ કરતા ઠરાવ નં.૨૩૦ તા.૯/૭/૧૦ થી ધોરણસરની કાર્યવાહી કરવા પરવાનગી આપેલ હતી.

ઉકત ઠરાવને કમિશ્નરશ્રીએ હુકમ નં.૨૧૬ તા.૨૪/૭/૧૦ થી વહીવટી મંજુરી આપેલ હતી. એજન્સીએ કામની કુલ કિંમતના ૫ ટકા લેખે રૂા.૫૨,૧૩,૧૮૦/- ની તા.૨૪/૮/૧૧ સુધીની વેલીડીટી ધરાવતી બેંક ગેરેંટી સાથે રૂા.૧૦૦/- ના સ્ટેમ્પપેપર પર કરારખત તા.૨૫/૮/૧૦ ના રોજ રજુ કરતા કચેરી હુકમ નં.રામ્યુકો-ડ્રેનેજ(પ્રોજેકટ)-જા.નં.૩૫૭ તા.૬/૯/૧૦ થી કામનો વર્કઓર્ડર આપેલ હતો.

સદર કામનો સ્કોપ રીડયુસ થતા આ કામમાં અંદાજે ૩૦ થી ૩૫ ટકા રકમની બચત રહેવાના સંભવ રહેતા વોર્ડ નં.૧૩ ના સોરઠીયા પાર્ક વિસ્તાર કે જે આ કામનો લાગુ વિસ્તાર હોય તેના રૂા.૧૦,૮૦,૦૦૦/- ના ભુગર્ભ ગટરના અંદાજીત કામ આ કામની બચત રહેલ ગ્રાન્ટમાંથી કરવા અભિપ્રાય તા.૮/૧૦/૧૨ ના રોજ થતા તેમજ એજન્સીએ વધારાના કામ માટે વધુ ૪ માસનો મુદત વધારો માંગતા કા.ઇ.શ્રીના ૩ માસના મુદત વધારાના અભિપ્રાયને કમિશ્નરશ્રીએ મંજુરી આપેલ હતી.

ઉકત કામની માપપોથી તથા વર્કફાઇલની ચકાસણી કરતા નીચે મુજબની ઓડીટ નોંધ આપવામાં આવે છે.

(૧) આ કામની વર્કફાઇલના પાના નં.૭ ની નોંધ નં.૨૪ મુજબ ઘેનું ઇન્ફ્રાસ્ટ્રકચરએ નીચે મુજબની વિગતેના કામો માટે ઇ-ટેન્ડર ભરેલ હતા.

| ક્રમ | પેકેજ નંબર | કામની અંદાજીત રકમ (લાખમાં) |
|---|---|---|
| ૧ | ઝોન-૧ પાર્ટ | ૪૬૮.૦૦ |
| ૨ | ઝોન-૨ | ૩૭૨.૦૦ |
| ૩ | ઝોન-૩ બી | ૬૪૭.૬૦ |
| | | ૧૪૮૭.૬૦ |

ટેન્ડરની ફાઇનાન્સીયલ ક્રાઇટેરીયા ચકાસતા બીડરનું છેલ્લા ત્રણ વર્ષનું એવરેજ વાર્ષિક ટર્ન ઓવર અંદાજીત રકમના ૧.૨ ગણુ એટલે કે ૧૭૮૫.૧૨ લાખનું હોવું જોઇએ તેના બદલે એજન્સીનું ટેન્ડર મુજબ ૮૨૭.૬૬ લાખનું એવરેજ વાર્ષિક ટર્ન ઓવર થાય છે. તેમજ બીડરની વર્કીંગ કેપીટલ કામની અંદાજીત રકમના ૨૫ ટકા એટલે કે રૂા.૩૭૧.૯૦ લાખની સામે એજન્સીની વર્કીંગ કેપીટલ ૨૯૮.૭૫ લાખની થાય છે તથા કવોલીફીકેશન ક્રાઇટેરીયા મુજબ કામની અંદાજીત રકમના ૫૦ ટકા રકમના સીમીલર નેચરના એટલે કે રૂા.૭૪૩.૮૦ લાખના કામનો અનુભવ હોવો જોઇએ તેના બદલે એજન્સી પાસે રૂા.૨૯૮,૭૫ લાખના કામનો અનુભવ ધરાવે છે. આમ ઉકત ટેન્ડરની શરતો મુજબ એજન્સી નોન કવોલીફાય થવા પાત્ર હોવા છતાં ટેન્ડર ભરાઇ પરત આવ્યા બાદ ફકત સદર કામની અંદાજી રકમના ૫૦ ટકા ના અનુભવમાં છુટછાટ આપી એક માત્ર બીડરનું ટેન્ડર માન્ય રાખવામાં આવેલ હતુ.

(૨) આ કામનો સ્કોપ રીડયુસ થતા કામની કુલ કિંમતના આશરે ૩૫ ટકા જેવી બચત રહેવા પામેલ છે તો આ સ્કોપ રીડયુસ થવાના કારણોની કોઇ વિગતો ફાઇલે સામેલ નથી. તેમજ સ્કોપ રીડયુસ થવાથી કયા વિસ્તારોમાં ડ્રેનેજનું કયું કામ કરવામાં આવેલ નથી. તેની વિગતો પણ ફાઇલે સામેલ ન હતી.

(૩) ગુજરાત વેટ અધિનિયમ-૨૦૦૬ ની જોગવાઇ મુજબ રૂા.૧ કરોડથી અધિક રકમના કામે ૦.૬૦ ટકા લેખે વેટની કપાત કરી સરકારશ્રીમાં જમા કરાવવાની રહે છે. સદર કામે માપપોથીઓની ચકાસણી કરતા રનીંગ બીલ-૧ તથા રનીંગ બીલ-૨ ની કુલ રકમ રૂા.૩૯,૦૩,૩૯૧/- ના ૦.૬૦ ટકા લેખે રૂા.૪૭,૪૨૦/- ની એજન્સી પાસેથી વસુલાત મેળવવાની રહે છે.

(૪) આ કામનો વર્કઓર્ડર તા.૬/૯/૧૦ ના રોજ આપવામાં આવેલ હતો અને કામની મુદત ૧૮ માસની નિયત થયેલ હતી અને ૧/૭ થી ૩૦/૯ સુધી ચોમાસાનો નોન વર્કીંગ સમયને બાદ કરતા કામની મુદત તા.૧/૧૦/૧૦ થી ગણતા તા.૩૦/૬/૧૨ ના રોજ મુદત પુર્ણ થાય છે. તેના બદલે મુળ કામ પુર્ણ થવાની તા.૧૫/૧૦/૧૨ ગણવામાં આવેલ છે. આમ નિયત થયેલ કામની મુદતથી ૧૦૭ દિવસની સમય મર્યાદા વધુ આપવાના મંજુરી હુકમો ન હોવાથી ટેન્ડરની શરત નં.જીસી-૨૦ મુજબ વસુલાત મેળવવી રહે.

(૫) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ બજટ-૧૦૨૦૧૦-૬૮૬(૪)-બ તા.૪/૭/૧૦ ની શરત મુજબ આ કામના હિસાબો અલગથી નિભાવવાના રહે છે. જે નિભાવેલ હોય તો ખરાઇ કરાવવી રહે. તથા તે જ ઠરાવની શરત મુજબ આ કામે વપરાયેલ મટીરીયલનું થર્ડ પાર્ટી ઇન્સ્પેકશન રીપોર્ટ પણ ફાઇલે સામેલ રાખેલ નથી.

(૬) સિકયોરીટી ડીપોઝીટ પેટે લેવામાં આવેલ રૂા.૫૨,૧૩,૧૮૦/- ની બેંક ગેરેંટીની વેલીડીટી તા.૨૪/૮/૧૧ ના પુર્ણ થવા પાત્ર હતી. ત્યાર બાદ ટેન્ડરની શરત જીસી-૧૨ મુજબ ડીફેકટ લાયાબીલીટી સમય કામ પુર્ણ થયા બાદ ૧૨ માસ સુધી રીવેલીડેટ કરાવવાની રહે છે. જે રીવેલીડેટ કરાવેલ હોવાના આધાર ફાઇલે સામેલ રાખેલ નથી.

વિધાનસભા અહેવાલનો સુચિત ફકરો તા.૩૧/૦૭/૨૦૧૭ના રોજ અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, કમિશ્નરશ્રી, મહાનગરપાલિકા રાજકોટને રવાના કરવામાં આવેલ હતો જેનો જવાબ તા.૨૦/૨/૨૦૧૮ના રોજ સુધી મળેલ નથી.

## ૪.૧૬ મહાનગરપાલીકા સંચાલીત ગ્રાન્ટ ઇન એઇડ શાળા શ્રી પી. એન્ડ ટી. વી. શેઠ હાઇસ્કુલ દ્વારા ઉઘરાવેલ ફી ની રકમ મ્યુનિસિપલ ફંડમાં જમા નહિ કરાવી ઉચાપત કરવા બાબત. (ફકરા નં.-૧૪૬)

રાજકોટ મહાનગરપાલીકા સંચાલીત ગ્રાન્ટ ઇન એઇડ શાળા શ્રી પી. એન્ડ ટી. વી. શેઠ હાઇસ્કુલના સને ૨૦૧૧-૧૨ ના અન્વેષણ દરમ્યાન ગંભીર પ્રકારની નાણાકીય અનિયમિતતાઓ ધ્યાને આવેલ જેની વિગત નીચે પ્રમાણે છે.

સંસ્થાના સને ૨૦૧૧-૧૨ ના રોજમેળનું ઇન્ડીયન ઓવરસીઝ બેંક ખાતા નં.૦૪૨૭૦૧૦૦૦૦૦૧૮૦૪ ને પાસબુક સાથે મેળવણું કરતા વર્ષ ૨૦૧૧-૧૨ દરમ્યાન ખુલતી સિલક રૂા.૧૨૦૬/- તથા વિદ્યાર્થીઓ પાસે ઉઘરાવેલ ફી ની રકમની આવક સ્કુલના રોજમેળ મુજબ વર્ષ દરમ્યાન રૂા.૩,૨૨,૯૫૫/- થયેલ હતી. તે પૈકી વર્ષ દરમ્યાન હાથ પરની કુલ રોકડ સિલકમાંથી રૂા.૧,૬૦,૯૬૫/- ઉકત બેંક ખાતામાં જમા કરાવેલ હતી. તા.૩૧/૩/૧૨ ના રોજ હાથ પર રહેલ સિલક રૂા.૧,૬૩,૧૯૬/- માંથી રૂા.૧,૬૧,૯૯૦/- શાળાના ઇન્ચાર્જ આચાર્યશ્રી એલ. કે. સોલંકીના ખાતે ઉધારી અંતિમ રોકડ સિલક રૂા.૧૨૦૬/- દર્શાવી રોજમેળ બંધ કરેલ હતો. ઇન્ચાર્જ આચાર્યશ્રી એલ. કે. સોલંકીએ સ્કુલના બેંક ખાતા નં. આઇ.ઓ.બી. ૦૪૨૭૦૧૦૦૦૦૦૧૮૦૪ માં નીચે મુજબ ની વિગતે ફી ની રકમ જમા કરાવેલ હતી.

| ક્રમ | તારીખ | બેંકનું નામ | ચેક નંબર | જમા કરાવેલ ફી ની રકમ | રોજમેળ પાના નંબર |
|---|---|---|---|---|---|
| ૧ | ૯/૨/૧૩ | એસ.બી.આઇ. | ૫૩૭૭૧૮ | ૭૦,૦૦૦/- | ૧૪૮ |
| ૨ | ૧૩/૨/૧૩ | એસ.બી.આઇ. | ૪૭૩૪૫૨ | ૧,૨૦,૦૦૦/- | ૧૫૧ |
| | | | કુલ રકમ રૂા. | ૧,૯૦,૦૦૦/- | |

શ્રી એલ. કે. સોલંકીની શાળાના ઇન્ચાર્જ આચાર્ય તરીકે કમિશ્નરશ્રીના આદેશ નં.રામ્યુકો/શે.હા.જા.નં./૮૩ તા.૩૦/૭/૦૮ થી નિમણુંક થયેલ હતી તથા હુકમ નં.રામ્યુકો/શે.હા./૨૫ તા.૨૩/૬/૧૨ ના આદેશથી શ્રી તુષાર એસ. પંડયાની રેગ્યુલર આચાર્ય તરીકે નિમણુંક થતા શ્રી પંડયા તા.૪/૮/૧૨ થી આચાર્ય તરીકે હાજર થયેલ હતા. શ્રી સોલંકીના ઇન્ચાર્જ આચાર્ય તરીકેના સમય ગાળાના હિસાબોની રોજમેળ મુજબની વિગત નીચે મુજબ રહેલ હતી.

| ક્રમ | હિસાબી વર્ષ | શરૂની સિલક | વાર્ષિક ફી ની આવક | બેંકમાં જમા કરાવેલ રકમ | વર્ષના અંતે ખરેખર બાકી રહેતી સિલક | શ્રી સોલંકી ના ખાતે ઉધારેલ રકમ | વર્ષના અંતે બંધ સિલક |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧ | ૨૦૦૮-૦૯ | ૨૦૦૮-૦૯ હિસાબી રેકર્ડ રજુ થયેલ ન હોય ચકાસણી થઇ શકેલ નથી | | | | | |
| ૨ | ૨૦૦૯-૧૦ | ૭૬૨ | ૨૧૮૬૬૭ | ૨૦૮૫૨૨ | ૧૦૯૦૭ | ૧૦૧૪૫ | ૭૬૨ |
| ૩ | ૨૦૧૦-૧૧ | ૭૬૨ | ૩૧૯૧૬૯ | ૧૬૦૩૨૪ | ૧૫૯૬૦૭ + | ૧૫૮૮૪૫ | ૧૨૦૬ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | ૪૪૪ = ૧૬૦૦૫૧ | | |
| ૪ | ૨૦૧૧-૧૨ | ૧૨૦૬ | ૩૨૨૯૫૫ | ૧૬૦૯૬૫ | ૧૬૩૧૯૬ | ૧૬૧૯૯૦ | ૧૨૦૬ |
| ૫ | ૨૦૧૨-૧૩ | ૧૨૦૬ | ૨૯૫૯૧૩ | ૨૯૫૯૧૩ | ૧૨૦૬ | શુન્ય | ૧૨૦૬ |

(* તા.૨૬/૨/૧૧ ના રોજ બેંક ખતામાંથી ચેક નં.૪૯૨૮૪૭ થી રૂા.૨૦૦૦/- ઉપાડી શાળાના અદ્યતન પ્રવૃતિ ખર્ચ ખાતે રૂા.૧૫૫૬/- નો ખર્ચ કરી બચત રકમ બંધ સિલકમાં રૂા.૪૪૪/- રાખેલ છે.)

આમ શ્રી સોલંકીના ઇન્ચાર્જ આચાર્ય તરીકેના સમયગાળામાં રોજમેળ મુજબ શ્રી સોલંકીના ખાતે ઉધારેલ તથા સોલંકીએ ચેકથી જમા કરાવેલ રકમની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | હિસાબી વર્ષ | તારીખ | શ્રી સોલંકીના ખાતે ઉધારી કરેલ ઉચાપતની રકમ | શ્રી સોલંકીએ જમા કરાવેલ રકમ | રોજમેળ પાના નંબર |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | ૨૦૦૯-૧૦ | ૩૧/૩/૧૦ | ૧૦,૧૪૫/- | ------ | ૧૩૨ |
| ૨ | ૨૦૧૦-૧૧ | ૩૧/૩/૧૧ | ૧,૫૮,૮૪૫/- | ------ | ૧૩૯ |
| ૩ | ૨૦૧૧-૧૨ | ૩૧/૩/૧૨ | ૧,૬૧,૯૯૦/- | ------ | ૧૪૯ |
| ૪ | એસ.બી.આઇ. ચેક નં.૫૩૪૭૧૮ | ૯/૨/૧૩ | ------ | ૭૦,૦૦૦/- | ૧૪૮ |
| ૫ | એસ.બી.આઇ. ચેક નં.૪૭૩૪૫૨ | ૧૩/૨/૧૩ | ------ | ૧,૨૦,૦૦૦/- | ૧૫૧ |
| | | કુલ રૂા. | ૩,૩૦,૯૮૦/- | ૧,૯૦,૦૦૦/- | |

ઉકત બાબતે સ્કુલના રોજમેળ તથા ઇન્ડીયન ઓવરસીઝ બેંક ખાતા નં.૧૮૦૪ ની ચકાસણી કરતા ધ્યાને આવેલ નાણાકીય અનિયમિતતા અંગે નીચે મુજબ ઓડીટ નોંધ આપવામાં આવે છે.

(૧) શ્રી સોલંકીએ સંસ્થાની રકમનો નીચે મુજબના સમય માટે અંગત ઉપયોગ કરી ઉચાપત કરેલ છે.

| ક્રમ | સંસ્થાની રકમનો અંગત ઉપયોગ કર્યાનો સમય | રકમ | કુલ સમય ગાળો | | |
|---|---|---|---|---|---|
| | | | વર્ષ | માસ | દિવસ |
| ૧ | ૨ | ૩ | ૪ | | |
| ૧ | તા.૩૧/૩/૧૦ થી તા.૯/૨/૧૩ | ૧૦,૧૪૫/- | ૨ | ૧૦ | ૧૦ |
| ૨ | તા.૩૧/૩/૧૧ થી તા.૧૩/૨/૧૩ | ૧,૫૮,૮૪૫/- | ૧ | ૧૦ | ૧૪ |
| ૩ | તા.૩૧/૩/૧૨ થી તા.૧૩/૨/૧૩ | ૨૧,૦૧૦/- | ૦ | ૧૦ | ૧૪ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૪ | તા.૩૧/૩/૧૨ થી તા.૨૩/૭/૧૫ ઓડીટની તારીખ સુધી | ૧,૪૦,૯૮૦/- | ૩ | ૩ | ૨૩ |

ઉપર મુજબની વિગતે શ્રી સોલંકીએ ક્રમ નં.૧ થી ૩ ની વિગતે કોલમ નં.૪ મુજબના સમય સુધી સંસ્થાની રકમ પોતાના અંગત ઉપયોગમાં રાખી હંગામી ઉચાપત તથા ક્રમ નં.૪ કોલમ-૩ ની વિગતે રૂા.૧,૪૦,૯૮૦/- અન્વેષણની તારીખ સુધી સંસ્થાના બેંક ખાતામાં કે મ્યુનિસિપલ ફંડમાં જમા નહી કરાવી કાયમી ઉચાપત કરેલ છે.

(૨) શ્રી સોલંકીએ તા.૩૧/૩/૧૦ થી તા.૩૧/૩/૧૨ સુધી ઉચાપત કરેલ સંસ્થાની રોકડ રૂા.૩,૩૦,૯૮૦/- પૈકી રૂા.૧,૯૦,૦૦૦/- હંગામી ઉચાપત તેમજ રૂા.૧,૪૦,૯૮૦/- ની કાયમી ઉચાપતની રકમ અંગે ગુજરાત નાણાકીય નિયમો-૧૯૭૧ ના નિયમ-૨૫ તથા તેની નોંધ ૧ ના પરિશિષ્ટ-૧ મુજબની કાર્યવાહી કરવી ઘટે.

(૩) શ્રી સોલંકીએ કરેલ રૂા.૧,૯૦,૦૦૦/- ની હંગામી ઉચાપત તથા રૂા.૧,૪૦,૯૮૦/- ની કાયમી ઉચાપત બાબતે ગુજરાત નાણાકીય નિયમો-૧૯૭૧ ના નિયમ-૨૦(૧) મુજબ સક્ષમ સતાધિકારીશ્રીના ધ્યાને લેવાયેલ હોય તો તેની રેકર્ડથી ખરાઇ કરાવવી રહે.

(૪) ગુજરાત પ્રોવિન્સીયલ મ્યુનિસિપલ એકટ-૧૯૪૯ ના પ્રકરણ-૯ ની કલમ નં.૮૩ મુજબ મળેલા નાણા સત્વરે મહાનગરપાલીકા ફંડમાં જમા કરાવી દેવાના રહ છે. શ્રી પી. એન્ડ ટી. વી. શેઠ હાઇસ્કુલના રોજમેળ ચકાસતા ઉકત કલમની જોગવાઇ વિરૂધ્ધ ખુબ જ મોટી રકમ હાથ પરની રોકડ સિલક તરીકે રાખવામાં આવેલ છે અને સમગ્ર વર્ષ દરમ્યાન ફકત ચારથી પાંચ વખત સ્કુલના બેંક ખાતામાં જમા કરવામાં આવેલ છે.

(૫) શ્રી પી. એન્ડ ટી. વી. શેઠ હાઇસ્કુલ તરફથી રજુ થયેલ રેકર્ડ પૈકી સને ૨૦૦૮-૦૯ નું સમગ્ર રેકર્ડ તથા સને ૨૦૦૯-૧૦ થી ૨૦૧૨-૧૩ સુધી વપરાયેલ પહોંચબુકો, મળેલ ફી ની રકમનું પહોંચ વાઇઝ કલેકશન રજીસ્ટર તથા પહોંચ બુકના હિસાબનું રજીસ્ટર તથા સને ૨૦૧૩-૧૪, ૨૦૧૪-૧૫, ૨૦૧૫-૧૬ નો ચાલુ રોજમેળ રજુ કરેલ નથી. ગુજરાત લોકલફંડ ઓડીટ અધિનિયમ-૧૯૬૩ ની કલમ-૪ અને ૫ મુજબ તપાસણીને પાત્ર સમગ્ર રેકર્ડ ઓડીટ સમક્ષ રજુ કરવાની ઓડીટ કરાવનાર સંસ્થાની વૈધાનિક જવાબદારી છે તેમ છતાં ઉકત વિગતનું રેકર્ડ રજુ થયેલ ન હોય જરૂરી ચકાસણી શકય બનેલ ન હતી.

(૬) અન્વેષણ દરમ્યાન મહાનગરપાલીકા દ્વારા સમયાંતરે શાળાની હિસાબ-નાણાકીય બાબતોનું સુપરવિઝન હાથ ધરાયા અંગેની વિગતો ધ્યાને આવેલ નથી. ઉપરોક્ત બાબતે જી.પી.એમ.સી. એક્ટની કલમ ૧૦૮(એ) અન્વયે ખાસ ઓડિટ હાથ ધરી તેનો અહેવાલ સંસ્થાને કરવામાં આવેલ છે.

વિધાનસભા અહેવાલનો સુચિત ફકરો તા.૩૧/૦૭/૨૦૧૭ના રોજ અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, કમિશ્નરશ્રી, મહાનગરપાલિકા રાજકોટને રવાના કરવામાં આવેલ હતો જેનો જવાબ તા.૨૦/૨/૨૦૧૮ના રોજ સુધી મળેલ નથી.

## ૪.૧૭ સેન્ટ્રલ લાઇટીંગ પોલ પર કિઓસ્ક દ્વારા જાહેરાત અંગેના કામની અનિયમિતતા.(ફકરાનં.૧૬૦)

એસ્ટેટ શાખા - સેન્ટ્રલ ઝોન

સેન્ટ્રલ લાઇટીંગ પોલ પર કિઓસ્ક દ્વારા જાહેરાતના હકો આપી આવક મેળવવાના હેતુસર મહાનગરપાલીકાની એસ્ટેટ શાખા દ્વારા સમગ્ર શહેરમાના કિઓસ્ક માટે ઝોન દીઠ ભાવ તા.૧૨/૧/૧૦, તા.૯/૭/૧૦ તથા તા.૨૭/૧/૧૧ ના રોજની જાહેરાતથી મંગાવવામાં આવેલ. પ્રથમ બે પ્રયત્નોમાં કોઇ પણ એજન્સી દ્વારા ટેન્ડર ભરવામાં આવેલ ન હતા. જયારે ત્રીજા પ્રયત્નમાં એલ-૧ સ્ટર્લીંગ એડસના ૧૪ રોડના ૪૧૭ થાંભલાઓ માટેના વાટાઘાટના અંતેના ભાવ રૂા.૧૩૭૭૭૦૫/- આવેલ. જે વ્યાજબી ન જણાતા કોન્ટ્રાકટ અપાયેલ ન હતો. બાદમાં વહીવટી કામગીરીનું ત્રણ ઝોનમાં વિભાજન થતા સેન્ટ્રલ ઝોન માટે તા.૮/૧૦/૧૨ ના રોજ જાહેરાત પ્રસિધ્ધિથી ભાવ મંગાવતા (કુલ ૧૪ રોડ - ૩૫૪ પોલ્સ) સ્ટર્લીંગ એડસ દ્વારા પાંચ રોડની ૧૫૯ પોલ્સ માટે રૂા.૫૬૪૦૨૦/- ની ઓફર રજુ થયેલ. વાટાઘાટ બાદ રૂા.૬૨૦૪૨૨/- માં કરાર કરવા તૈયાર થતા સ્ટે.ક.ઠ.નં.૫૪૫ તા.૧૦/૨/૧૨ તથા વહીવટી હુકમ નં.૪૮૯ તા.૨૩/૨/૧૨ થી મંજુરી અપાયેલ. ઉકત ફાઇલની ચકાસણી કરતા નીચે મુજબ ઓડીટ નોંધ આપવામાં આવે છે.

(૧) બે વર્ષના પ્રયત્નો બાદ ૧૫૯ પોલ્સ માટે સ્ટર્લીંગ એડસને સેન્ટ્રલ લાઇટીંગ પોલ પર કિઓસ્ક દ્વારા ત્રિવાર્ષિક જાહેરાતના હકો અપાયેલ. મહાનગરપાલીકા તથા રાજકોટ નાગરીક સહકારી બેંક લી. વચ્ચે હરિયાળી લોકભાગીદારી યોજના હેઠળ તા.૧૪/૧૧/૦૯ ના રોજ અન ઔપચારીક સમજુતી કરાર થયેલ. જે મુજબ જિલ્લા પંચાયત ચોકથી રેસકોર્ષ ફરતે કિશાનપરા ચોક થઇને જિલ્લા પંચાયત ચોક સુધીના રોડ ડિવાઇડરમાં કુંડી મુકી કુલ છોડ વાવેતરના MOU થયેલ તેમજ સેન્ટ્રલ વર્ગ અંદાજે ૨૦૦૦ રનીંગ મીટર લંબાઇમાં ૭૭ પોલ્સ પર હોર્ડીંગ જાહેરાતની પરવાનગી પણ પાંચ વર્ષ માટે અપાયેલ હતી. સ્ટર્લીંગ એડસને અપાયેલ ૧૫૯ પોલ્સમાં ઉકત ૭૭ પોલ્સનો પણ સમાવેશ થયેલ હોય એક જ સ્થળના પોલ્સ માટે અલગ-અલગ સંસ્થાઓને જાહેરાત હકો આપવાની અનિયમિતતા થયેલ હતી. જો મહાનગરપાલીકા દ્વારા રસ્તાઓ-પોલ્સનો સર્વે કરી ટેંડરીંગ પ્રક્રિયા કરવામાં આવેલ હોત તો મનપા વધુ આવક મેળવી શકી હોત તેમજ કોર્ટકેસમાં થયેલ સમય તથા આર્થિક વ્યયને પણ નિવારી શકી હોત.

(૨) બાકી રહેલ ૧૯૫ પોલ્સ માટે કયારે ટેંડરીંગ પ્રક્રિયા કરવામાં આવેલ તેની વિગતો ઓડીટ સમક્ષ રજુ થવી ઘટે. તેમજ ઇસ્ટઝોન-વેસ્ટઝોનના પોલ્સ પર જાહેરાત દ્વારા આવક મેળવવા શું કામગીરી કરવામાં આવેલ તેની વિગતો પણ ઓડીટ સમક્ષ રજુ થવી ઘટે.

(૩) મહાનગરપાલીકાને એલોટમેન્ટ લેટર નં.૧૦૧૧ તા.૬/3/૧૨ થી સ્ટર્લીંગ એડસને સાત દિવસમાં કરારનામું કરાવી જવા જણાવેલ. તેમજ ૫૦ ટકા લેખે સિકયોરીટી ડિપોઝીટની રકમ તેમજ છ માસિક લાઇસન્સની રકમના ચેક દિવસ-૧૫ માં જમા કરવા જણાવેલ. અમલ તા.૧/૪/૧૨ થી તા.૩૧/3/૧૫ સુધીની નિયત કરેલ. ફાઇલ પર કરારનામાની વિગતો સામેલ ન હોય એજન્સી સાથે કરાર કર્યા વગર કામગીરી સોંપવામા આવેલ છે.

(૪) મહાનગરપાલીકા દ્વારા પત્ર નં.૧૮૯ તા.૧૦/૭/૧૨ થી સ્ટર્લીંગ એડસને રેસકોર્ષ ફરતેના ૭૭ પોલ્સ પરથી તેમના જાહેરાત બોર્ડ હટાવી લેવા સુચના અપાયેલ. આથી સ્ટર્લીંગ એડસ દ્વારા દિવાની મુકદમા

નં.૨૮૨/૨૦૧૨ થી રાજકોટ કોર્ટમાં શરત ભંગ બાબતે દાવો માંડેલ. નામદાર કોર્ટમાં નાયબ કમિશ્નરશ્રી દ્વારા તા.૩૦/૮/૧૨ ના કરાયેલ અરજી મુજબ સ્ટર્લીંગ એડસ અન રજીસ્ટર્ડ ભાગીદારી પેઢી હોય કાયદાકીય અસ્તિત્વ ધરાવતી નથી. આથી તેમના દ્વારા દાવો થઇ શકે નહી. જે બાબત ધ્યાને રાખી કોર્ટ દ્વારા પણ તા.૧૦/૧/૧૪ ના રોજ દાવો રદ કરવામાં આવેલ. નામદાર કોર્ટના હુકમ મુજબ કોર્ટકેસનો ખર્ચ સ્ટર્લીંગ એડસ પાસેથી વસુલ લેવામાં આવેલ હોય તો તેના આધારો રજુ થવા ઘટે. તેમજ અન રજીસ્ટર્ડ પેઢી સાથેના કરાર દ્વારા મહાનગરપાલીકા કામગીરી કરાવી શકે નહી તો એજન્સીને કામગીરી સોંપવા બદલ પણ સ્પષ્ટતા થવી ઘટે.

(૫) રાજકોટ નાગરીક બેંક સાથે કરાર થયેલ હોય મહાનગરપાલીકાના પત્ર નં.૧૮૯ તા.૧૦/૭/૧૨ થી સ્ટર્લીંગ એડસને રેસકોર્ષ રીંગ રોડ પરના તેમના કિઓસ્ક બોર્ડ ઉતારી લેવા જણાવેલ. પરંતુ રેસકોર્ષ રીંગ રોડ પર સોડીયમ લાઇટીંગ પોલ દુર કરી આર્ટીસ્ટીક વીજ પોલ લગાડવાના હોય સ્ટર્લીંગ એડસને પત્ર નં.૭૫૩ તા.૩૦/૧/૧૪, પત્ર નં.૭૬ તા.૭/૫/૧૪ તથા પત્ર નં.૨૯૪ તા.૩/૭/૧૪ થી રેસકોર્ષ રીંગ રોડ ફરતેના તેમના કિઓસ્ક બોર્ડ ઉતારી લેવા જણાવેલ. આમ સમગ્ર ગાળા દરમ્યાન રેસકોર્ષ રીંગ રોડ ફરતે સ્ટર્લીંગ એડસના કિઓસ્ક લગાડાયેલ હોય નાગરીક બેંક સાથેના કરાર રદ કરવા બાબતે શું કામગીરી કરવામાં આવેલ તેની વિગતો અન્વેષણમાં રજુ કરવામાં આવેલ નથી.

(૬) તા.૧/૪/૧૪ થી તા.૩૧/૩/૧૫ સુધીના સમયગાળા માટે રૂા.૧૮૮૪૫૨/- વસુલ કરવામાં આવેલ હોય બાકી રહેતી રૂા.૪૩૧૯૭૦/- ની રકમ એજન્સી પાસેથી વસુલ કરી આધારીત ખાત્રી કરાવવી ઘટે. તા.૧/૧૦/૧૨ થી તા.૩૧/૩/૧૩ સુધીના સમયગાળાની રકમ રૂા.૩૧૦૨૧૧/- ની વસુલાત કરવી રહે.

વિધાનસભા અહેવાલનો સુચિત ફકરો તા.૩૧/૦૭/૨૦૧૭ના રોજ અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, કમિશ્નરશ્રી, મહાનગરપાલિકા રાજકોટને રવાના કરવામાં આવેલ હતો જેનો જવાબ તા.૨૦/૨/૨૦૧૮ના રોજ સુધી મળેલ નથી.

### ૪.૧૮ અન્વેષણ દરમ્યાન મહાનગરપાલિકાની જુદી-જુદી શાખાઓ પાસેથી માંગવામાં આવેલ માહિતી તેમજ રેકર્ડ પુરૂ નહી પાડવા બાબત.( ફકરા નં.– ૧૮૧)

મહાનગરપાલિકા રાજકોટના સને ૨૦૧૧-૧૨ ના અન્વેષણ દરમ્યાન ઓડીટ માટે મહાનગરપાલીકાની તમામ શાખાઓ પાસેથી જરૂરી માહિતી તથા રેકર્ડ મેળવવા માટે ક્રમાનુસાર પ્રાથમિક વાંધાઓ રવાના કરવામાં આવેલ હતા. તેમજ સબંધીત શાખાઓને અવાર-નવાર સ્મૃતિપત્ર પાઠવવામાં આવેલ હોવા છતાં નીચે દર્શાવેલ વિગતો અને રેકર્ડની ચકાસણી કરી શકેલ નથી.

**૧. હિસાબી શાખા:-** આવકની પહોંચ, ચલણ, પેશગી રજીસ્ટર, ટી.સી.રજીસ્ટર, બીલેથી કપાત કરેલ રકમોનુ સાહિત્ય અને પ્રમાણિત કેશબુક.

**૨. ટેક્ષ શાખા:-** રૂપિયા ૧૦ લાખથી વધુ બાકી રહેલ મિલકત વેરાની યાદી, હરાજી થયેલ મિલકતની ફાઈલ, રદ કરેલ પહોચોની સ્થળપ્રત અને સેંટ્રલ ઝોન વેરા વસુલાતના તા.૨૯.૪.૨૦૧૧, તા.૨૯.૨.૨૦૧૨, તા.૨૧.૩.૨૦૧૨ અને તા.૨૯.૩.૨૦૧૨ના ચલણો તેમજ વેકેન્સી એલાઉન્સનાં ચુકવણાની ફાઈલો.

**૩. ટી.પી.શાખા:-** અલગ-અલગ પ્રકારની વસુલાતના ડિપોઝિટ રજીસ્ટર, લાઈન ઓફ પબ્લીક સ્ટ્રીટનુ રજીસ્ટર, વાંધા અરજી,લેબર શેષ રજીસ્ટર, સીટી એરીયા એ.બી. ઈતર તથા ગામતળની માહિતી, જમીન ખરીદી તથા વેચાણની ફાઈલ, સરકારશ્રી માથી મંજુર થયેલ ટી.પી.સ્કીમની ફાઈલ, દબાણ રજીસ્ટર, મુક્ત કરેલ જમીન વિગેરે સંદર્ભ થયેલ કાર્યવાહીની ફાઈલ.

**૪. બાધકામ શાખા:-** સંસ્થાએ ખાનગી સોસાયટી બનાવવા માટે આપેલ સેવા બદલ સુપરવિઝન ચાર્જની ફાઈલ, શોપીંગ સેન્ટર,પ્લોટ, કોમ્યુનીટી હોલ જેવી સંસ્થાની મિલકતોનુ નામ, સરનામા તથા તેની કિમત દર્શાવતુ લીસ્ટ.

**૫. સોલીડ-વેસ્ટ મેનેજમેન્ટ શાખા:-** પ્રાથમિક વાંધામાં દર્શાવેલ ૨૧ ફાઈલો પૈકી રજુ ન કરેલ વર્ક ફાઈલો, માપપોથી તથા અન્ય આનુષંગીક રેકર્ડ.

**૬. એસ્ટેટ શાખા:-** પ્રાથમિક વાંધામાં દર્શાવેલ ૧૨ ફાઈલો.

**૭. સ્ટેશનરી/સ્ટોર શાખા:-** પ્રાથમિક વાંધાના ક્રમ નં. ૩,૪,૧૦,૧૧ સિવાયની ફાઈલો.

**૮. વેટરનરી શાખા:-** પકડેલ ઢોર, પાજરાપોળ/ઢોર ડબ્બામાં મોકલવાની તથા ખોરાક ખરીદીની ફાઈલ તથા અન્ય કોઈ કોન્ટ્રાક્ટ કરેલ હોય તેની વિગત.

**૯. ફૂડ શાખા:-** પહોંચો, ચલણો તથા કોઈ કરાર કરેલ હોય તે અંગેની ફાઈલ.

૧૦. સંસ્થા દ્વારા સંચાલીત પી એન્ડ ટી.વી.હાઈસ્કુલના વર્ષ ૨૦૧૩-૧૪ તથા ૨૦૧૪-૧૫નો પ્રમાણિત રોજમેળ.

સંસ્થા દ્વારા હિસાબી ને લગત ચેક રજીસ્ટર રજુ થયેલ નથી. તેમજ કેશબૂક તથા વર્ગીકુત રજીસ્ટર અપુર્ણ વિગતે નિભાવેલ છે. જે હિસાબ ના અગત્ય ના દસ્તાવેજ હોય સંસ્થા એ સંપૂર્ણ વિગતે નિભાવવા જરૂરી છે. સંસ્થા દ્વારા કેશબૂક અપૂર્ણ વિગતે નિભાવેલ હોવાથી સને-૨૦૧૧-૧૨ નાં વાઉચરની ડ્રોઇંગશીટ રજીસ્ટર સાથે મેળવણા ની કામગીરી કરવામાં આવેલ છે. ચેક રજીસ્ટર રજુ થયેલ નથી તેમજ કેશબૂક અધુરી વિગતે રજૂ થવાથી સંસ્થા દ્વારા જે ખરીદી કરવામાં આવેલ હોય કે ચુકવણા કરવામાં આવેલ હોય તેમની ખરાઇ થઇ શકેલ નથી.

ગુજરાત લોકલફંડ અધિનિયમ-૧૯૬૩ ની કલમ-૪ તથા ૫ હેઠળ અન્વેષણમાં માંગ્યા મુજબની માહિતી / રેકર્ડ રજુ કરવાની સંસ્થાની વૈધાનિક જવાબદારી છે.તેમ છતા અવાર નવાર રેકર્ડ રજુ કરવા સંબંધકર્તા ને જણાવવા છતાં ઉકત નિયમો ની અમલવારી સંસ્થા દ્વારા થયેલ નથી.

વિધાનસભા અહેવાલનો સુચિત ફકરો તા.૩૧/૦૭/૨૦૧૭ના રોજ અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, કમિશ્નરશ્રી, મહાનગરપાલિકા રાજકોટને રવાના કરવામાં આવેલ હતો જેનો જવાબ તા.૨૦/૨/૨૦૧૮ના રોજ સુધી મળેલ નથી.

### ૪.૧૯ અન્વેષણમાં વાઉચરો રજુ નહિ થવા અંગે. (ફકરા નં.-૧૮૨)

(જનરલ શાખા)

મહાનગરપાલીકા રાજકોટના સને ૨૦૧૧-૧૨ ના અન્વેષણ દરમ્યાન પસંદગીના માસ માહે જુન-૨૦૧૧ તથા માર્ચ-૨૦૧૨ વાઉચરો રજુ કરવા હિસાબી શાખાને પ્રાથમીક વાંધા નં.૧૩૧ તા.૧૪/૮/૧૫ જણાવેલ તથા પ્રાથમીક વાંધા નં.૧૯૭ તા.૩/૧૧/૧૫ થી માહે જુન-૧૧ તથા પ્રાથમીક

વાંધા નં.૨૧૭ તા.૬/૧/૧૬થી માહે માર્ચ-૧૨નાં  વાઉચરો જે-તે સબંધીત શાખાને જણાવેલ હતુ જેનું ડ્રોઇંગ શીટ સાથે મેળવણુ કરતા નીચે જણાવેલ વિગતેનાં વાઉચર અન્વેષણમાં રજુ થયેલ નથી.

| ક્રમ | માસ | વાઉચરોની સંખ્યા | કુલ રકમ |
|---|---|---|---|
| ૧ | જુન-૧૧ | ૧૭૬૧ | ૧૫૭૯૬૫૭૨૨ |
| ૨ | માર્ચ-૧૨ | ૧૭૧૨ | ૨૩૪૭૯૭૦૫૮ |
| | કુલ | ૩૪૭૩ | ૩૯૨૭૬૨૭૮૦ |

સંસ્થા દ્વારા રજુ થયેલ વાઉચરો તેના સીરીયલ નંબર પ્રમાણે ગોઠવાયેલ ન હોવાને કારણે ડ્રોઇંગ શીટ સાથે વાઉચરોનું ટ્રેસીંગ કરવામાં માનવ દિવસનો ઘણો વ્યય થયેલ છે. જેથી કરીને આગામી વર્ષથી વાઉચરો માસ પ્રમાણે તારીખ તથા ડ્રોઇંગ શીટના નંબર અને તેના સીરીયલ નંબર પ્રમાણે ક્રમાનુસાર ગોઠવવાની પ્રથાનો અમલ થયેલ નથી.

સંસ્થાનાં પસંદગીનાં બે માસ (જુન-૧૧ તથા માર્ચ-૧૨)નું ઓડિટ કરતા ઉક્ત વિગતે બે માસનાં વાઉચર રજુ નહિ થવાથી તેમા કોઇ ગેરરીતી કે અનિયમિતતા હોય તો ઓડિટમાં જાણી શકાયેલ નથી જેથી આ બાબતે અસલ વાઉચરો રજુ કરી થયેલ ખર્ચનાં વ્યાજબી પણાની જરૂરી ચકાસણી કરાવવી રહે.

ગુજરાત લોકલફંડ અધિનિયમ ૧૯૬૩ની કલમ ૪ તથા ૫ હેઠળ અન્વેષણમાં માંગ્યા મુજબની માહિતી – રેકર્ડ રજુ કરવાની સંસ્થાની વૈધાનિક જવાબદારી છે.

વિધાનસભા અહેવાલનો સુચિત ફકરો તા.૩૧/૦૭/૨૦૧૭ના રોજ અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, કમિશ્નરશ્રી, મહાનગરપાલિકા રાજકોટને રવાના કરવામાં આવેલ હતો જેનો જવાબ તા.૨૦/૨/૨૦૧૮ના રોજ સુધી મળેલ નથી.